# શ્રી જૈન તત્વ પ્રવેશક જ્ઞાનમાળા.

—: સંયોજક :—

સદ્ગુણાનુરાગી મુ. કર્પૂરવિજયજી—સિદ્ધક્ષેત્ર.

—: પ્રકાશક :—

કુંવરજી આણંદજી—ભાવનગર.

श्री गौतमस्वामिने नमः

# શ્રી જૈન તત્વ પ્રવેશક જ્ઞાનમાળા.

સામાયિક ને ચૈત્યવંદનના મૂળ સૂત્રો અર્થ સમજુતિ સાથે તથા કંઠે કરવા લાયક ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન, સઝાય, છંદાદિનો સંગ્રહ.

પ્રથમાવૃત્તિ તૈયાર કરનાર.

સદ્દગુણાનુરાગી મુ. કર્પૂરવિજયજી

એમનાજ સદુપદેશથી

શેઠ વર્ધમાન લલુભાઇ પદમશી
શ્રી વળાનિવાસીની આર્થિક સહાયથી

દ્વિતીયાવૃત્તિ પ્રસિદ્ધ કરનાર

શા. કુંવરજી આણંદજી.

ભાવનગર.

આ બુકનો અભ્યાસ કરવાને ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓ વિગેરે ખપી ભાઇ બ્હેનોને ભેટ આપવા માટે ખાસ.

વિક્રમ સં. ૧૯૮૭. વીર સંવત ૨૪૫૭.

ભાવનગર ધી "શારદા વિજય" પ્રેસમાં
શા. મટુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

કિંમત [redacted].0111

# अनुक्रमणिका.


૧ સામાયિકના સૂત્રો. અર્થ-સમજુતિ તથા
તેને લગતા પદ્યો વિગેરેના પાઠ ૧૦૮ પૃષ્ઠ ૧ થી ૧૦૦
૨ સામાયિક લેવાનો વિધિ-પારવાનો વિધિ.... ... ૧૦૦
૩ દેવદર્શન કરવાનો તથા ચૈત્યવંદન કરવાનો વિધિ... ૧૦૨
૪ ૨૪ તીર્થંકરના તથા તેમના માતા પિતાના નામ, દેહ-
માન, લંછન અને આયુષ્યનો યંત્ર... ... ... ૧૦૫
૫ ચૈત્યવંદન સાર. પ્રસ્તાવનારૂપે. ... ... ... ... ૧૦૬
૬ ચૈત્યવંદનના સૂત્રો અર્થ સમજુતિ સાથે ... ૧૦૭ થી ૧૨૬


## વિભાગ બીજો.

કંઠે કરવા લાયક ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિનો સંગ્રહ.


૧ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન. ... ... ... ... ૧૨૬
૨ પંડિત શ્રી પદ્મવિજયજીકૃત ચૈત્યવંદનોની ચોવીશી... ૧૨૭
૩ પરચુરણ ચૈત્યવંદનો ૬ ... ... ... ... ... ૧૩૩
૪ પંડિત શ્રી પદ્મવિજયજીકૃત સ્તુતિ (થોઇ) ચોવીશી... ૧૩૫
૫ પરચુરણ સ્તુતિઓ ૭ ... ... ... ... ... ૧૪૧
૬ પંડિત શ્રી પદ્મવિજયજીકૃત પાંચ પ્રભુના સ્તવનો... ૧૪૪
૭ પંડિત ઉદયરત્નજીકૃત સ્તવનોની ચોવીશી... ... ... ૧૪૭
૮ કંઠે કરવા લાયક ૪ સઝાયો ને ૭ ચિદાનંદજીકૃત પદો ૧૫૪
૯ સજ્જન-શ્રાવક કોણ કહેવાય? ( દુહા )... ... ... ૧૬૦


સહાયકના જીવનવૃત્તાંત પછી આપેલા ચાર લેખો
ખાસ વાંચવા લાયક છે.

શાંતમૂર્ત્તિ ગુણાનુરાગી પરમોપગારી



→ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી. ←

# પ્રાસંગિક બે બોલ.

## આ બુકની ઉત્પત્તિને લગતું કાંઈક.

સુમારે ત્રીસ વર્ષ પહેલાં સદ્ગત શેઠ અમરચંદ તલકચંદે તત્કાલીન જૈન વિદ્વાનો પાસે પુષ્કળ દ્રવ્ય, સમય અને શક્તિનો વ્યય કરી જૈન સીરીઝ તૈયાર કરાવી, તેને બહુજ સુંદર ઢબમાં પ્રસિદ્ધિમાં મૂકવા નિશ્ચય કરેલો છતાં કાળાદિક દોષથી અનેક પ્રકારના વિઘ્નો આવતાં તેનો અમલ થઇ શકયો નહીં, સમયાદિક અનુકૂળ સંયોગ મળવાથી તેનો કંઇક અંશે અમલ પ્રથમ સં. ૧૯૮૧ માં સ. મુનિ કર્પૂરવિજયજીના પ્રયાસથી તેમનાજ સદ્ગત સુપુત્ર હેમચંદભાઇની આર્થિક સહાયવડે કરવામાં આવેલો તેની આ બીજી આવૃત્તિ છે.

આ બુકમાં આવેલો પ્રથમ ભાગ સદ્ગત શેઠ અમરચંદે કરાવેલી તૈયારીમાંનો અમુક ભાગ છે કે જે મણિ-બહેન મારફત સ. મુ. કર્પૂરવિજયને મળેલો તે કેટલાક સુધારાવધારા સાથે પ્રથમાવૃત્તિમાં મૂકેલો હતો અને તે તૈયારીનો બીજો વિભાગ જૂદો જૂદો પ્રસિદ્ધ કરવા મહારાજશ્રીએ આપેલો કે જે જૈન શ્રેયસ્કર મંડળ વિગેરે જૂદે જૂદે સ્થળેથી પ્રસિદ્ધ થઈ ચૂકેલો છે. આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં પ્રારંભમાં એ સદ્ગૃહસ્થનો આભાર માનવાની અમારી ફરજ છે. **કું. આ.**

સાધકને મોક્ષની સાથે જોડે તેવા યોગ જૈન દર્શનમાં અસંખ્ય કહ્યા છે. તેમાં સમતા સામાયિક યોગ સર્વોત્કૃષ્ટ છે, તેથી અમે તે આત્મા વિશુદ્ધ થઈ, પરમાનંદ કે પૂર્ણતા (Perfection)

પામી શકે છે. પ્રભુ તેથી જ પૂર્ણતા પામ્યા હતા અને ભવ્યાત્માઓને પૂર્ણતા પામવાનો તેજ રાજમાર્ગ બતાવી ગયા છે. તેને અનુસરવું એ આપણું કામ છે. વિષય કષાય ને નિદ્રા વિકથાદિક પ્રમાદાચરણ તજવાથીજ તે બની શકે છે. અતઃ પ્રમાદાચરણ તજીને સમતા–સામાયિકનો અનુપમ લાભ લેવા સહુ ભાઈ–બ્હેનોએ જરૂર લક્ષ રાખવું જોઇએ. બીજા ધર્મઅભ્યાસકો પ્રભુ–પ્રાર્થના (Prayer) કરતાં જેવો રસ લે છે તેથી અધિક રસ વીતરાગપ્રભુને હાર્દિક પ્રાર્થના કરનાર લહી આત્મસંતોષ મેળવે એવા ઉંચા હેતુથી, કંઈક માર્ગદર્શક આ બુકનું નિર્માણ થયું છે. પ્રથમ માર્ગપ્રવેશકને સરલતાથી વસ્તુતત્ત્વની સમજ પડે એવા બોધદાયક ૧૦૮ પાઠો ક્રમસર આપી, સામાયિકનો અધિકાર પૂરો કર્યો છે. તેમાં બાર પાઠ સુધી જીવવિચાર, પછી વીશ પાઠ સુધીમાં જીવ ને પ્રાણનો સંબંધ, પાંચ ઇન્દ્રિયના વિષયો, જીવ ને કર્મ, પુણ્યકર્મ અને પાપકર્મ સંબંધી સમજુતિ સામાન્ય રીતે આપી, તેને લગતી કવિતા યોજી છે. એકવીશમા પાઠથી પચ્ચીશમા પાઠ સુધીમાં પરમેશ્વર–તીર્થંકર–અરિહંત પદની સમજુતિ આપી, તેની કવિતા અને પંચપરમેષ્ઠીની સાદી સમજ આપવામાં આવી છે. પાઠ છવીશમાંથી બત્રીશમા સુધી નવકાર મંત્ર અને તેમાં વર્ણવેલા પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાના હેતુ જણાવી, પાઠ ૩૩ માથી ગુરૂ અને તેના ગુણો તથા ગુરૂસ્થાપના સંબંધી સૂત્રપાઠનો અર્થ કહી, છેક ૫૯ મા પાઠ સુધી ૩૬ ગુણાલંકૃત ભાવાચાર્યના અદ્‌ભૂત ગુણોની સાદી સમજ ભાવવાહી કવિતા સાથે આપી છે. ત્યાર–બાદ પ્રતિક્રમણ, છ આવશ્યક, પ્રાકૃત ભાષા ને ક્રિયાવિધિ ૬૪ મા પાઠ સુધી આપી, પાંસઠમા પાઠથી એકસો

આઠમા પાઠ સુધી સામાયિકને લગતાં બધાં સૂત્રો સાથે તેનું રહસ્ય બહુ સાદી પ્રતિપાદક શૈલીથી સમજાવવામાં આવ્યું છે. અત્યારસુધી પ્રસિદ્ધ થયેલ સામાયિકાદિકનાં પુસ્તકો કરતાં આમાં બતાવેલી રચનાશૈલી બારીકીથી અવલોકન કરનારાઓને ઠીક માર્ગદર્શક લાગશે. તેથી જ સહૃદય તત્વરૂચિજનો ઉક્ત સઘળા પાઠો શાંતિથી વાંચી, એનું રહસ્ય જાતે સમજી લઇ, બીજા બાળ જીવોને ધીમેધીમે સમજાવી, ખરે માર્ગે દોરે એવી ઉમેદ રાખું છું. છેવટે સામાયિક લેવા–પારવાની વિધિ બતાવી, દેવ દર્શન ને ચૈત્યવંદનની વિધિ–મર્યાદા સાથે તેનો સંક્ષિપ્ત સાર પૃષ્ટ ૧૦૦ થી પ્રસ્તાવના રૂપે આપી, તેનાં ઉપયોગી સૂત્રો સમજુતિ સાથે પૃષ્ટ ૧૨૯ સુધીમાં આપ્યા છે. પછી કંઠાગ્ર કરવા યોગ્ય ચોવીશે પ્રભુનાં ચૈત્યવંદનો, સ્તુતિઓ ને સ્તવનોનો સંગ્રહ કરી, ખાસ ઉપયોગી સજઝાય–પદો ઉમેરી, પુસ્તક પૂરૂં કર્યું છે. આ પુસ્તક ખાસ અભ્યાસકોને તથા બીજા ખપી જીવોને પણ ઉપયોગી થશે. આમાંનું રહસ્ય વાંચી–વિચારી સુજ્ઞ ભાઇબ્હેનો ચાલુ રૂઢીમાં સુધારો કરી સામાયિક ને ચૈત્યવંદનાદિક ભાવ–ક્રિયાનો જાતે આદર કરી, બીજા અજાણ ભાઇબ્હેનોને પ્રેમ–વાત્સલ્યથી ખરા માર્ગે દોરશે તો મારો પ્રયાસ લેખે થયો માનીશ.

ઇતિશમ્. સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી (સિદ્ધક્ષેત્ર).

(આ બુકના સહાયક)

# સદ્‌ગત શેઠ લલ્લુભાઇ પદમશીનું સંક્ષિપ્ત જીવન વૃતાંત

અનેક જીવોના જન્મ અને મરણ તો થયાજ કરે છે પણ કેટલાક જીવો એવા ઉત્તમ સત્કર્મોની સુવાસ મૂકી જાય છે કે-જેમનું જીવનવૃતાંત બીજાઓને ધડો લેવા લાયક બને છે. એવુંજ વૃતાંત વળા (વલ્લભીપુર) નિવાસી મહુંમ શેઠ લલ્લુભાઈ પદમશીનું છે કે જેમણે સામાન્ય સ્થિતિમાંથી આપકમાઇ, જાતમહેનત, નીતિ અને પ્રમાણિકપણાથી લક્ષ્મી મેળવી જાણી, સારે માર્ગે ખર્ચી જાણી અને વંશવારસોને ઉપયોગી થઇ પડે તેટલી મૂકી. એ લલ્લુભાઈ કોણ થયા? કયાં થયા? કયારે થયા? તેમણે જીંદગીમાં શું શું ઉત્તમ કાર્યો કર્યા? તેનું સંક્ષિપ્ત જીવન આ નીચે આપવામાં આવ્યું છેઃ—

સંવત ૧૯૧૫ માં શ્રી વળામાં વીશાઓસવાળ જ્ઞાતિના શાહ પદમશી નાગજીના ઘેર પૂજ્ય માતુશ્રી બેનીબાઈથી એક પુત્રરત્નનો જન્મ થયો. શુભયોગ અને સુનક્ષત્રમાં જન્મ હોવાથી ભવિષ્યમાં આ બાળક જાહેરજનતાને આદર્શરૂપ બનશે એમ વડીલોના વાકયો ઉચ્ચરાયા. લાલનપાલનાદિવડે ઉછરાતા બાળકના માબાપની સ્થિતિ સાધારણ હતી. તોપણ તે કાળમાં સોંઘારત અને કસદાર વેપાર હોવાથી ગરીબાઈ જણાતી નહોતી. એ બાળકનું નામ લલ્લુભાઈ રાખવામાં આવ્યું હતું. સાતેક વર્ષની ઉમરે ગુજરાતી નિશાળમાં ભણવાની શરૂઆત કર્યા પછી તે સમયમાં લખતાં વાંચતાં આવડે તે ઘણું સારૂં ભણતર ગણાતું હોઇને ગુજરાતી પાંચેક ચોપડીનો અભ્યાસ થતાં, શીહોરના ગૃહસ્થ

ગણાતા શેઠ માવજી લવજીએ લલ્લુભાઈની ઉમરના પ્રમાણમાં ચાલાકી તથા ભણતર ગણતરનું સારૂં જ્ઞાન જાણી પોતાની મોતી નામની પુત્રીનું વેશવાળ કર્યું અને તે વખતમાં ઘણા સારા ગણાય તેવી રીતે ધામધૂમથી લગ્ન કર્યાં. લલ્લુભાઈની વીશ વર્ષની ઉમ્મરમાં વળા જેવા ગામમાં સામાન્ય સ્થિતિથી જીંદગી ગુજારવા કરતાં કોઈ વેપારવાળા સ્થળમાં જઇને નસીબ અજમાવવાની ઇચ્છા થઈ. આ વખતે મુંબઈ વહાણરસ્તે જવાતું અને મુંબઈ જવું એ જોખમી અને મુશ્કેલ ગણાતું. મુંબઈ જનારને શ્રીફળ ચાંડલા અપાતા અને શુભ કામે જતા તોપણ વિરહયોગે આંખો ભીની થતી.

મુંબઈમાં શરૂઆતની ટુંકા પગારની નોકરી કર્યા પછી કરીયાણા બજારમાં દલાલી કરવાની શરૂઆત કરી. એ ધંધામાં નીતિ અને પ્રમાણિકપણું ભાગ્યેજ રહી શકે, છતાં પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરૂમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના સહવાસથી ધર્મના સારા સંસ્કાર પડેલા હોવાથી હમેશાં દેવપૂજા–ગુરૂદર્શન કરીને નીતિ અને પ્રમાણિકપણે કામ કરવા લાગ્યા, જેથી લલ્લુભાઇના ઉંચ વર્તનમાટે વેપારીઓમાં સારી શાખ બંધાઈ. તેથી તેમને સારૂં કામ મળવા લાગ્યું અને કમાણીની શરૂઆત થઇ. સતત ૧૦ વર્ષ મુંબઇ રહ્યા પછી દ્રવ્યપ્રાપ્તિ ઠીક થવાથી દેશમાં થોડો વખત રહેલા. તેમની ધર્મપત્નીને શ્રીમંત અવસર આવતાં સંસારવૃક્ષના ફળ તરીકે પુત્રીનો જન્મ થયો પણ ધર્મ, નીતિ અને પ્રમાણિકપણાના પુન્યબળે અને લૌકિક કહેવત પ્રમાણે પ્રથમ પુત્રીનો જન્મ તે લક્ષ્મીનો પ્રવેશ ગણાય છે તેમ ધંધો સારો ચાલવાથી કમાણી વધતી ગઇ. ત્યારબાદ તેમના ધર્મ-પત્નીને સંતતી થયેલ નહીં અને તે પરલોકવાસી થતાં બીજીવારનું

લગ્ન શીહોરમાંજ શા. ધનજી અંદરજીની પુત્રી નેમીકુંવર સાથે સંવત ૧૯૬૦ માં કર્યું. ધર્મના પ્રભાવે પુન્યબળથી લક્ષ્મીની વૃદ્ધિ થતી ગઈ. શીહોરના દલીચંદભાઇ જેઓ માસ્તરને નામે ઓળખાતા તેઓ પણ મુંબઈમાં મેવા વિગેરેની દલાલી કરતા હતા, એકજ જ્ઞાતિના અને એકજ દેશના બન્ને વતની વચ્ચે ધંધાની હરીફાઈ થવા પામ્યા પહેલાજ, બન્ને સમજુ અને ડાહ્યા હોવાથી એમાં ત્રીજો ફાવી ન જાય તે માટે સહીઆરો ધંધો શરૂ રાખ્યો અને બન્ને જણા યુક્તિપ્રયુક્તિથી સાફ દિલે ગ્રાહકો અને વેપારીઓને સંતોષીને લાભ લેવા લાગ્યા. જુની પત્નીની પુત્રીને પરણાવ્યા પછી થોડાજ વર્ષમાં તે વિધવા થવાનું દુઃખ તેમને જોવા શિવાય જીંદગીનો ઘણો કાળ કમાવામાં, ખર્ચવામાં અને ધર્મકાર્યમાં ગયો હતો.

નવી ધર્મપત્ની નેમીકુંવરને તેમના પુન્યસંજોગે શ્રીમંત આવતાં પુત્રરત્ન સાંપડ્યો. જેનું નામ વર્ધમાન રાખેલ છે. ત્યાર– પછી એક પુત્રી સૌભાગ્ય તથા ધરમચંદ નામે બીજો પુત્ર થયેલ છે. પોતાના વંશની વૃદ્ધિ કરનાર પુત્રરત્નની પ્રાપ્તિ થતાં સ્પષ્ટ માન્યતા થઇ કે ધર્મના પ્રભાવથીજ દરેક શુભ પ્રસંગો પ્રાપ્ત થાય છે.

દલાલીના ધંધા ઉપરાંત બીજા ભાગીદારોથી એક સ્વતંત્ર દુકાન કરી જથ્થાબંધ કરીયાણાનો ક્રય વિક્રય કરવા લાગ્યા. તેમાં પણ સારો નફો મેળવી શકયા.

મુંબઈમાં ધંધાના કાર્ય ઉપરાંત દેરાસર, જીવદયા, પાંજરાપોળ વિગેરે કાર્યમાં મદદ કરતા અને કરાવતા.

હવે ઉમ્મરમાં વર્ષો પણ વધતાં જતાં–પોતાના સ્વહસ્તે

મેળવેલી શુભ લક્ષ્મીનો લ્હાવો પણ લેવાય તો સારૂ-કારણકે જુવાનીમાં રંડ્યા, લીલીવાડી થઈ અને મકાન થયાં. પૂજ્ય શ્રી ગુલાબવિજયજી ( મહાપુરૂષ મુળચંદજી મહારાજના શિષ્ય ) જેઓ તેમના ઉપગારી ગુરૂવર્ય હતા, તેમને પોતાની શુભેચ્છા વળાથી સિદ્ધાચળજીનો સંઘ કાઢવાની જણાવી અને ગુરૂમહારાજની તથા સંઘની આજ્ઞા મળતાં સં.૧૯૬૪ માં છ રી પાળતો સંઘ વળાથી સિદ્ધાચળજીનો કાઢ્યો. રસ્તામાં ધર્મકરણી તથા જમણવારો થતાં હતાં. સિદ્ધાચળજીમાં સંઘવી તરીકે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સામૈયુ થયેલું. સિદ્ધાચળજીની જાત્રાઓ કર્યા બાદ સૌની ઇચ્છા તળાજા જઇ તાલધ્વજગિરિના દર્શન કરવાની થતાં પોતાને ખર્ચે સૌને લઇ ગયા. ત્યાં જાત્રા કરી પાલીતાણે આવી સૌ વિદાય થયા.

પાલીતાણામાં જૈન બાળાશ્રમ આદિ ધર્મીક સંસ્થાઓમાં તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં યોગ્ય રકમો ભરેલી હતી.

ત્યારબાદ સં. ૧૯૭૭ માં રેલ્વે રસ્તે વળાથી ધોળા આવી શ્રી ગીરનારજીનો સંઘ કાઢ્યો. તથા ત્યાંથી વેરાવળ-પ્રભાસપાટણની જાત્રાઓ કરી કરાવી હતી.

શ્રી ગીરનારજીની જાત્રા કરાવી ભંડારવિગેરેમાં યોગ્ય રકમ ભરી પોતાના આત્મામાટે પુન્યભંડાર ભર્યો.

તળાજા બાબુની જૈન ધર્મશાળામાં ત્રણ ઓરડા બંધાવ્યા.

શ્રીરંઘોળાના ઉપાશ્રયના ફન્ડમાં અને વળા ગુરૂમંદિરમાં ગુરૂ પધરાવવામાં યોગ્ય રકમ આપી. વળામાં સિદ્ધાચળજીનો પટ શ્રી સંઘને દર્શન માટે કરાવ્યો.

આ ઉપરાંત જ્ઞાતિહિતમાં, સંઘના કાર્યમાં. સંસ્થાઓમાં, કન્યાશાળા, પાઠશાળા, ગૌરક્ષા, પાંજરાપોળ વિગેરેમાં જાત–મહેનતને। તન, મન, ધનથી ભોગ આપ્યો હતો.

આ પ્રમાણે કર્યા છતાં નથી કોઇ વખત આત્મશ્લાઘા કરી કે પોતાના વખાણ કરાવ્યા, પણ પોતાની ધર્મીજનો પ્રત્યેની ફરજ તેજ જીંદગીમાં કરવાનું કર્તવ્ય માનેલું હતું.

જીંદગીના છેલ્લા વરસો દરમ્યાન દીકરા દીકરીને પરણાવવાના કોડ પૂરા કર્યા હતા.

શીહોર, વળા વિગેરેના દેરાસરજીમાં પ્રભુજીની આંગીયો કાયમ થવા માટે સારી રકમો અર્પણ કરેલી છે.

ભાઈ વર્ધમાન હવે પુખ્ત ઉમ્મરના થયા છે. તેઓ પોતાના પિતાની જેમ યુવાન વયમાં સારી રીતે કમાવાનું તથા ધર્મનું કામ કરી તેમના પગલે ચાલશે અને પોતાની કીર્તિ પ્રસરાવશે એમ ઇચ્છીએ છીએ. ક. ઠા.

## મોક્ષની વાનગીરૂપ સમતા–સામાયિકની પ્રાપ્તિનો ઉપાય.

શ્રુત સામાયિક, સમકિત સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક–એમ ચાર પ્રકારે સામાયિક હોઇ શકે છે. શાસ્ત્રઅભ્યાસવડે પહેલું; શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય લક્ષણ સમ્યકત્વવડે બીજું; સ્થૂલ હિંસા, જૂઠ, ચોરી પ્રમુખ તજવાવડે ત્રીજું અને સર્વથા હિંસાદિક પાપવૃત્તિનો ત્યાગ કરવાવડે સાધ્યદષ્ટિવંત જીવને ચોથું સમતા–સામાયિક પ્રાપ્ત થાય છે. બાહ્યદષ્ટિવાળા જીવ તેવો અપૂર્વ લાભ મેળવી

શકતા નથી. સર્વવિરતિવંત સાધુજનોને જીંદગી પર્યંત સામાયિક હોય છે અને દેશવિરતિવંત શ્રાવકને તે કમમાં કમ બે ઘડીનું હોય છે. આત્મલક્ષથી તેમાં જેટલો વધારે સમય લેવાય તેટલો તેથી અધિક લાભ થાય છે. જ્યાંસુધી શ્રાવક સામાયિક(સમતાભાવ)-માં વર્તે છે ત્યાંસુધી પાપારંભ રહિત હોવાથી સાધુસમો લેખાય છે. તેથીજ ભવ્ય આત્માઓ અવકાશ પામી, સામાયિકનો અધિક ખપ કરે છે. જેમ બને તેમ સમજપૂર્વક ભવ્યાત્માઓએ તેનો અધિકાધિક ખપ કરવો ઘટે છે, કેમકે તેમાં જે સમય જાય છે તે અપૂર્વ લાભકારી થવા પામે છે. જેમ જેમ તેનો અભ્યાસ આત્મલક્ષપૂર્વક અધિકાધિક કરવામાં આવે છે, તેમ તેમ આત્મ-શાન્તિમાં વધારોજ થતો જાય છે. એ વાત સ્વાનુભવ સિદ્ધ છે. કઇક મુગ્ધજનો પોતાનો સમય ફોગટ ગપ્પાસપ્પામાં ગાળે છે, તો કઈક ક્ષણિક મોજમજા માણવામાં ગાળે છે, કઇક કલેશ કંકાસ કરવામાં, તો કઈક કપટજાળ ગુંથવામાં—એમ સ્વેચ્છાચારમાંજ બાપડા જીવો માનવભવ ફોગટ હારી જાય છે. કોઇક વિરલા આત્માર્થી જનોજ પુણીયા શ્રાવકની પેરે અથવા આણંદ કામદેવાદિકની પેરે પોતાનો અમૂલ્ય માનવભવ ધર્મ આરાધન કરવાવડે લેખે કરે છે. સુલસા, ચંદનબાળા, સીતા, દ્રૌપદી પ્રમુખ સતીઓ પોતાનાં પવિત્ર આચરણથીજ પ્રસિદ્ધ થઇ છે. ગરીબ-ભિક્ષુ સરખો પણ સામાયિક–ચારિત્રના પ્રભાવથી ઇન્દ્ર અને નરેન્દ્રાદિક વડે પૂજિત બને છે. સામાયિકના આઠ પર્યાય નામો સમજવા યોગ્ય છે.

૧ સામાઇયં=સામાયિકં=સમતાભાવની પ્રાપ્તિ.

૨ સમઇયં=સમયિકં=સમ્યગ્ શાન્તિપૂર્વક સર્વ જીવપ્રત્યે વર્તન.

૩ સમ્મવાઓ=સમ્યગ્વાદ=રાગ દ્વેષ રહિતપણે યથાસ્થિત કથન.

૪ સમાસ=સ્તોક ( થોડા ) અક્ષરોવડે કર્મનાશક તત્ત્વાવબોધ.
૫ સંખેવો=સંક્ષેપ=અક્ષરો થોડા પણ અર્થ ગંભીર.
૬ અણવજ્જં=અનવદ્યં=નિષ્પાપ આચરણ.
૭ પરિણ્ણા=પરિજ્ઞા=પાપત્યાગવડે વસ્તુતત્ત્વનું જ્ઞાન.
૮ પચ્ચખ્ખાણું=પ્રત્યાખ્યાનં=તજવા યોગ્ય વસ્તુનો ત્યાગ.

એ આઠ પર્યાય નામોનું રહસ્ય મનન કરવા યોગ્ય છે. ચઉમાસી વ્યાખ્યાનમાં દૃષ્ટાન્તપૂર્વક તે દર્શાવેલું છે. સહજ-સ્વાભાવિક આત્મિક સુખ પ્રગટ કરવાના અભિલાષી જનોએ પ્રતિદિન અવકાશ મેળવી ઉક્ત સામાયિકનો જેમ અધિક લાભ મેળવાય તેમ પ્રયત્ન કરવો ઘટે છે. સામાયિક એટલે સમભાવની પ્રાપ્તિ, તેની વૃદ્ધિ જે રીતે-જે માર્ગે અધિક થવા પામે તે રીતે-તે માર્ગે અધિક કાળજીથી પ્રવર્તન કરવું ઉચિત છે. દેશવિરતિ શ્રાવકને સામાયિક ઉચ્ચરવાનો કાળ બે ઘડીથી ઓછો નજ હોય, પણ કદાચ પાંચ દશ મિનિટનો અવકાશ છુટો છવાયો મળે તો તેનો પણ સદુપયોગ કરી, સમભાવ-સમતા ગુણની પ્રાપ્તિ અને વૃદ્ધિ કરવાનું ભૂલવું જોઇએ નહીં. સામાયિકમાં જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે તેનું રહસ્ય સારી રીતે લક્ષમાં રાખી તેને સફળ કરવા કાળજી રાખવી જોઇએ. મન, વચન અને કાયાવડે કંઈ પણ પાપાચરણ કરવું કે કરાવવું નહીં, તથા ભાવના ઉદાર રાખવી. મૈત્રી, કરૂણા, મૃદુતા અને માધ્યસ્થનો કાયમ અભ્યાસ રાખવો. શરીરાદિક સંયોગની અસારતા ને ક્ષણિકતા વિચારી, ભાગ્યયોગે પ્રાપ્ત થયેલ માનવભવાદિક દુર્લભ સામગ્રીની સફળતા શીઘ્ર કરી લેવી ઉચિત છે. ઇતિશમ્

—:*:— ( સ. કૂ. વિ. )

## બાળ કેળવણીપરત્વે આપણી ફરજ.

### ‘ દયાળુ માતાપિતાદિક વડીલો ધારે તો તે બાળકોના એક ઉમદા શિક્ષકની ગરજ સારી શકે. ’

કેળવણી એ એક અજબ ચીજ છે. તેનાથી અનેક ફાયદા થઈ શકે છે. ઘઉંની કણકને જુદી જુદી રીતે કેળવવાથી તેમાંથી તરેહ-તરેહની રસવતી (રસોઈ) બને છે અને તે ભારે મીઠાશ આપે છે. ફળપુલના ઝાડને પણ સારીરીતે કેળવીને ઉગાડવાથી તે જાતજાતના જથાબંધ મીઠા, મધુર, સ્વાદિષ્ટ અને ખુશબોદાર ફળપુલ આપી આનંદ-સંતોષ ઉપજાવે છે. જ્યારે જડ વસ્તુઓ પણ તથાપ્રકારની કેળવણીવાળા સંસ્કાર પામી આનંદદાયક બને છે તો પછી ચૈતન્યવાળો મનુષ્ય આત્મા યોગ્ય કેળવણી પામીને સંસ્કારિત બને તો તે સ્વપરને કેટલો બધો આનંદદાયક થાય ? શરીરનો, મનનો, બુદ્ધિનો અને હૃદયનો વિકાસ કરવા માટે કેળવણીની ઓછી જરૂર નથી, બલકે ઘણી જરૂર છે. ઉક્ત દરેક પ્રકારની કેળવણી જરૂરની છે, ઉપેક્ષા કરવા યોગ્ય નથી. વળી તે ગુણમાં એકએકથી ચડીયાતી પણ છે, છતાં અફસોસની વાત છે કે બહુધા તેની ઉપેક્ષાજ કરવામાં આવે છે. જુઓ ! આપણા દેશમાં જન્મેલા બાળકો બધા ઉછરીને મોટા થતા નથી; ઉછરેલા બધા તંદુરસ્ત રહેતા નથી; જન્મેલા બાળકોમાંથી એક વર્ષની અંદરનો ⅓ અને પાંચ વર્ષની અંદરનો ⅓ ભાગ તો મરી જાય છે. બાકીના ⅓ ભાગમાંથી પણ થોડાઘણાજ લાંબો વખત બચી શારીરિક સુખસંપત્તિ પામી શકતા હશે. આ સ્થિતિ ખરેખર ખેદજનક છે. ગર્ભને પોષવા અને બાળકોને ઉછેરવા

તરફ માબાપોની અત્યંત બેદરકારીનું આ અનિષ્ટ પરિણામ જણાય છે. બચ્ચાઓને કુશળતાથી ઉછેરવામાં આવે તો તે શરીરે પુષ્ટ, કદાવર અને નીરોગી થવા પામે છે, તેને બદલે બેદરકારીથી, તેમને ભય, ત્રાસ અને ખેદ ઉપજાવ્યા કરવાથી તે દુબળાં, સત્ત્વહીન અને રોગીલાં તથા દુઃખીયારા બને છે. કોમળ વયના બચ્ચાંઓને બચપણથીજ યોગ્યરીતે કેળવવાની માબાપની જે પવિત્ર ફરજ છે તે અત્યારે બહુધા વિસારી દેવાય છે, એનુંજ આ અતિ દુઃખકારક માઠું પરિણામ લેખવા યોગ્ય છે.

પ્રથમ તો બાળક આઠેક વર્ષનું થાય ત્યાંસુધી નિર્દોષ રમતગમતમાં દિવસ નિર્ગમી તેને વિદ્યા તરફ રૂચિ કરાવવાની જરૂર છે. ગમત સાથે જ્ઞાન મળે અને તે નઠારી સોબતથી બચે તેવી કાળજી પ્રથમથીજ રાખવી જોઇએ. ધીમેધીમે તેનામાં સારા સદ્ગુણો ખીલી નીકળે એવા બીજા સંસ્કારો તેના ઉપર પડવા દેવા જોઈએ. તે તરફ જેટલી કાળજી વધારે રહે તેટલું હિત અધિક થઈ શકે ! પરંતુ અદ્યાપિ માબાપનું તેમજ શિક્ષકોનું આ આવશ્યક વાત તરફ દુર્લક્ષ્ય જેવુંજ જણાય છે. જે શુભ સંસ્કાર બચપણથીજ બાળકો ઉપર પડે છે તે બહુ સ્થાયી–ન ભુંસાઇ શકે તેવા ટકાઉ બને છે. શિક્ષકો ધારે તો બાળ વિદ્યાર્થીઓને સુસંસ્કારિત બનાવવા ઘણું કરી શકે અને એમ કરવાની એમની ફરજ પણ છે. તે તેમણે નિઃસ્વાર્થપણે બજાવવા લક્ષ્ય રાખવું જોઇએ. જડ બાળકોને પણ હીરા જેવા કરવાનું સદ્ભાગ્ય સુશિક્ષિત માબાપો ઉપરાંત દીલસોજ શિક્ષકોનું છે. તેથીજ તેમનો તે દરજ્જો ઉંચો દેખાય છે. જો માબાપ તથા શિક્ષકો ન્યાયી તથા સદાચરણી હોય તો તેમના રૂડા આચરણની

સચોટ અસર બાળકો ઉપર ઘણી સારી થવા પામે છે. જો બાળકોનું જીવન સુધારવું હોય તો તેમની જેમને શુભ ચિંતા રાખવાની હોય તેવાં માબાપ તથા શિક્ષકોએ પણ પોતાનું વર્તન જરૂર સુધારવું જોઈએ. આપણાં બાળકોમાંના ઘણા એક તો કુસંગથીજ બગડે છે અને તે વળી બીજા બાળકોને બગાડે છે. બચપણમાં જે બુરી આદતો પડે છે, તે કુસંગતિનુંજ પરિણામ હોય છે. તે દોષથી પોતાના વહાલાં બાળકો બચી શકે તેવું ઉચિત લક્ષ માબાપોએ તેમજ શિક્ષકોએ અવશ્ય રાખવું જોઇએ. ઉંચા પ્રકારના નૈતિક શિક્ષણવડે તથા ધાર્મિક શિક્ષણવડેજ બીજી શારીરિકાદિક કેળવણીની સાર્થકતા છે, તે ભૂલવું જોઈતું નથી. એવા શુભ લક્ષપૂર્વક બાળવયથા બાળકોને યોગ્ય કેળવણી અપાવી જોઇએ.

આવી ઉત્તમ કેળવણી ક્રમસર પામેલા માનવરત્નોની કિંમત કોણ કરી શકે વારૂ ? સૌ માતાપિતા અને શિક્ષકાદિકને પોતપોતાની જવાબદારી સમજીને સદાચારપરાયણ થઈ રહેવા સદાય સદ્બુદ્ધિ સ્ફુરો. ઇતિશમ્.

સ. કર્પૂરવિજયજી.

## વીતરાગ પરમાત્માની ગૃહસ્થ-શ્રાવકોવડે કરાતી પૂજા તેના જુદા જુદા પ્રકાર, પ્રયોજન તથા ફળ સમજી સુજ્ઞ ભાઇબ્હેનોએ તેમાં કરવો જોઇતો આદર.

અષ્ટ પ્રકારી, સતર પ્રકારી અને એકવીશ પ્રકારી પૂજાનો સમાવેશ અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજામાં થઇ શકે છે. પહેલી વિઘ્નોપશમ કરનારી, બીજી અભ્યુદય કરનારી અને ત્રીજી મોક્ષ આપનારી થાય છે. વિધિયુક્ત કરેલી પૂજા યથાસ્થિત ફળ-દાયક બને છે. અંગશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મન શુદ્ધિ, ભૂમિ શુદ્ધિ, પૂજોપકરણ શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ અને વિધિ શુદ્ધિ-એ સાત પ્રકારની શુદ્ધિ પ્રભુપૂજા વંદનાદિ પ્રસંગે સાચવવા યોગ્ય છે. વળી પૂજા કરનારનાં આશય-અભિપ્રાયને અનુસરી પ્રભુપૂજા વિચારામૃતસંગ્રહમાં સાત્વિકી, રાજસી અને તામસી એ રીતે પણ ત્રણ પ્રકારની કહી છે, તે એવી રીતે કેઃ—

૧ અરિહંત પરમાત્માના ઉત્તમ ગુણોના જ્ઞાનપૂર્વક ગમે તેવા કષ્ટ સમયે પણ મનનો રંગ બદલ્યા વગર પ્રભુભક્તિ-નિમિત્તે મહા ઉત્સાહથી નિઃસ્પૃહભાવે સર્વસ્વ અર્પણ કરતો ભવ્યાત્મા યથાશક્તિ જે પૂજા કરે તે સાત્વિકી પૂજા સમજવી.

૨ જે આ લોકના સુખ પ્રાપ્ત કરવાનો નિશ્ચય રાખી લોક રંજન અર્થે કરવામાં આવે તે રાજસી ભક્તિ સમજવી.

૩ પોતાના કલ્પેલા શત્રુઓના નિગ્રહ અર્થે મત્સર ભાવથી દ્રઢ નિશ્ચય કરી તેમના માર્ગમાં અવરોધ ઉભો કરવા માટે જે કરાય તે તામસી ભક્તિ જાણવી.

રાજસી અને તામસી ભક્તિ સર્વ કોઇને સુખે (સ્હેજે) પ્રાપ્ત થઇ શકે છે, પણ મોક્ષ પર્યંત સુખને આપનારી સાત્વિકી

ભક્તિ પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. સાત્વિકી ભક્તિ ઉત્તમ છે, રાજસી મધ્યમ છે અને તામસી જઘન્ય છે. પાછલી બન્નેને તત્વજ્ઞોએ આદરેલી નથી, પણ પહેલીનોજ સ્વીકાર કરેલો છે.

૧ અંગ પૂજા-જળ. ચંદન, પુષ્પ (પત્ર-ફળ) અને આભૂષણવડે કરાય છે.

૨ અગ્ર પૂજા–અક્ષત, ફળ, નૈવેદ્યાદિક તથા તાલમૃદંગાદિક-વડે કરાય છે. ધુપ, દીપનો પણ આમાંજ સમાવેશ છે.

૩ ભાવ પૂજા–વૈરાગ્ય ઉપજાવી આત્મગુણ જગાવે એવી રીતે વીતરાગ પ્રભુની પાસે તન, મન, વચનની એકાગ્રતાથી સમજ અને ઉપયોગ સાથે ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવનાદિકવડે કરાય છે.

૧ જળપૂજાવડે પ્રભુનો અભિષેક કરતાં સ્વચેતનને કર્મમલ રહિત વિશુદ્ધ કરવાનું ભાવવું. ચંદનાદિક શીતળ વસ્તુવડે પ્રભુના સર્વાંગે વિલેપન કરતાં તાપ રહિત શાંત થવાનું ભાવવું, સુગંધી પુષ્પમાલ્યાદિ પ્રભુ ઉપર આરોપી ચિત્તની પ્રસન્નતા, પ્રફુલ્લતા રૂડીપેરે ભાવવી. ઉત્તમ પત્ર ફળ પ્રભુના કરકમળમાં સ્થાપી ઉત્તમ આભૂષણો આરોપી ચિત્તની એકાગ્રતા ભાવવી.

૨ અખંડ અને ઉજ્જવળ તંદુલવડે ત્રણ ઢગલી પ્રભુ પાસે કરી નિર્મળ રત્નત્રયીની ભાવના કરવી તેમજ સ્વસ્તિકાદિક આળેખવાવડે આત્માનું મંગળ ચહાવું.

ઉત્તમ સરસ શ્રીફળ, કેરી, દાડમાદિ ફળો ધરવાવડે અનુપમ એવું પ્રધાન મોક્ષફળ ચહાવું. સરસ પકવાનાદિ ઉત્તમ નૈવેદ્ય પ્રભુ પાસે ધરીને આત્માનું અણાહારીપદ ચહાવું.

૩ તાલમૃદંગાદિક વાજીત્રના સાજથી સંગીતનૃત્યાદિ પ્રભુપાસે કરી, નિજભાન ભૂલી, પ્રભુરૂપ થવું.

'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ' એવા ઉચ્ચ આશયથી સ્વપરને સુખે સમજાય અને વૈરાગ્ય ભાવ ઉપજાવે એવાં ઉત્તમ પદ ને અર્થ યુકત ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવનાદિ કેવળ પ્રભુ કે પ્રભુનાં સ્વરૂપ સામે દ્રષ્ટિ સ્થાપી રાખી, બીજાના ધ્યાનમાં વ્યાઘાત ન થાય તેમ શાંત ચિત્તથી ગંભીર સ્વરે ગાવાં અથવા અન્યકૃત ગાયનાદિ સાંભળવાં, અનુમોદવાં કે જેથી આત્માની અનાદિ મલીન વિષયવાસનાદિ નિર્મૂળ થઇ સ્વાત્મગુણ જાગૃત થવા પામે અને ઉત્કૃષ્ટ યોગની એકતાથી ચેતન નિજ ભાન ભૂલી જઇ પરમાત્મસ્વરૂપી થવા પામે.

આ ત્રણ પ્રકારની પ્રસિદ્ધ પૂજા ઉપરાંત એક ચોથી પ્રતિપત્તિ નામની પૂજા પણ કહી છે અને તે પ્રમાદમાત્ર પરિહરી પરમાત્મા પ્રભુની અખંડ આજ્ઞાનું પરિપાલન કરવાવડે બને છે.

ઇતિશમ. સ. કર્પૂરવિજયજી.

# શિક્ષક અને શિક્ષણ.

## દયાળુ માતાપિતાદિક ધારે તો બાળકોના શિક્ષકોની ગરજ સારી શકે.

૧ શિક્ષકોનો ધંધો ઉત્તમ છે. ગુરૂ–મહેતાજી વિગેરે શબ્દો એ ધંધાની મહત્તા બતાવે છે. એ ધંધો ઉપદેશક કરતાં, જોખમવાળો ને મુશ્કેલ હોવા છતાં માનવંતો છે.

૨ પ્રાચીન શાસ્ત્રોમાં ગુરૂને દેવસમાન ગણવાનું કહ્યું છે. સદ્ગુરૂ સૌથી શ્રેષ્ઠ છે.

૩ મહેતાજીએ ઉત્સાહથી કામ કરવાનું છે. કદી નિરૂત્સાહી થવું નહીં.

૪ શિક્ષકનો ધંધો સહેલો નથી. તે ધંધો શીખી સુશિક્ષીત બનવું. લુહાર, સુતાર વિગેરેને નિર્જીવ વસ્તુ ઉપર કામ કરવાનું હોય છે, ત્યારે શિક્ષકોને ચેતનવંત બાળકો ઉપર કાર્ય કરવાનું હોઇ, જો તે યથાયોગ્ય રીતે કામ ન કરે તો સંખ્યાબંધ અમૂલ્ય જીંદગી બગડે. આજના બાળકો કાલે યુવાન માણસ થવાના છે.

૫ પુરૂષ શિક્ષક કરતાં સ્ત્રીશિક્ષકની જોખમદારી વિશેષ છે. કેમકે તેના હાથમાં છોડીઓની એટલે ભવિષ્યની માતાઓની કેળવણી રહેલી છે. સ્ત્રીમાં કેટલાક એવા ગુણ રહેલા છે. કે બાળકો સુશિક્ષીત સ્ત્રી પાસેથી પ્રેમભાવવડે ઘણું શીખી શકે

૬ શિક્ષકનો ધંધો ચલાવવામાં ઉપયોગી થઇ પડે એવું ખાસ શિક્ષણ આપવાની પાઠશાળાને ટ્રેઇનીંગ કોલેજ કહે છે. ત્યાં શિક્ષકનું શાસ્ત્ર શીખવવામાં આવે છે.

૭ સમજુતિ, સૂચનાઓ અને નિયમોનો સંગ્રહ તેનું નામ શાસ્ત્ર અને એ પ્રમાણે કામ કરી અનુભવ મેળવવો તેનું નામ કળા.

૮ જમાનાની સાથે રહેવા તથા ધંધાને યોગ્ય જ્ઞાનમાં વૃદ્ધિ કરવા, શિક્ષકોએ ઉત્તમ પુસ્તકો વાંચવાનો મહાવરો રાખવો અને જીવનપર્યંત જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો ઉદ્યોગ કરતા રહેવું. શિક્ષક આળસુ ન હોવો જોઇએ

૯ ભણાવવું અને કેળવવું એ બેમાં મોટો તફાવત છે. ઠાંસી ઠાંસીને જ્ઞાન ભરવું કે ગોખણ કરાવવું તે ભણતર છે અને

મનની, શરીરની અને નીતિવિષયક સર્વ શક્તિઓની ખીલવણી કરવી તેનું નામ કેળવણી છે. શિક્ષકે કેળવણી આપવા ઉપર ખાસ લક્ષ રાખવું.

૧૦ કેળવણીનો અર્થ બહોળો છે. બાળક ભણીને પંડિત થાય એટલે બસ નથી. તેના મગજમાં માત્ર જ્ઞાન ભરવાનું નથી, તેની વિચારશક્તિ ખીલવવાની છે અને જ્ઞાનનો ઉપયોગ કરતા શીખવવાનું છે.

૧૧ કેળવણી ત્રણ પ્રકારની છે. મનની ( માનસિક ), તનની ( શારીરિક ), નીતિની ( નૈતિક ).

૧૨ બુદ્ધિની કેળવણી ન મળે તો બાળક અજ્ઞાની અને બોથડ ( બુદ્ધિહીન ) થાય. મનની શક્તિઓ ખીલવવાથી બુદ્ધિની કેળવણી મળે છે, ગોખણથી તે મળતી નથી.

૧૩ શરીરની કેળવણી ન મળે તો બાળકો નિર્બળ અને નિર્માલ્ય થાય. જુદી જુદી જાતની કસરત અને ડ્રીલ વિગેરેથી એ કેળવણી મળી શકે છે.

૧૪ નીતિની કેળવણી ન મળે તો બાળક અસભ્ય અને અવિવેકી થાય. શિક્ષકની રહેણીથી અને નીતિપાઠોની અસરકારક સમજુતિથી એ કેળવણી આપી શકાય.

૧૫ કિંડરગાર્ટનની સીસ્ટમથી ત્રણે પ્રકારની કેળવણી એકીસાથે મળે છે.

૧૬ શિક્ષક સદાચરણી, ન્યાયી અને મનને કબજામાં રાખી શકે તેવો ન હોય તો તેની અસર બાળકોપર સારી થાય નહીં.

૧૭ સેવાવૃત્તિ રાખી દરેક શિક્ષકે કર્તવ્યપરાયણ થવું.

( સ. કે. વિ. )

શ્રી

# જૈન તત્વ પ્રવેશક

## જ્ઞાનમાળા.

### પાઠ ૧ લો. જીવ.

ગુરૂજી—છોકરાઓ! આજે હું તમને કાંઈક ધર્મ સંબંધી બોધ આપવાનો છું.

શિષ્ય—વારૂ ગુરૂજી! પણ તે પહેલાં એક વાતનો ખુલાસો કરશો?

ગુરૂજી—હા, એવી કઇ વાત છે?

શિષ્ય—વાત તો એ કે, આપણે ખાઇએ છીએ, પીએ છીએ, બોલીએ છીએ, બેસીએ છીએ, ઉઠીએ છીએ તે શા કારણથી?

ગુરૂજી—આપણા શરીરમાં જીવ છે તેથી તે બધું કરી શકીએ છીએ.

શિષ્ય—જીવ તો આપણા દેખવામાં આવતો નથી.

ગુરૂજી—જીવ એ નરી આંખે દેખી શકાય તેવી વસ્તુ નથી.

શિષ્ય—ત્યારે જીવને આપણે કેવી રીતે જાણી શકીએ?

ગુરૂજી—જીવ જ્ઞાનથી જાણી શકાય છે, જ્યારે તમને વિશેષ જ્ઞાન થશે ત્યારે તમે જીવને જાણી શકશો.

શિષ્ય—વારૂ ગુરૂજી! જેમ આપણા શરીરમાં જીવ છે, તેમ જે કોઈ હાલતાં ચાલતાં જણાય છે તે સર્વેમાં જીવ છે?

ગુરૂજી—હા, જે હાલતાં ચાલતાં જણાય છે તેમાં તો જીવ છેજ, પણ કેટલાંક હાલતાં ચાલતાં નથી તેમાં પણ જીવ છે તે હું તમને હવે પછીના પાઠોમાં સમજાવીશ.

## પાઠ ૨ જો. ત્રસ અને સ્થાવર જીવ.

હાલતાં ચાલતાં જીવો જેવાં કે ગાય, ભેંશ, હાથી, ઘોડા, બળદ, ઉંટ, કુતરા, બિલાડી વિગેરે સર્વ પશુઓના શરીરમાં જીવ છે.

વળી પોપટ, કબુતર, ચકલા, કાગડા, સમળી, વાગોળ, ચામચીડીઆ વિગેરે સર્વ પક્ષીઓનાં શરીરમાં પણ જીવ છે.

વળી સાપ, અજગર, નોળીઆ, ઉંદર, ખીસકોલી, ચંદનઘો વિગેરેમાં પણ જીવ છે.

તેમજ પાણીમાં રહેનારા જેવાં કે—માછલાં, મગરમચ્છ, કાચબા વિગેરેના શરીરમાં પણ જીવ છે અને તે પાણીમાં રહેનારા જીવો જલચર જીવો કહેવાય છે.

નાના શરીરવાળા જંતુઓ જેવાં કે કાનખજુરા, ભમરા, માખી, મંકોડા, કીડી, જૂ, ડાંસ, મચ્છર, જળો, પૂરા, અળસીયા વિગેરેમાં પણ જીવ છે. સારાંશ કે જેઓનું શરીર ચાલે છે, દોડે છે, વળી જેઓ તાપના કારણથી કે ભય અથવા ત્રાસના કારણથી એક જગાએથી બીજી જગાએ પોતાની મેળે જઈ શકે છે એવા સર્વે શરીરવાળા જીવો છે.

ઉપરના સર્વે શરીરવાળા જીવો ત્રસ જીવો કહેવાય છે.

વળી એવા શરીરવાળા પણ જીવ છે કે જેઓ ચાલવું, ઉઠવું, બેસવું, દોડવું વિગેરે કાંઇ પણ કામ પોતાની મેળે કરી શકતા નથી. આવા શરીરવાળા જીવો સ્થાવર જીવ કહેવાય છે.

## પાઠ ૩ જો. સ્થાવર જીવ.

સ્થાવર જીવો પાંચ જાતના છેઃ-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. આ પાંચે જાતના જીવો સ્થાવર જીવ કહેવાય છે.

વનસ્પતિ જીવ છે એમ સૌ કોઈ કબુલ કરે છે. તેમજ પૃથ્વી પણ જીવ છે એમ હાલના શોધક વિદ્વાનોને શોધ કરતાં માલમ પડયું છે; પરંતુ પાણી, અગ્નિ અને વાયુ એ પોતે જીવ છે, એવી તેઓને હજી ખબર પડી નથી. પણ જૈનશાસ્ત્રમાં આ પાંચે જાતના સ્થાવર જીવ છે, એવું સિદ્ધ કરેલ છે.

કેટલાક વર્ષો પહેલાં જનાવરોમાં અને થોડાં વર્ષ અગાઉ વનસ્પતિમાં જીવ છે, એવું મનાતુ નહીં, પરંતુ હાલ તે સર્વેમાં જીવો છે, એમ મનાય છે, તો જેમ જેમ જીવનશાસ્ત્રની શોધમાં વધારો થશે, તેમ તેમ પાણી, અગ્નિ અને વાયુ પણ સજીવ છે, એવો જે જૈનશાસ્ત્રમાં બોધ છે તે ખરોજ છે, એવી બીજાઓને પણ ધીમે ધીમે ખાત્રી થશે.

શિષ્ય—ગુરૂજી સાહેબ! ત્યારે તો જૈનધર્મના શાસ્ત્રનું જ્ઞાન મેળવવુંજ જોઇએ. કારણ કે જ્યાં સુધી આ દુનિયામાં જેમ પોતાના શરીરમાં જીવ છે તેમ બીજા કઇ કઈ જાતનાં શરીરોમાં જીવ છે તેની સમજ પડી નથી, ત્યાં સુધી ખરી રીતે જીવની દયા કરવામાં ખામી રહે છે અને તેથી આપણે આપણા આત્માનું (જીવનું) હિત કરી શકતા નથી.

ગુરૂજી—આ રીતે તમને જીવ સંબંધી જ્ઞાન શીખવાની લાગણી છે તો તમો થોડા વખતમાં સારી રીતનું જ્ઞાન મેળવી શકશો.

## પાઠ ૪ થો. પ્રાણ.

શિષ્ય—ગુરૂજી! કોઇ પણ શરીરમાં જીવ છે તે કેવી રીતે જાણી શકીએ ?

ગુરૂજી—છોકરાઓ! જે જે શરીરમાં પ્રાણ હોય છે તે તે શરીરમાં જીવ હોય છે.

શિષ્ય—ગુરૂજી! પ્રાણ એ શું વસ્તુ છે?

ગુરૂજી—જે વડે જીવ શરીરમાં રહી શકે તથા જે વડે જીવ સર્વ કામ કરી શકે તે પ્રાણ કહેવાય.

શિષ્ય—ત્યારે શું એમ સમજવું કે જે શરીરમાં પ્રાણ હોય છે, તે શરીરમાં જીવ હોય છે, અને જેમાં પ્રાણ ન હોય તેમાં જીવ પણ ન હોય ?

ગુરૂજી—હા, એમજ છે. જીવ પ્રાણ વિના શરીરમાં રહી શકતોજ નથી.

શિષ્ય—પ્રાણ એટલે જેને આપણે શ્વાસોચ્છ્વાસ કહીએ છીએ તેજ કે બીજું કાંઇ છે ?

ગુરૂજી—પ્રાણ એટલે માત્ર શ્વાસોચ્છ્વાસજ નહીં પણ જેમ શ્વાસોચ્છ્વાસ પ્રાણ કહેવાય છે, તેમ બીજા પણ પ્રાણ ગણાય છે.

શિષ્ય—ત્યારે પ્રાણ કેટલા હશે વારૂ ?

ગુરૂજી—પ્રાણના દશ પ્રકાર છે, એટલે કે દશ વસ્તુઓને પ્રાણ કહેવામાં આવે છે.

શિષ્ય—એ દશ પ્રાણ તે કયા કયા છે?

ગુરૂજી—પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ છે.

## પાઠ ૫ મો. પ્રાણ.

### ચોપાઈ.

પ્રાણ થકી જીવ જીવન થાય, તે જીવના દશ પ્રાણ ગણાય;
ઇંદ્રિય પાંચ ત્રણ બળ જાણ, શ્વાસોચ્છ્વાસ આયુષ્ય પ્રમાણ. ૧
સઘળાં કામ કરે જીવ કોય, જો દશ પ્રાણતણું બળ હોય;
પ્રાણ બળે જીવ પૂર્ણ ગણાય, એવો પ્રાણતણો મહિમાય. ૨

## પાઠ ૬ ઠ્ઠો. દશ પ્રાણ.

છોકરાઓ ! આજે તમને દશ પ્રાણસંબંધી વિશેષ સમજણ આપવાની છે. તેમાં પાંચ ઇંદ્રિયો નીચે પ્રમાણે છે.

૧ જે વડે બીજાને અડકી શકીએ છીએ, તે શરીર ઇંદ્રિય છે.
૨ જે વડે વસ્તુને ચાખી શકીએ છીએ, તે રસના ઇંદ્રિય છે.
૩ જે વડે વસ્તુ સુંઘી શકીએ છીએ, તે ઘ્રાણ ઇંદ્રિય છે.
૪ જે વડે કાંઈ પણ દેખી શકીએ છીએ, તે ચક્ષુ ઇંદ્રિય છે.
૫ જે વડે શબ્દ સાંભળી શકીએ છીએ, તે શ્રોત્ર ઇંદ્રિય છે.

ઉપરની પાંચે ઇંદ્રિયોને રહેવાના ઠેકાણા નીચે પ્રમાણે છે.

શરીર ઇંદ્રિય આખા શરીરની ચામડીમાં રહે છે.

રસના ઇંદ્રિય જીભમાં રહે છે, ઘ્રાણ ઇંદ્રિય નાકમાં રહે છે. ચક્ષુ ઇંદ્રિય આંખમાં રહે છે, શ્રોત્ર ઇંદ્રિય કાનમાં રહે છે.

ત્રણ બળ નીચે પ્રમાણે છે.

૬ જેથી આપણે વિચાર કરી શકીએ છીએ તે મનબળ છે.

૭ જેથી આપણે બોલી શકીએ છીએ તે વચનબળ છે.

૮ જેથી આપણે ઉઠવું, બેસવું, લેવું, મૂકવું વિગેરે કામ કરી શકીએ છીએ તે શરીરબળ છે.

શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય તેની સમજણ નીચે પ્રમાણે છે.

૯ જે શક્તિવડે જીવ શરીરમાં વાયુ દાખલ કરે, સ્થિર કરે તથા શરીરમાંથી વાયુને બહાર કાઢે તે શ્વાસોચ્છ્વાસ છે.

૧૦ જે વડે જીવ શરીરની સાથે અમુક કાળ સુધી બંધનમાં રહે તે આયુષ્ય છે.

---

## પાઠ ૭ મો. દશ પ્રાણ.

### દોહા.

શરીરેંદ્રિય તે ચામડી, રસનેંદ્રિય તે જીભ;
ઘ્રાણેંદ્રિય તે નાસિકા, સર્વ પ્રાણીમાં લીધ. ૧
ચક્ષુઇંદ્રિય તે આંખ છે, શ્રોત્રેંદ્રિય તે કાન;
એ પંચેંદ્રિયથી મળે, સર્વ વસ્તુનું જ્ઞાન. ૨
મન બળ પામી માનવી, શકે વિચારી આપ;
વચન બળે વદવા તણી, શક્તિ ધરે અમાપ. ૩
ઉઠે બેસે આપથી, શરીર બળની સાથ;

ત્રણે બળથી પૂર્ણ તે, હોય પ્રાણનો નાથ. ૪
જે વાયુ વપુમાં ધરે, રાખે કાઢે બ્હાર;
શ્વાસોચ્છ્વાસની શક્તિ તે, જાણો પ્રાણાધાર. ૫
દેહબંધનમાં જે વસે, પ્રાણી કાળ પ્રમાણ;
આયુષ્ય તેને જાણવું, જે છે દશમો પ્રાણ. ૬

## પાઠ ૮ મો. પાંચ ઇંદ્રિયવાળા જીવો.

માતાપિતાના સંયોગથી ઉત્પન્ન થનારા મનુષ્યો પાંચ ઇંદ્રિયવાળા જીવ છે. પશુ અને પક્ષીઓ તથા જળચરો પણ પાંચ ઇંદ્રિયવાળા જીવ છે.

અત્યંત દુઃખ ભોગવનારા જીવો જેઓ નારકી કહેવાય છે, તેઓને પણ પાંચ ઇંદ્રિય છે; તેમજ અત્યંત સુખ ભોગવનારા જીવો જેઓ દેવતા કહેવાય છે, તેઓને પણ પાંચ ઇંદ્રિય છે. પશુ પક્ષીઓ તિર્યંચ કહેવાય છે.

આ પાંચ ઇંદ્રિયવાળા જીવોને દશ પ્રાણ હોય છે. વળી પાંચ ઇંદ્રિયવાળા બીજા જીવ પણ છે, તેઓને દશથી ઓછા પ્રાણ હોય છે. એવા જીવોસંબંધી સમજણ જીવોસંબંધી બારિક સમજણ આપતી વખતે આપીશ.

## પાઠ ૯ મો. ચાર ઇંદ્રિયવાળા જીવો.

ચાર ઇંદ્રિયવાળા જીવો પણ તિર્યંચ કહેવાય છે.

"નીચેના જીવો ચાર ઇંદ્રિયવાળા છે"

૧ પુષ્પમાં ગંધ લેનારા ... ... ... ભમરા
૨ ઘોડાના તબેલા વિગેરેમાં ઉત્પન્ન થનારી ... બગાઈ

૩ છાણમાં ઉત્પન્ન થનારા ઝેરી ... ... વિંછી
૪ ખેતરમાં ધાન્યને ખાઈ જનારા ... ... તીડ
૫ કીચડથી ઉપજનારા ... ... ... મચ્છરો
૬ દીવામાં પડનારા ... ... ... ... પતંગ
૭ ગંદકીમાં ઉપજનારા ... ... ... ડાંસ

એ પ્રમાણેના જીવો તથા માખી, મધમાખી, કુંસારી, ભમરીઓ, બગાઓ અને કરોળીયા એવી જાતના બીજા ઘણા જીવો ચાર ઇંદ્રિયવાળા છે.

ચાર ઇંદ્રિયવાળા જીવોને નીચે મુજબ આઠ પ્રાણ હોય છે.

**૧ શરીર, ૨ જીભ, ૩ નાસિકા, ૪ ચક્ષુ, ૫ વચનબળ, ૬ શરીરબળ, ૭ શ્વાસોચ્છ્વાસ, ૮ આયુષ્ય.**

## પાઠ ૧૦ મો. ત્રણ ઇંદ્રિયવાળા જીવો.

ત્રણ ઇંદ્રિયવાળા જીવો પણ તિર્યંચ કહેવાય છે.

**" નીચેના જીવો ત્રણ ઇંદ્રિયવાળા છે. "**

૧ કાનમાં પેસી જનારા ... ... ... ... કાનખજુરા
૨ બીછાનામાં ઉપજનારા ... ... ... ... માંકડ
૩ માણસના માથામાં ઉપજનારી ... ... ... જૂ
૪ શરીરના મેલમાં ઉપજનારી ... ... ... લીંખ
૫ મીઠાઇ, ગળપણ વિગેરે ખાનારી રાતી, કાળી ... કીડી
૬ ઝાડના થડ વિગેરેમાં ઉપજનારા... ... ... મકોડા
૭ ધાન્યમાં ઉપજનારી ... ... ... ... ... એળ

એ પ્રમાણેના જીવો તથા ધીમેલ, સાવા, ધનેડીયા, ગીંગોડા વિગેરે ઘણી જાતના બીજા જીવો પણ ત્રણ ઇંદ્રિયવાળા છે.

ત્રણ ઇંદ્રિયવાળા જીવોને સાત પ્રાણ હોય છે તેનાં નામ.

૧ શરીર, ૨ જીભ, ૩ નાસિકા, ૪ વચનબળ, ૫ શરીરબળ, ૬ શ્વાસોચ્છ્વાસ, ૭ આયુષ્ય.

## પાઠ ૧૧ મો. બે ઇંદ્રિયવાળા જીવો.

બે ઇંદ્રિયવાળા જીવો પણ તિર્યંચ કહેવાય છે.

"નીચેના જીવો બે ઇંદ્રિયવાળા છે."

| | |
|---|---|
| ૧ લોહી ચુસનારી ... ... ... ... ... | જળો |
| ૨ વરસાદમાં ઉપજનારા ... ... ... ... ... | અળસીઆ |
| ૩ વાસી અને એઠા અન્ન જળમાં ઉપજનારા ... | લાળીયા |
| ૪ પેટમાં ઉપજનારા... ... ... ... ... ... | કરમીયા |
| ૫ પાણીમાં ઉપજનારા ... ... ... ... ... | પૂરા |
| ૬ સમુદ્રમાં ઉપજનારા ... ... ... ... ... | શંખ |
| ૭ પેટમાં ઉપજનારા મોટા... ... ... ... ... | ગંડોળા |

એ પ્રમાણેના જીવો, તથા કોડા, [૧]ચંદન, [૨]મેહરિ, [૩]હરસ વિગેરે બીજા ઘણી જાતના જીવો બે ઇંદ્રિયવાળા છે.

બે ઇંદ્રિયવાળા જીવોને છ પ્રાણ હોય છે તેનાં નામ.

૧ શરીર, ૨ જીભ, ૩ વચનબળ, ૪ શરીરબળ, ૫ શ્વાસોચ્છ્વાસ, ૬ આયુષ્ય.

---

૧ સાધુજી સ્થાપનામાં રાખે છે તે, જીવવાળા હોય છે ત્યારે.

૨ લાકડામાં ઉપજનારા કીડા.

૩ ગુદાના ભાગમાં ઉત્પન્ન થનારા કીડા.

## પાઠ ૧૨ મો. એક ઇંદ્રિયવાળા જીવો.

એક ઇંદ્રિયવાળા જીવો પણ તિર્યંચ કહેવાય છે.

એક ઇંદ્રિયવાળા જીવસંબંધી સમજણ બહુજ બારિક છે, તેથી તે થોડું શિખવ્યા પછી આપીશ. હાલ તો તેના નામ યાદ રાખો.

" નીચેના જીવો એક ઇંદ્રિયવાળા છે. "

૧ કાચી માટી, પથ્થર, મીઠું વિગેરે ... ... ... પૃથ્વીકાય
૨ પાણી તે... ... ... ... ... ... ... અપ્કાય
૩ અગ્નિ તે... ... ... ... ... ... ... તેઉકાય
૪ પવન તે... .. ... ... ... ... ... વાયુકાય
૫ ઝાડપાન તે ... ... ... ... ... ...વનસ્પતિકાય

એક ઇંદ્રિયવાળા જીવને ચાર પ્રાણ હોય છે.

૧ શરીર, ૨ શરીરબળ, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ આયુષ્ય.

## પાઠ ૧૩ મો. જીવ અને પ્રાણનો સંબંધ.

જીવ અને પ્રાણને બહુજ સંબંધ છે. જેને આપણે કોઈ પણ જીવનું મરણ કહીએ છીએ, તે મરણ પ્રાણ જીવથી જુદા પડે ત્યારેજ થાય છે.

શિષ્ય—ગુરૂજી! મનુષ્ય મરણ પામે છે તેમ છતાં તેના શરીરમાં આપણે પાંચ ઇંદ્રિયો તો દેખીએ છીએ.

ગુરૂજી—તમે જે દેખો છો તે ઇંદ્રિયો નથી. તે તો ઇંદ્રિયોને રહેવાના ઠેકાણાં છે; ઇંદ્રિયો તો દેખવામાં આવતીજ નથી. જેમકે કોઈ માણસ બહેરો હોય તેને કાન તો હોય છે; પરંતુ કાનમાં સાંભળવાની શક્તિ જે શ્રોત્રઇંદ્રિય છે તે રોગથી

અથવા બીજા કારણથી આવરણ પામી હોય છે કે નાશ પામી હોય છે તેથી તે સાંભળી શકતા નથી. તેવી રીતે મનુષ્ય મરણ પામે છે તેજ વખતે ઇંદ્રિયો પણ નાશ પામે છે અને તેથી તે પોતપોતાના કામ કરતી બંધ પડે છે.

## પાઠ ૧૪ મો. પાંચ ઈંદ્રિયના વિષયો.

ઈંદ્રિયોથી જે જે જાણી શકાય તે તે તેના વિષયો કહેવાય છે.

"પાંચ ઈંદ્રિયોના સર્વ મળી ત્રેવીશ વિષયો છે."

૧ જ્યારે શરીરને કોઈ પણ પદાર્થ ટાઢો કે ઉનો, હળવો કે ભારે, સુંવાળો કે ખડબચડો, અને લુખો કે ચોપડેલો લાગે ત્યારે શરીર ઈંદ્રિય છે એમ સમજવું.

સ્પર્શઈંદ્રિયના ૮ વિષય.

૨ જ્યારે જીભને કોઇ પણ પદાર્થ ખાટો, કડવો, તીખો, મીઠો કે કષાયલો લાગે ત્યારે જીભમાં રસઈંદ્રિય છે એમ સમજવું.

રસઈંદ્રિયના ૫ વિષય.

૩ જ્યારે નાકને કોઈ પણ પદાર્થની સારી ગંધ કે ખરાબ ગંધ લાગે ત્યારે નાકમાં ધ્રાણ ઈંદ્રિય છે એમ સમજવું.

ધ્રાણઈંદ્રિયના ૨ વિષય.

૪ જ્યારે આંખને કોઈ પણ પદાર્થ ધોળો, પીળો, રાતો, કાળો કે લીલો લાગે ત્યારે આંખમાં ચક્ષુઈંદ્રિય છે એમ સમજવું.

ચક્ષુઈંદ્રિયના ૫ વિષય.

૫ જ્યારે કાનને મનુષ્યના બોલવાનો કે પદાર્થનો કે મનુષ્ય અને પદાર્થના સંબંધનો અવાજ લાગે ત્યારે કાનમાં શ્રોત્રઈંદ્રિય છે એમ સમજવું.

શ્રોત્રઈંદ્રિયના ૩ વિષય.

૧ સચિત્ત શબ્દ. પ્રાણી માત્રના બોલવાનો શબ્દ તે.

૨ અચિત્ત શબ્દ. જડવસ્તુને જડવસ્તુ અથડાતાં નીકળતો અવાજ તે.

૩ મિશ્ર શબ્દ. પ્રાણી અને જડ બેઉના સંબંધે અવાજ નીકળે તે. જેમકે મનુષ્યો-જડ વાજીંત્રો વગાડે છે તેનો શબ્દ નીકળે તે.

## પાઠ ૧૫ મો. જીવ અને કર્મ.

છોકરાઓ! તમને જીવ અને પ્રાણસંબંધી થોડી સમજણ આપી, હવે જીવ અને કર્મસંબંધી સમજણ આપીશ.

કર્મ એવો શબ્દ તમે સાંભળ્યો છે?

શિષ્ય—હાજી, કર્મ એ શબ્દ તો સાંભળ્યો છે, પણ એ શું છે તે જાણતા નથી.

ગુરૂજી—જીવથી જે કરાય તે કર્મ.

શિષ્ય—વાહ ગુરૂજી! પણ જીવથી કરાય એટલે શું?

ગુરૂજી—જીવ મનવડે વિચાર કરે, વાણીથી બોલે અને શરીર વડે કામ કરે તે સર્વે જીવથી કરાય છે. એ પ્રમાણે જીવથી જે જે કરાય છે તેનું ભવિષ્યમાં જીવને જે ફળ આપે તે કર્મ છે.

શિષ્ય—ત્યારે શું જીવથી કરાયેલાં કામ અને કર્મ એ જુદી જુદી વસ્તુ છે?

ગુરૂજી—હા, તેમજ છે.

શિષ્ય—ત્યારે જીવના કામને તો આપણે દેખી શકીએ કે જાણી શકીએ છીએ, તેમ કર્મને દેખી કે જાણી કેમ શકતા નથી?

ગુરૂજી—જેમ જીવ આંખથી દેખી શકાતો નથી પણ જ્ઞાનથી જાણી શકાય છે, તેમ કર્મ પણ આંખથી દેખી શકતા નથી પણ જ્ઞાનથી જાણી શકાય છે.

## પાઠ ૧૬ મો. કર્મ.

દોહા.

મન વચ કાયાએ કરી, જે જે જીવથી થાય;
કર્મ કહે છે તેહને, જેથી જીવ બંધાય. ૧
શુભ કર્મો સારાં વડે, અશુભ નઠારે હોય;
તે માટે શુભ કર્મમાં, યત્ન કરો સૌ કોય. ૨

## પાઠ ૧૭ મો. પુણ્યકર્મ.

### પુણ્ય બંધાવાના મૂળ ૯ ( નવ ) કારણો છે.

કર્મના ઘણા પ્રકાર છે. જીવની સાથે કર્મનો જે સંબંધ થાય છે, તેમાં સારાં કર્મ તે પુણ્યકર્મ કહેવાય છે.

પુણ્યકર્મ મુખ્યત્વે કરી નીચેના કામો કરવાથી બંધાય છે.

૧ ભૂખ્યા પ્રાણીને ( પ્રેમવડે ) અન્ન આપવાથી.
૨ તરસ્યા પ્રાણીને પાણી આપવાથી.
૩ આશ્રય વગરનાને સ્થાન આપવાથી.
૪ બિછાના વગરનાને બિછાનું આપવાથી.
૫ દરદીને ઓસડ આપી, વ્યાધિ ટાળવાથી.
૬ દુઃખી પ્રાણીના દુઃખ મટાડવા, સારો વિચાર કરવાથી.
૭ તેવા પ્રાણીના દુઃખ દૂર થવા, સારૂં બોલવાથી.
૮ તેવા પ્રાણીના દુઃખ મટાડવા, શરીરની મદદ આપવાથી.
૯ વસ્ત્ર વિનાના પ્રાણીને વસ્ત્ર આપવાથી.

એવી રીતે બીજાં પણ વિશેષ કારણોથી પુણ્યકર્મ બંધાય છે, તેની વિસ્તારથી સમજ ધીમે ધીમે આપવામાં આવશે. સાધુ-સંતોને એ બધું પૂજ્યભાવથી વિનયબહુમાનપૂર્વક આપવું ઘટે છે, તેથી સવિશેષ પુણ્ય બંધાય છે. પુણ્યકર્મથી જીવને સુખ પ્રાપ્ત થાય છે.

## પાઠ ૧૮ મો. પુણ્યકર્મ વિષે.

ચોપાઇ.

સારા વિચારો મનમાં થાય, સત્ય પણે નિત્ય વાણી વદાય;
ભૂખ્યાને ભોજન અપાય, તરસ્યા જનને પાણી પાય. ૧
નિરાશ્રયને આપે સ્થાન, વસ્ત્ર રહિતને વસ્ત્રનું દાન,
ભૂમિ પડ્યાનું દેખી અંગ, આપે બિછાનું રાખી ઉમંગ. ૨
દરદીના દુ:ખ દેખ્યા ન જાય, ઔષધ આપી દૂર કરાય,
પરદુ:ખ દેખી આપ દુભાય, તે દૂર કરવા સત્વર ધાય. ૩
જીવદયાનો દિલમાં વાસ, સમતા કેરો નિત્ય પ્રકાશ;
ધર્મવિષે જો પૂરણ પ્રીત, એ પુણ્ય કર્મ તણી છે રીત. ૪

## પાઠ ૧૯ મો. પાપકર્મ.

જે સારાં કર્મ તે પુણ્યકર્મ કહેવાય છે,
તેમ નઠારાં કર્મ તે પાપકર્મ કહેવાય છે.

" નીચે મુજબ કરવાથી પાપકર્મ બંધાય છે. "

૧ કોઈ પણ જીવને મારી નાંખવાથી અથવા દુ:ખ દેવાથી.
૨ કોઇ પણ પ્રકારે જૂઠું બોલવાથી.

૩ પારકી કાંઇ પણ વસ્તુ ખરાબ દાનતથી છુપી રીતે લઈ લેવાથી એટલે ચોરી કરવાથી.
૪ કોઈ પણ પુરૂષ અથવા સ્ત્રીએ મૈથુન સેવવાથી.
૫ અનીતિથી પૈસા વિગેરેનો સંગ્રહ કરવાથી.
૬ કલેશ કંકાસ કરવાથી. ૭ જૂઠાં આળ મૂકવાથી.
૮ નિંદા કરવાથી. ૯ ચાડી ખાવાથી. ૧૦ જુગાર રમવાથી.

એ પ્રમાણે પાપકર્મ બંધાય તેવા ઘણાં કાર્યો છે, તેનો વિસ્તારથી બોધ ધીમે ધીમે મળતો જશે.

પાપકર્મથી પ્રાણી દુઃખ ભોગવે છે, તેથી પાપકર્મ ન બંધાય તેવાં કામો કરવાં.

## પાઠ ૨૦ મો. પાપકર્મ વિષે.

### ભુજંગી છંદ.

નઠારા વિચારો સદા ચિત્ત ધારે, મૃષાવાદ બોલે ગમે તે પ્રકારે;
બૂરી દાનતે પારકી ચીજ લેવા, ધરાવે હરામીપણું નીચ હેવા. ૧
અનીતિ કરી સંગ્રહે દ્રવ્ય પોતે, જુવે છિદ્ર છાનાં જૂઠાં આળ ગોતે;
ફરી કલેશ કંકાસ નિંદા દુખાવે, બની ચાડીયા ફંદ માંહે ફસાવે. ૨
જુગારે રમે ભોગવે અન્ય નારી, રીબાવી કરે જીવહિંસાજ ભારી,
અધર્મી બની ધર્મનો દંભ રાખે, પ્રભુ સર્વ તે પાપના કર્મ ભાખે. ૩

## પાઠ ૨૧ મો. પરમેશ્વર.

પુણ્યકર્મથી સુખ મળે છે અને પાપકર્મથી દુઃખ મળે છે. એ વચનો મારા પોતાના નથી, તે વચનો પરમેશ્વરના છે.

શિષ્ય—વારૂ ગુરૂજી! પરમેશ્વર કોણ છે? જેણે આ જગતને બનાવ્યું તે પરમેશ્વરના એ વચનો છે?

ગુરૂજી—પરમેશ્વરે જગતને બનાવ્યુંજ નથી. જગત તો અનાદિકાળથી છે એટલે કે તે હુમેશાં છેજ. આ જગત બનાવ્યું બની શકે એવુંજ નથી, તે સંબંધી જ્ઞાન ઘણું શિખવ્યા પછી આપીશ અને ત્યારેજ તમે સમજી શકશો.

પરમેશ્વર એટલે મોટો ઈશ્વર, જેનામાં ઐશ્વર્ય હોય તે ઈશ્વર કહેવાય. પરમેશ્વરમાં જ્ઞાનરૂપી મોટું ઐશ્વર્ય છે તેથી તે પરમેશ્વર છે. પરમેશ્વરના બીજાં અનેક નામ છે. જેમકે જિનેશ્વર, અરિહંત, તીર્થંકર ઈત્યાદિ.

શિષ્ય—જિનેશ્વર એટલે શું ?

ગુરૂજી—રાગ અને દ્વેષને જે જીતે તે જિન કહેવાય, તેના જે ઈશ્વર (સ્વામી) તે જિનેશ્વર છે.

શિષ્ય—રાગ અને દ્વેષ એ શું છે?

ગુરૂજી—કોઈ પણ પ્રાણી અથવા પદાર્થ ઉપર પ્રીતિ કરવી એટલે કે તેનાથી રાજી થવું તે રાગ છે અને કોઈ પણ પદાર્થ કે પ્રાણી ઉપર નારાજ થવું તે દ્વેષ છે.

## પાઠ ૨૨ મો. તીર્થંકર.

તીર્થનું સ્થાપન કરનાર તે તીર્થંકર કહેવાય છે. તીર્થ શબ્દના એક કરતાં વધારે અર્થ છે, પરંતુ તીર્થંકર શબ્દમાં તીર્થ એટલે ચાર પ્રકારના મનુષ્યનો સમુદાય, જેને સંઘ કહેવામાં આવે છે તે.

ચાર પ્રકારના મનુષ્યો તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે. તેમાં સાધુ અને શ્રાવક તે પુરૂષવર્ગ છે તથા સાધ્વી અને શ્રાવિકા તે સ્ત્રીવર્ગ છે.

શિષ્ય—મનુષ્યના સમુદાયમાંથી ચાર પ્રકારના સંઘનું જુદું સ્થાપન કરવાનું શું કારણ છે?

ગુરૂજી—મનુષ્યના સમુદાયમાં પણ અનેક તરેહના જીવ હોય છે, તેમાં ઘણાં મનુષ્ય તો સંસારમાં શરીરસંબંધી, ધનસંબંધી, સ્ત્રીસંબંધી કે પુત્રસંબંધી સુખના ઇચ્છનારા હોય છે, તેથી જે મનુષ્યો પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છનારા હોય છે તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે. તેઓના આત્માનું કલ્યાણ કરવા વાસ્તે તીર્થંકર આ ચાર પ્રકારના સંઘનું સ્થાપન કરે છે.

શિષ્ય—આત્માનું કલ્યાણ તે શું?

ગુરૂજી—જેથી આત્માને સંસારમાં જન્મ મરણ ન કરવાં પડે એવી આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવી તે આત્મકલ્યાણ છે.

## પાઠ ૨૩ મો. અરિહંત.

કર્મરૂપ અરિ એટલે શત્રુ તેને હંત એટલે હણનાર તે અરિહંત કહેવાય છે.

શિષ્ય—વારૂ ગુરૂજી! કર્મરૂપ શત્રુને હણનાર તે અરિહંત, તેમાં માઠાં કર્મને હણે તે તો વાસ્તવિક છે, પરંતુ સારાં કર્મ જે પુણ્યકર્મ છે તેને હણવાનું શું કારણ છે?

ગુરૂજી—સારાં કર્મથી પણ બંધાઈ રહેતાં આત્માને સંસારમાં જન્મ મરણ કરવાં પડે છે; વળી જન્મ મરણના દુઃખ તે મોટા દુઃખ છે, તેથી જન્મ મરણના મોટા દુઃખનો નાશ કરવા સારાં કર્મનો પણ નાશ કરવો પડે છે.

શિષ્ય—સારાં અને માઠાં તમામ કર્મનો નાશ કરવાથી આત્માને શું લાભ થાય?

ગુરૂજી—સર્વ કર્મનો નાશ કરવાથી આત્મા તે પરમાત્મા થાય અને તે સિદ્ધ પરમાત્મા કહેવાય. તેના સુખનો પાર નથી.

શિષ્ય—ગુરૂજી! આપે કહ્યા તેવા અરિહંત, તીર્થંકર હાલ તો આપણે દેખતા નથી, તો તેવા થઈ ગયા હશે તેની શી ખાત્રી?

ગુરૂજી—તે બાબતની ખાત્રી તેમના ઉપદેશેલાં શાસ્ત્રો જે સિદ્ધાંત અથવા આગમ કહેવાય છે, તેનાથી થઈ શકે છે.

## પાઠ ૨૪ મો. પરમેશ્વર.

ચોપાઈ.

પરમેશ્વર ઐશ્વર્યના ઠામ, શ્રી અરિહંત જિનેશ્વર નામ;
સંઘ તીરથને સ્થાપે જેહ, તીર્થંકર કહેવાયે તેહ. ૧
તે પ્રભુ પૂર્ણ કૃપાના ધામ, નાથ નિરંજન તે નિષ્કામ;
રાગ દ્વેષ ધરે નહી આપ, ધારે સદ્ગુણ સર્વ અમાપ. ૨
પૂર્ણાનંદથી નિત્ય વિલાસ, કેવળ જ્ઞાને જગત પ્રકાશ;
નિર્મલ આત્મતણા તે રૂપ, સમતા રસના સાગર ભૂપ. ૩
એ છે સર્વ દેવાધિદેવ, કરવી તેની નિત્યે સેવ;
શ્રી જિનવરનું પૂજન થાય, તેથી સઘળાં કર્મ ખપાય. ૪

## પાઠ ૨૫ મો. પંચપરમેષ્ઠી.

સર્વ આત્માઓમાં પાંચ પ્રકારના આત્માઓ પરમ પૂજ્ય છે, તેથી તે પાંચ પ્રકારના આત્માઓ પંચપરમેષ્ઠી કહેવાય છે.

પંચપરમેષ્ઠીમાં પ્રથમ અરિહંત પરમાત્મા છે અને બીજા શ્રી સિદ્ધ પરમાત્મા છે.

અરિહંતને અભાવે ચારે પ્રકારના સંઘને અરિહંતે કહેલા ઉપદેશ પ્રમાણે બોધ આપનારા તથા પોતે શુદ્ધ આચાર પાળનારા અને બીજાને શુદ્ધ આચાર પાળવાનો ઉપદેશ આપનારા એવા ત્રીજા પરમેષ્ઠી તે ભાવ આચાર્ય છે.

અરિહંતના ઉપદેશરૂપ સિદ્ધાંતોનો–શાસ્ત્રોનો અભ્યાસ કરનારા અને પોતાની સમીપે અભ્યાસ કરવા સારૂ આવનારાને શિખવનારા એવા ચોથા પરમેષ્ઠી તે ઉપાધ્યાય છે.

પોતાના આત્માને કર્મરહિત કરવા સારૂ સંસારનો ત્યાગ કરી માત્ર મોક્ષ પામવાના સાધનોમાંજ નિરંતર ઉદ્યમ કરનારા એવા પાંચમા પરમેષ્ઠી તે સાધુ છે.

એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી સર્વ પાપનો સર્વથા નાશ થાય છે અને આત્મા નિર્મળ થાય છે, તે પંચપરમેષ્ઠીને નમસ્કાર આ પ્રમાણે કરવો.

## પાઠ ૨૬ મો. પંચપરમેષ્ઠી નમસ્કારસૂત્ર.

### વાક્યાર્થ–( સૂત્રાર્થ )

૧ નમો અરિહંતાણું :—અરિહંત ( પરમાત્માઓ )ને નમસ્કાર થાઓ.

૨ નમો સિદ્ધાણું :-સિદ્ધ(પરમાત્માઓ)ને નમસ્કાર થાઓ.

૩ નમો આયરિયાણું :—આચાર્ય ( મહારાજો )ને નમસ્કાર થાઓ.

૪ નમો ઉવજઝાયાણું :—ઉપાધ્યાય (મહારાજો )ને નમસ્કાર થાઓ.

૫ નમો લોએ સવ્વસાહુણં :—લોકને વિષે સર્વ સાધુ ( મહારાજા ) ઓને નમસ્કાર થાઓ.

૬ એસો પંચ નમુક્કારો :—એ પાંચ ( પરમેષ્ઠી પદોને )નમસ્કાર.

૭ સવ્વપાવપ્પણાસણો :—સર્વ પાપનો સર્વથા નાશ કરનાર છે.

૮ મંગલાણં ચ સવ્વેસિં :—સર્વ મંગળોમાં, (વળી) તે

૯ પઢમં હવઈ મંગલં :—પ્રથમ ( મુખ્ય ) મંગળ છે.

## પાઠ ૨૭ મો. મંત્ર.

ગુરૂજી—છોકરાઓ ! આ પંચપરમેષ્ઠી નમસ્કાર જે તમે ગયા પાઠમાં શિખ્યા તે મહામંત્ર છે, તે મહામંત્રનો પાઠ તમારે હરરોજ સવારમાં ઉઠીને કરવો.

શિષ્ય—ગુરૂજી ! મંત્ર એ શું છે ? અને પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રથી આપણને શુ લાભ થાય ?

ગુરૂજી—શબ્દોના સ્મરણ વા ઉચ્ચારમાં રહેલી ગુપ્ત શક્તિ તે મંત્ર છે. જેમ સર્પ અને વીંછીના મંત્રથી તે મંત્રને જાણનાર સર્પ અને વીંછીના ઝેરને દૂર કરી શકે છે, તેમ આ મંત્રને જાણનાર પાપરૂપ ઝેરને દૂર કરી શકે છે.

શિષ્ય—જેમ સર્પ અને વીંછીના મંત્રને જાણનારને ઝેર ઉતારતાં તથા મનુષ્યને સાજો કરતાં દેખીએ છીએ, તેમ આ મંત્રથી માણસને પાપરૂપ ઝેર વગરનો થતો દેખતા નથી તેનું શું કારણ ?

ગુરૂજી—પાપરૂપ ઝેર સર્પ અને વીંછીના ડંખના ઝેર જેવું નથ તેથી તેને ચડતાં કે નાશ પામતા આપણે દેખી શકતા નથી. તે માત્ર જ્ઞાનથીજ જાણી શકાય તેવું છે. તેથી જ્યારે તમને વિશેષ જ્ઞાન થશે ત્યારે તમે પોતેજ જાણી શકશો કે તે મંત્રથી પાપરૂપ ઝેર નાશ પામે છે. તે મહામંત્ર તમારે ગુરૂ પાસે ભણવો. ગુરૂની આજ્ઞા પ્રમાણે ભણવાથી તે મહામંત્ર ફળ આપે છે.

## પાઠ ૨૮ મો.

## પંચપરમેષ્ઠી વિષે પ્રશ્નોત્તર. ભાગ ૧ લો.

જ્ઞાનચંદ્ર—ભાઈ વિનયચંદ્ર! હાલમાં પાઠશાળામાં શું અભ્યાસ ચાલે છે?

વિનયચંદ્ર—ગુરૂજી! ગઇકાલેજ પંચપરમેષ્ઠી નમસ્કાર સંબંધી જ્ઞાનનો અભ્યાસ પૂરો થયો છે.

જ્ઞાનચંદ્ર—પંચપરમેષ્ઠીમાં કોને નમસ્કાર કરવામાં આવે છે?

વિનયચંદ્ર—બે પ્રકારના દેવને અને ત્રણ પ્રકારના ગુરૂને.

જ્ઞાનચંદ્ર—બે પ્રકારના દેવ અને ત્રણ પ્રકારના ગુરૂના નામો બોલો.

વિનયચંદ્ર—બે પ્રકારના દેવ તે-અરિહંત અને સિદ્ધ અને ત્રણ પ્રકારના ગુરૂ તે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચને નમસ્કાર કરવો તે પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યો કહેવાય.

જ્ઞાનચંદ્ર—પંચપરમેષ્ઠીનો શબ્દાર્થ કરી બતાવો.

વિનયચંદ્ર—પાંચને સંસ્કૃતમાં પંચ કહે છે અને પરમે અને ષ્ઠિન્ એ બે શબ્દ મળી પરમેષ્ઠી શબ્દ ઉત્પન્ન થયો છે.

પરમે એટલે ઉત્કૃષ્ટ પદ-સ્થાનમાં, ષ્ઠિન એટલે રહેનાર એટલે "ઉત્કૃષ્ટ સ્થાનમાં રહેનાર" ને સંસ્કૃત ભાષામાં પરમેષ્ઠી કહે છે.

જ્ઞાનચંદ્ર—નમસ્કાર કેમ કરાય ?

વિનયચંદ્ર—મનથી નમ્ર ને વિશુદ્ધ થઈ, વચનથી "નમસ્કાર થાઓ" એમ બોલી અને શરીરથી બે હાથ જોડી, બે ઢીંચણથી (ગોઠણથી) ભૂમિએ પડી, મસ્તક ભૂમિએ અડકે ત્યાં સુધી નમાવીએ. આ ત્રણે એક સાથે (વિવેકથી)કરીએ ત્યારે આપણે નમસ્કાર કર્યો કહેવાય.

## પાઠ ૨૯ મો.

## પંચપરમેષ્ઠી વિષે પ્રશ્નોત્તર. ભાગ ૨ જો.

જ્ઞાનચંદ્ર—પંચ પરમેષ્ટી નમસ્કારને નવકાર કહે છે તેનું શું કારણ?

વિનયચંદ્ર—નમસ્કાર શબ્દ માટે સંસ્કૃત ભાષામાં નમસ્ અથવા નમઃ એવો શબ્દ થાય છે અને પ્રાકૃત ભાષામાં નમો અથવા ણમો એવા ટુંકા શબ્દો છે. નમસ્કાર શબ્દનું પ્રાકૃતમાં નમુક્કાર એવું રૂપ થાય છે અને ભાષામાં તેને નવકાર પણ કહે છે.

જ્ઞાનચંદ્ર—પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાથી શું લાભ થાય છે?

વિનયચંદ્ર—સર્વે પાપનો સંપૂર્ણ નાશ થાય છે.

જ્ઞાનચંદ્ર—એ નવકારમંત્રનો (નમસ્કારનો) કેવો મહિમા છે?

વિનયચંદ્ર—જગતમાં જેટલાં મંગલિક મનાય છે તેમાં સર્વથી ઉત્તમ મંગલિક એ નવકારમંત્ર છે, કેમકે જે વસ્તુ બીજા મંત્રોથી ન મળે તે આ નમસ્કારરૂપી મંત્રથી મળે છે

અને સર્વે જાતના રોગ, શોક, દુ:ખ કે પીડા જે હોય તે એનું શુદ્ધ ભાવે સ્મરણ કરવાથી દૂર થાય છે. ટુંકામાં ઉત્તમમાં ઉત્તમ સુખ પણ તેથી પ્રાપ્ત થાય છે.

જ્ઞાનચંદ્ર—એ નવકારમંત્ર ક્યારે બોલાય છે ?

વિનયચંદ્ર—મુખ્ય તો દરેક ધર્મક્રિયાની શરૂઆતમાં એ મહામંત્ર મંગલિક અર્થે બોલાય છે, પણ ઉત્તમ મનુષ્યો તો બેસતાં અગર ઉઠતાં, ચાલતાં તથા કાંઈ કામકાજ કરતાં, રાત્રે અગર દિવસે, દરેક વખતે અને સર્વ સ્થળે આ નવકાર મંત્રનું ધ્યાન ધર્યા કરે છે અને તે કરવા યોગ્ય છે.

## પાઠ ૩૦ મો.

## પંચપરમેષ્ઠી વિષે પ્રશ્નોત્તર. ભાગ ૩ જો.

જ્ઞાનચંદ્ર—ભાઇ વિનયચંદ્ર ! અરિહંત એટલે (કર્મરૂપ) શત્રુને હણનાર એવો અર્થ કહ્યો છે પણ તેનો બીજો અર્થ તમારી જાણમાં છે ?

વિનયચંદ્ર—બીજો અર્થ મારા જાણવામાં નથી.

જ્ઞાનચંદ્ર—તો હું કહું છું તે તમે સાંભળો. જે કોઇ ભાગ્યશાળી માણસ ઘણાં રૂડા કામો કરે અને તમામ પાપથી દૂર થઇ પરમ પવિત્ર થાય ને ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન પામીને એવી યોગ્યતા મેળવે કે તેને તમામ દેવતાઓના ઉપરી જે ઇંદ્રો તે પણ પગે પડે તે અર્હત્ કહેવાય; અર્હત્ એટલે યોગ્ય, લાયક, પૂજ્ય, ઇંદ્રોને પણ પૂજવા લાયક.

વિનયચંદ્ર—અર્હત્ વિષે તો હું સમજ્યો પણ સિદ્ધ વિષે મને સારી રીતે ખુલાસો આપશો ?

જ્ઞાનચંદ્ર—હા, જે મનુષ્યો પાપનો વિનાશ કરી, રાગદ્વેષને દૂર કરી સઘળાં કર્મોને શુદ્ધ ધ્યાનવડે બાળી નાખી, જન્મ મરણના ફેરામાંથી હમેશને માટે છુટી, પરમ પવિત્ર આત્મભાવમાં રહી, જ્ઞાન, દર્શન, સુખ ને વીર્યમાં રમણ કરતા મહામંગળરૂપ મોક્ષ-સિદ્ધિ પ્રાપ્ત કરે તે મહા ઉત્તમ મનુષ્યો "સિદ્ધ" અથવા સિદ્ધ પરમાત્મા કહેવાય છે પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય, જૈન હોય કે બીજા ધર્મવાળા હોય, મુનિના વેષમાં હોય કે ગૃહસ્થના વેષમાં હોય, છતાં જે રાગદ્વેષને પૂરતી રીતે જીતીને સમભાવ એટલે શત્રુ અને મિત્રપર સરખાંજ પરિણામ રાખી શકે તે અવશ્ય સિદ્ધ થવાને યોગ્ય છે એમ જૈનશાસ્ત્રમાં કહ્યું છે.

## પાઠ ૩૧ મો.

## પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનો હેતુ. ભાગ ૧ લો.

પ્રથમ અર્હત્ પરમાત્માને વિધિપૂર્વક નમસ્કાર કરવાનો હેતુ એવો છે કે આ જન્મમરણરૂપી મહા ગહન વનમાં ભટકવાનું મટી જઈ, મહા આનંદરૂપ મોક્ષનગરનો માર્ગ હાથ લાગે, એટલે આપણા ઘાતીકર્મને ક્ષય કરવાનો માર્ગ મળે તેમજ આત્મહિત કરવાના જે જે રસ્તા બતાવ્યા છે તે ઉપર પ્રીતિ થાય અને તે પ્રમાણે વર્તન કરવાના સદ્‌વિચારો થાય, તેમ તેવાં સાધનો મળતાં રહે અને છેવટે તેવું પદ પ્રાપ્ત કરવા આપણો આત્મા શક્તિવાન થાય. કારણ કે જે મોક્ષમાર્ગનો શુદ્ધ રસ્તો છે તેને દેખાડવારૂપનું પરમોપકારીપણું તેને વિષે છે તેથી તે અરિહંત પરમાત્મા નમસ્કાર કરવા યોગ્ય છે.

બીજા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરવાનો હેતુ એવો છે કે આપણા સઘળાં કર્મ બળી જઇ, આપણા આત્મામાં જે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યની મહાશક્તિ-સત્તા છે તે પ્રગટી નીકળે અને મોક્ષની પ્રાપ્તિ થાય. કારણકે તેવીજ રીતે જે જે આત્માઓ સિદ્ધપદને પામ્યા છે એટલે મોક્ષમાં જ્યોતિમય, નિરંજન, નિરાકાર રૂપે બિરાજી રહેલા છે તેવા પરમાત્માઓને નમસ્કાર કરતાં તેઓની માફક આપણાં પણ સઘળાં કર્મોનો નાશ થઈ જાય અને અંતે તેવું પદ પ્રાપ્ત કરવા આપણો આત્મા શક્તિવાન થાય.

## પાઠ ૩૨ મો.

## પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનો હેતુ. ભાગ ૨ જો.

ત્રીજા આચાર્ય પદને નમસ્કાર કરવાનો હેતુ એવો છે કે જેમ આચાર્યમહારાજ પોતે શુદ્ધ આચાર પાળે છે અને પોતાના આચારવડે કર્મરૂપી મેલથી શુદ્ધ થતા જાય છે તેમ તેને નમસ્કાર કરતાં ગુણના અનુમોદનવડે આપણામાં પણ શુદ્ધ આચાર ઉત્પન્ન થાય, જેથી આપણા આત્માની ઉંચી સ્થિતિ કરવામાં તેવા સદાચાર આધારરૂપ થઈ પડે, તથા કઠોર પરિણામ જતાં રહી સરલ પરિણામ થાય અને જિનશાસનને અનુકૂળ જે જે શુભ આચરણ હોય તે આપણામાં પ્રગટ થાય જેથી આપણો આત્મા ઉચ્ચ સ્થિતિએ પહોંચવા શક્તિવાન થાય.

ચોથા ઉપાધ્યાય પદને નમસ્કાર કરવાનો હેતુ એવો છે કે જેમ ઉપાધ્યાય પોતે આત્મહિતનું શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને બીજા આત્માઓને તેવું શુદ્ધ જ્ઞાન આપવાની શક્તિ ધરાવે છે

અને એ રીતે પરોપકાર કરવાથી પોતાના આત્માને ઉપકાર કરી છેવટે ઉચ્ચપદને પ્રાપ્ત કરે છે. તેમ આપણને પણ તેઓને યોગ્ય વિધિએ નમન કરતાં ઉચ્ચ જ્ઞાન મેળવવામાં સુગમતા થઈ પડે છે અને છેવટે આપણે તેવું શુદ્ધ જ્ઞાન મેળવી બીજાનો ઉપકાર કરવા શક્તિમાન્ થઇએ છીએ–તે શુદ્ધ જ્ઞાન બીજાને સમજાવી શકીએ તેવી શક્તિ આપણામાં ઉત્પન્ન થાય છે અને છેવટે આપણો આત્મા પણ નિર્મળ થાય છે.

પાંચમા સાધુ પદને નમસ્કાર કરવાનો હેતુ એવો છે જે આપણે ઘણા કાળથી આ દુનિયામાં પાંચે ઇંદ્રિયોના વિષયોમાં મૂર્છિત થઈ, તથા તેમાં ગાઢ મોહ પામી જન્મ મરણના ફેરા ફર્યાજ કરીએ છીએ, તો જે સાધુ આ અસાર સંસાર ઉપરથી મોહ ઉતારી, વૈરાગ્ય પામી મન, વચન અને કાયાથી પોતાના આત્માને શુદ્ધ કરનારા સાધનોમાંજ ઉદ્યમવાળા રહે છે, તેવાને નમસ્કાર કરવાથી આપણે પણ આ દુનિયાની ખોટી મોહિનીથી વૈરાગ્ય પામી મૂર્છા ઉતારી, આત્મસાધન કરવાની શક્તિ પ્રાપ્ત કરીએ.

આ પંચપરમેષ્ઠી મહાપુરૂષોને નમસ્કાર કરતાં તેમના ઉચ્ચ ગુણો તરફ આપણું લક્ષ ખેંચાય છે ને તે ગુણો મેળવવાની ઇચ્છા થાય છે અને એમ થયું એટલે પાપ ઉપર તિરસ્કાર આવતાં આપણા તમામ પાપનો નાશ કરી શકાય છે.

## પાઠ ૩૩ મો. ગુરૂ અને તેના ગુણો.

નમસ્કાર મંત્રમાં ત્રીજા પદથી આચાર્યોને નમસ્કાર કરાય છે. આચાર્ય એટલે ઉત્તમ ધર્મગુરૂ.

જૈનધર્મમાં એવું કહ્યું છે કે બનતાં સુધી તમામ ધર્મક્રિયા ગુરૂની સમક્ષ કરવી જોઇએ; પણ કદાચ ગુરૂ દૂર હોય તો તેમના સ્મરણ માટે આપણી સામે બાજોઠ ઉપર પુસ્તક, પોથી, ગુરૂની છબી કે નવકારવાળી વિગેરે પવિત્ર વસ્તુ રાખી, તેમાં ગુરૂ-મહારાજની ભાવનાથી ગુરૂની સ્થાપના કરવી; પછી તેમની સમક્ષ સઘળી ધર્મક્રિયા કરવી.

આમ કરવાથી ગુરૂનો વિનય અને ગુરૂની સાક્ષી એ બે સચવાય છે. માટે નીચેના ગુણવાળા ગુરૂમહારાજની સ્થાપના કરવી. જેઓ:—

(૫) પાંચે ઈંદ્રિયોને વશ રાખે.
(૯) નવવાડવડે શીળ-સદાચારનું પાલન-રક્ષણ કરે.
(૪) ચાર જાતના કષાયને દૂર કરે.
(૫) પાંચ મહાવ્રત પાળવામાં સાવધાનતા રાખે.
(૫) પાંચ પ્રકારના આચાર પાળે.
(૫) પાંચ સમિતિ સાચવીને જયણાપૂર્વક કામ કરે.
(૩) ત્રણ ગુપ્તિ સાચવી પોતાના આત્મધ્યાનમાં રહે.

આ પ્રમાણેના છત્રીશ (૩૬) ગુણ સહિત હોય તેને આચાર્યમહારાજ કહીએ.

## પાઠ ૩૪ મો.

## ગુરૂ સ્થાપના ( સૂત્રપાઠ ) વાકયાર્થ સાથે.

પંચિંદિઅ સંવરણો—પાંચ ઈંદ્રિયોને રોકનાર.

તહ નવવિહ બંભચેરગુત્તિધરો—તથા નવ પ્રકારે, બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર.

ચઉવિહ કસાયમુક્કો—ચાર પ્રકારના કષાયથી મુક્ત.

ઈઅ અઠ્ઠારસગુણેહિં સંજુત્તો—આ અઢાર ગુણોએ સંયુક્ત (૧)

પંચ મહવ્વયજુત્તો—પાંચ મહાવ્રતે યુક્ત.

પંચવિહાયાર પાલણ સમથ્થો—પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ.

પંચ સમિઓ તિગુત્તો-પાંચ સમિતિ યુક્ત(અને)ત્રણ ગુપ્તિએ ગુપ્ત.

છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ—(એ)છત્રીશ ગુણો(યુક્ત)મારા ગુરૂ છે(૨)

ગુરૂસ્થાપના કરતી વખતે પંચપરમેષ્ઠી નમસ્કારનો પાઠ બોલીને ગુરૂસ્થાપનાનો ઉપર જણાવેલો સૂત્રપાઠ બોલવો.

## પાઠ ૩૫ મો. પાંચ ઈંદ્રિયોના વિકાર.

ગુરૂસ્થાપનાના પાઠમાં ગુરૂના છત્રીશ ગુણોનું વર્ણન કરેલું છે, તેમાં પાંચ ઈંદ્રિયોને રોકનાર. તે રૂપ પાંચ ગુણો પ્રથમ કહ્યા છે તે નીચે પ્રમાણે છે:—

પાંચ ઈંદ્રિયોના જે ત્રેવીશ વિષયો છે, તેના બસો બાવન (૨૫૨) વિકાર થાય છે. એટલે કે તે બસો બાવન પ્રકારે ભોગવાય છે. તે નીચે પ્રમાણે:—

૧ સ્પર્શ ઈંદ્રિય, જે ત્વચા ઈંદ્રિય તેના આઠ વિષયોના છન્નુ (૯૬) વિકાર થાય છે.

૨ રસ ઈંદ્રિય, તેના પાંચ વિષયોના બોંતેર(૭૨)વિકાર થાય છે.

૩ ઘ્રાણ ઈંદ્રિય, તેના પાંગ વિષયના બાર(૧૨)વિકાર થાય છે.

૪ ચક્ષુ ઈંદ્રિય, તેના પાંચ વિષયના સાઠ(૬૦)વિકાર થાય છે.

૫ શ્રોત્ર ઈંદ્રિય, તેના ત્રણ વિષયના બાર(૧૨)વિકાર થાય છે.

આ બસો બાવન વિકારની સમજણ ધીમે ધીમે આપવામાં આવશે, બસો બાવન વિકારમાંથી કેટલાએક સારા(પસંદ પડે તેવા) વિકાર છે અને કેટલાએક નઠારા (ન ગમે તેવા) વિકાર છે. તેમાં જે સારા વિકાર છે તેના ઉપર રાગ કરે નહીં અને નઠારા વિકાર છે તેના ઉપર દ્વેષ કરે નહીં. એવી રીતે પાંચ ઇંદ્રિયોને રોકવારૂપ પાંચ ગુણ જેમાં છે એવા તે ગુરૂ છે.

## પાઠ ૩૬ મો.

## પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયોના ૨૫૨ વિકાર વિષે.

મનહર છંદ.

સ્પર્શના વિષય આઠ, છન્નુ છે વિકાર તેના,
રસના વિષય પાંચ, બોંતેર વિકાર છે;
ઘ્રાણના છે બે વિષય, બાર છે વિકાર તેના,
ચક્ષુના વિષય પાંચ, સાઠ તો વિકાર છે. ૧
ત્રિ વિષય શ્રવણના, તેના છે વિકાર બાર,
મળી બસો બાવન તે, વિકાર ગણાય છે;
ત્રેવીશ વિષય તણા, ભોગવાય તે વિકાર,
તેમાં કઈક સારા ને, નઠારા તો મનાય છે. ૨
સારા પર રાગ ને, નઠારા પર દ્વેષ નહીં,
સમભાવ સમતાથી, સરવમાં ધારે છે;
ઉપયોગ ધરી ઉપકાર, ઉપદેશ થકી,
કરી જિનશાસનનો, ઉદ્યોત વધારે છે. ૩

નિજ મન વશ કરી, દુરગુણ પરહરી,
ઇંદ્રિય નિરોધ કરી, સંયમ નિભાવે છે;
એવા અવિકારી ભારી, અબાધિત વ્રત ધારી,
પાંચ ગુણવાન ગુરૂ, નિત્ય મન ભાવે છે. ૪

## પાઠ ૩૭ મો.

## બ્રહ્મચર્યની નવ ગુપ્તિ. ભાગ ૧ લો.

સ્ત્રી પુરૂષના શરીરનો સંબંધ તે મૈથુન છે. તેવી મૈથુન-વૃત્તિનો જે ત્યાગ કે અભાવ તે બ્રહ્મચર્ય છે. તે બ્રહ્મચર્યનું રક્ષણ કરવા સારૂ પરમાત્માએ નવ ગુપ્તિ કહેલી છે. નવ ગુપ્તિ તે બ્રહ્મ-ચર્યરૂપ વૃક્ષનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરવા સારૂ નવ પ્રકારની વાડ પણ કહેવાય છે.

### નવ વાડનાં નામ.

૧ વસતિ-બ્રહ્મચર્ય ધારણ કરનાર મહાત્મા, સ્ત્રી, પશુ કે નપુંસક જ્યાં રહેતાં હોય ત્યાં વાસ કરે નહિ.

સ્ત્રી બે પ્રકારની છે. દેવાંગના તથા મનુષ્યણી. તેના વળી બે બે ભેદ છે. એક મૂળ સ્ત્રી અને બીજી સ્ત્રીની મૂર્ત્તિ. આનો વાસ જ્યાં હોય ત્યાં બ્રહ્મચારી વાસ કરે નહીં કેમકે તે વિકાર ઉપજવાના હેતુરૂપ છે. વળી પશુમાં ગાય, બકરી, ઘોડી, ગધેડી, પાડી વિગે-રેને જ્યાં રાખવામાં આવતાં હોય ત્યાં પણ રહે નહીં. વળી નપુંસક તે તો સ્ત્રી અને પુરૂષ બંનેની સાથે મૈથુન સેવવાનો અભિલાષી હોવાથી જ્યાં તેની વસતિ

હોય ત્યાં પણ વાસ કરે નહીં. આવા પ્રકારની વસતિમાં રહેવાથી-તેઓના મૈથુન વિકારની ચેષ્ટા દેખવાથી બ્રહ્મચારીના મનમાં વિકાર ઉત્પન્ન થાય છે. તેથી તેવી વસતિમાં વાસ ન કરવો તે પહેલી બ્રહ્મચર્યની ગુપ્તિ છે.

૨ કથા-બ્રહ્મચારીએ કેવળ એકલી સ્ત્રીઓનેજ કે એક સ્ત્રીને ધર્મનો ઉપદેશ પણ કરવો નહીં. સ્ત્રીની સાથે કથા કરવી અથવા સ્ત્રીકથા કરવી તે વિકારનું કારણ છે. વળી બ્રહ્મચારીએ કામવિલાસના ગ્રંથો પણ વાંચવા નહીં કારણ કે તેવા ગ્રથો વાંચવાથી મન વિકારવાળું થાય છે, તેથી સ્ત્રીકથા ન કરવી તે બ્રહ્મચર્યની બીજી ગુપ્તિ છે.

## પાઠ ૩૮ મો.

## બ્રહ્મચર્યની નવ ગુપ્તિ. ભાગ ૨ જો.

૩ આસન-બ્રહ્મચારીએ સ્ત્રીઓની સાથે એક આસન ઉપર બેસવું નહીં. તેમજ જ્યાં સ્ત્રી બેઠી હોય તે આસન ઉપર બે ઘડી ( ૪૮ મીનીટ ) સુધી બેસવું નહીં. તેવું આસન સ્ત્રીઓનું સ્મરણ થવાનું અને તેથી વિકાર ઉપજવાનું કારણ છે. તેથી તેવા આસનનો ત્યાગ તે બ્રહ્મચર્યની ત્રીજી ગુપ્તિ છે.

૪ ઇંદ્રિયનિરીક્ષણ-બ્રહ્મચારીએ સ્ત્રીનાં અંગોપાંગ તાકી તાકીને એકાગ્રતાથી જોવાં કે નિરખવાં નહીં. કારણ કે તેના અંગોપાંગને તાકીતાકીને સરાગપણે જોવાથી કામવિકારની ઉત્પત્તિ થાય છે. તેથી તેવી રીતે સ્ત્રીનાં અંગોપાંગ ન જોવાં તે બ્રહ્મચર્યની ચોથી ગુપ્તિ છે.

૫ કુડ્યાંતર-જે ભીંત, કનાત કે ત્રાટાને આંતરે સ્ત્રી પુરૂષ સુતાં હોય કે મૈથુન સેવતાં હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહી. તેથી કુડ્યાંતર નિવાસ ન કરવો તે બ્રહ્મચર્યની પાંચમી ગુપ્તિ છે.

૬ પૂર્વક્રીડા સ્મરણ-પોતે ગ્રહસ્થાવસ્થામાં મૈથુનક્રીડા જે જે પ્રકારે કરી હોય તેનું સ્મરણ બ્રહ્મચારીએ કરવું નહીં. કારણ કે તેવા સ્મરણથી બ્રહ્મચર્યમાં ભંગ થવાનો સંભવ છે. તેથી તેવી ક્રીડા ન સંભારવી તે બ્રહ્મચર્યની છઠ્ઠી ગુપ્તિ છે.

---

## પાઠ ૩૯ મો.

## બ્રહ્મચર્યની નવ ગુપ્તિ. ભાગ ૩ જો.

૭ પ્રણીતભોજન-ઘી, દૂધ, દહીં વિગેરે ચીકાશવાળા પદાર્થો તથા મીઠાશવાળા પદાર્થો જેથી વીર્યની વૃદ્ધિ થાય છે. તેવા પદાર્થો બ્રહ્મચારીએ ખાવા નહીં. કારણ કે તેથી કામવિકારની ઉત્પત્તિ થાય છે. તેવા વિકારી પદાર્થોનો ત્યાગ તે બ્રહ્મચર્યની સાતમી ગુપ્તિ છે.

૮ અતિમાત્રાહાર-લુખો ખોરાક પણ અતિશય ખાવો નહીં. કારણ કે અધિક ખાવાથી પણ વિકાર ઉત્પન્ન થાય છે. તેથી પ્રમાણથી અધિક લુખો ખોરાક પણ ખાવાનો ત્યાગ તે બ્રહ્મચર્યની આઠમી ગુપ્તિ છે.

૯ વિભૂષા-બ્રહ્મચારીએ સ્નાન, વિલેપન, પુષ્પ, અત્તર વિગેરે શૃંગારના કારણો સેવવાં નહીં. કારણ કે તેવાં કારણોથી બ્રહ્મચર્યમાં હાનિ થાય છે. તેથી તેવી વભૂષાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્યની નવમી ગુપ્તિ છે.

ઉપર પ્રમાણે નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ રૂપ નવ ગુણ ગુરૂમાં હોય છે.

## પાઠ ૪૦ મો. બ્રહ્મચર્યની નવ વાડ વિષે.

ભુજંગી છંદ.

ખીલ્યું ધર્મ ઉદ્યાનમાં વૃક્ષ વર્ય,
સદા જાણવું શ્રેષ્ઠ તે બ્રહ્મચર્ય;
નવે ગુપ્તિની વાડ તેને બચાવા,
રચે સંયમી ધર્મ પૂરો નિભાવા. ૧
પશુ નારીઓ ક્લીબ જ્યાં નિત્ય રે છે,
મુનિ વાસ ત્યાં નહિ કદાપિ કરે છે;
કરે નહિ કથા સુંદરી સાથ હેતે,
ન વાંચે વિકારો તણા ગ્રંથ પ્રીતે. ૨
સ્ત્રીઓ સાથ નહિ આસને એક બેસે,
વિચારે સદા તે વિકારી વિશેષે;
નહીં નીરખે નારીનાં અંગ સારાં,
અને તેથી કામી વિકારો નઠારાં. ૩
અને ભીંતને આંતરે જ્યાં વિલાસ,
કરે નહિ મુનિ ત્યાં જરાએ નિવાસ;
કરી પૂર્વ જે કામ ક્રીડા રસેથી,
સ્મરે નહિ ઋષિ ચિત્તમાં તે મિષેથી. ૪

ન ખાયે કદિ સ્નિગ્ધ ઉન્માદકારી,
પદાર્થો બને જે થકી વીર્ય ભારી;
ગ્રહે નહિ અતિ રૂક્ષ આહાર ભારે,
અતિ વીર્યને જે વપુમાં વધારે. ૫
સુવસ્ત્રો સુગંધી ગણીને નકારા,
ધરે દોષ તે પુદ્‌ગળોના અપારા;
ન ધારે મુનિ અંગ શૃંગાર સારા,
કરે ભ્રષ્ટ ચારિત્રને તે નઠારા. ૬
નવે ગુપ્તિઓએ ધરી ધર્મભાવી,
ગુરૂ ગાજતા તે ગુણોને ગજાવી;
બની ભક્ત તેના ભલી ભક્તિ ભાવો,
ગુરૂના ગુણી ગીતને નિત્ય ગાવો. ૭

## પાઠ ૪૧ મો. ચાર કષાય.

કષાય શબ્દમાં કષ એટલે સંસાર અને આય એટલે લાભ અર્થાત્ જેને સંસારનો લાભ અપાવે તે કષાય કહેવાય છે. સારાંશ કે જે સેવવાથી સંસારમાં વારંવાર જન્મ મરણ કરવા પડે તે કષાય.

"કષાયના ચાર પ્રકાર છે."

૧ ક્રોધ કષાય—કોઈ પણ મનુષ્ય અથવા પદાર્થની સાથે એવી રીતનો સંબંધ થાય કે તેના ઉપર તપવાનું યા લાલ-

ચોલ થવાનું થાય તે. ( ગુસ્સો કરવો તે )

૨ માન કષાય—પોતાની બડાઈ કરવી યા અભિમાન કરવું. તેમાં જે પ્રકારના ગુણ તથા શક્તિ પોતામાં હોય તેનાં વખાણ કરવાં-કરાવવાં તે મદ છે અને જે ગુણ અથવા શક્તિ પોતાને પ્રાપ્ત ન થયેલ હોય તેનાં વખાણ કરવાં કે કરાવવાં તે માન છે.

૩ માયા કષાય—કપટ વૃત્તિ એટલે કે ગુપ્ત રીતે પોતાના સ્વાર્થનાં કામો સાધવાની વૃત્તિ. પોતાના અંતઃકરણમાં જૂદું હોય તેમ છતાં મોઢે મીઠું બોલી ફસાવવું તેવી કપટક્રિયા.

૪ લોભ કષાય—સાંસારિક સર્વ પ્રકારના પદાર્થોનો સંગ્રહ કરવાની, મેળવવાની તથા તેમાં આસક્તિ રખાવનારી વૃત્તિ.

આ ચાર કષાયથી તે ગુરૂ મૂકાયેલા હોય છે અને તે ચાર કષાય જેનાથી દૂર થાય તેવા ચાર ગુણ તે ગુરૂમાં પ્રગટ થાય છે. તે ચાર ગુણ—ક્ષમા, નિરભિમાનપણું, સરળતા ને સંતોષ.

## પાઠ ૪૨ મો.

## પાંચ મહાવ્રત. ભાગ ૧ લો.

### અહિંસા—( પ્રથમ મહાવ્રત )

પાંચ મહાવ્રતમાં અહિંસા એ પહેલું મહાવ્રત છે. પ્રમાદના કારણથી ત્રસ અથવા સ્થાવર જીવોનો જે નાશ કરવો તે હિંસા કહેવાય અને તે હિંસાથી નિવર્ત્તવું તે અહિંસા કહેવાય.

"નીચેના આઠ કારણોથી જે હિંસા થાય તે પ્રમાદથી હિંસા સમજવી."

૧ સંશય–જેમકે કોઈ પણ વસ્તુમાં જીવ ઉત્પન્ન થયા હશે કે નહીં એવી પોતાને શંકા પડ્યા છતાં તે વસ્તુ વાપરવી.

૨ વિપર્યય–કંદમૂળ જે જીવનું દળ છે, તથા પકાવેલું માંસ જે ત્રસ જીવમય છે, તેમ છતાં તેમાં જીવ હોયજ નહીં એવી માન્યતા કરી તે વસ્તુ વાપરવી.

૩ રાગ–પોતાના શરીર ઉપર મમતા થવાથી વ્યાધિને પ્રસંગે પણ જીવવાળા પદાર્થો વાપરવા.

૪ દ્વેષ–બીજાની સાથે પ્રતિકૂળતા થવાથી તેના જીવનો વિનાશ કરવો.

૫ વિસ્મૃતિ–અમુક વસ્તુ નિર્જીવ હતી તે સજીવ થઇ છે એવું પોતાને જાણપણું થયા છતાં તે ભૂલી જઈ તે વસ્તુ વાપરવી.

૬ મનની અસ્વસ્થતા–ઘેલછા થવાથી જીવહિંસા થાય તે.

૭ શરીરની અસ્વસ્થતા–નિદ્રામાં કે તંદ્રામાં પ્રમાર્જ્યા વિના શરીરને ફેરવવાથી જીવહિંસા થાય તે.

૮ અનદર–બેદરકારીથી વસ્ત્રાદિ પડિલેહતાં જીવહિંસા થાય તે.

ઉપરના કોઈ પણ કારણથી મન, વચન, કાયાવડે પોતે જીવહિંસા કરે નહીં, બીજા પાસે કરાવે નહીં અને જીવહિંસા કરનારની અનુમોદના કરે નહીં એવા તે ગુરૂ છે.

# પાઠ ૪૩ મો.

## પાંચ મહાવ્રત. ભાગ ૨ જો.

### સત્ય ( બીજું મહાવ્રત ).

" પાંચ મહાવ્રતમાં સત્ય તે બીજું મહાવ્રત છે. " જે વચન પ્રિય હોય તથા જે વચન પથ્ય એટલે હિતકારી હોય અને જે વચન તથ્ય એટલે ખરેખરૂં હોય તેવું વચન બોલવું તે સત્ય વચન કહેવાય છે.

પ્રિયવચન સાંભળતાંજ મીઠું લાગે છે અને પથ્ય વચન ભવિષ્યમાં કહેનારને વા સાંભળનારને હિતકારી થાય છે તેથી તેવા વચન શિવાય વ્યવહારની અપેક્ષાએ ખરેખરૂં હોય છતાં પણ તે વચન જો અપ્રિય કે અહિતકારી હોય તો તે સત્ય વ્રતવાળો બોલે નહીં.

જેમકે કોઈ ચોરને કહેવું કે " તું ચોર છે " કોઇ વ્યભિચારીને કહેવું કે " તું વ્યભિચારી છે " અથવા કોઈ કોઢીઆને કહેવું કે " તું કોઢીઓ છે " આ વચનો સત્ય હોવા છતાં સાંભળનારને તે અપ્રિય લાગવાથી માઠાં પરિણામ આવે છે. તેથી તેવાં સત્ય વચન પણ સત્ય ન સમજવાં.

વળી કોઇ શિકારી શિકાર કરવા વનમાં જાય છે, તે પૂછે કે તમે આ વનમાં હરણો જોયાં છે ? તેના જવાબમાં " આ વનમાં હરણો જોયાં છે " એમ કહેવાથી તે પ્રાણીઓનો શિકાર થાય છે, તેથી તે અહિતકારી વચન સત્ય હોવા છતાં તેવું વચન સત્ય ન સમજવું.

ઉપર પ્રમાણે કોઈ પણ અસત્ય વચન પોતે બોલે નહીં, બીજા પાસે બોલાવે નહીં અને તેવા બોલનારની અનુમોદના કરે નહીં એવા તે ગુરૂ છે.

## પાઠ ૪૪ મો.

## પાંચ મહાવ્રત. ભાગ ૩ જો.

### અસ્તેય-( અદત્ત તજવારૂપ ત્રીજું મહાવ્રત )

પાંચ મહાવ્રતમાં અસ્તેય વા અદત્તનો ત્યાગ તે ત્રીજું મહાવ્રત છે.

ઘાસના તરખલા જેવી વસ્તુ પણ બીજાની માલેકીની જે હોય તે તેની પરવાનગી શિવાય ન લેવી તે અસ્તેય વા અદત્ત વિરમણ વ્રત કહેવાય.

ધન તે મનુષ્યના બહારના પ્રાણ છે અને તે અંતરંગ પ્રાણના આધારરૂપ છે. તેથી અનીતિથી પારકાના ધનનું હરણ કરનાર મનુષ્ય તે મનુષ્યના પ્રાણનો નાશ કરે છે એમ સમજવું.

અદત્તના ત્યાગરૂપ વ્રતના ચાર ભેદ છે તે નીચે પ્રમાણે-

૧ સ્વામિ અદત્ત-કોઈ પથ્થર, કાષ્ઠ કે તૃણ જેવી વસ્તુ પણ તેના માલીકે નહીં આપ્યા છતાં લઈ લેવી તે.

૨ જીવ અદત્ત-જીવના સ્વામીએ આપેલ હોય છતાં જીવે પોતે ન આપેલ હોય તે. જેમકે દીક્ષા પરિણામ વિનાના પુત્રને તેની ઈચ્છાવગર તેના માતાપિતા, ગુરૂને આપે તે; અથવા કોઇ વનસ્પતિકાય જેવી સજીવ વસ્તુ તેના માલીકે વગર સમજયા સાધુને આપી હોય તે.

૩ ગુરૂ અદત્ત-ગુરૂની આજ્ઞા શિવાય શિષ્યે પોતે આણેલી વસ્તુ પણ વાપરવી તે.

૪ તીર્થંકર અદત્ત-વસ્તુના સ્વામીએ આપેલી હોય પરંતુ તીર્થંકર મહારાજે જેને દોષવાળી કહેલી હોય તેવી વસ્તુ લેવી તે.

ઉપર પ્રમાણે કોઈપણ પ્રકારે અસ્તેય વ્રતનો ભંગ થાય તેવી વસ્તુ પોતે લે નહીં, બીજા પાસે લેવરાવે નહીં અને તેવા લેનારની અનુમોદના કરે નહીં એવા તે ગુરૂ છે.

## પાઠ ૪૫ મો.

## પાંચ મહાવ્રત. ભાગ ૪ થો.

### બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્યવ્રત તે પાંચ મહાવ્રતમાં ચોથું વ્રત છે. તેનું બીજું નામ મથુન વિરમણ વ્રત છે.

વૈક્રિય શરીરસંબંધી એટલે દેવશરીરસંબંધી અને ઔદારિક શરીર સંબંધી એટલે મનુષ્ય અને તિર્યંચના શરીરસંબંધી મૈથુનનો જે ત્યાગ તે બ્રહ્મચર્ય વ્રત કહેવાય છે.

બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારાએ અઢાર પ્રકારથી મૈથુનનો ત્યાગ કરવો જોઇએ.

તે અઢાર પ્રકારનું વર્ણન નીચે પ્રમાણે:—

૧ મનથી, વચનથી તથા કાયાથી વૈક્રિય શરીરસંબંધી મૈથુન કરે નહીં.

૨ મનથી, વચનથી તથા કાયાથી ઔદારિક શરીરસંબંધી મૈથુન કરે નહીં.

૩ મનથી, વચનથી તથા કાયાથી વૈક્રિય શરીરસંબંધી મૈથુન કરાવે નહીં.

૪ મનથી, વચનથી તથા કાયાથી ઔદારિક શરીરસંબંધી મૈથુન કરાવે નહીં.

૫ મનથી, વચનથી તથા કાયાથી વૈક્રિય શરીરસંબંધી મૈથુન કરનારની અનુમોદના કરે નહીં.

૬ મનથી, વચનથી તથા કાયાથી ઔદારિક શરીરસંબંધી મૈથુન કરનારની અનુમોદના કરે નહીં.

આ પ્રમાણે મનથી, વચનથી, કાયાથી જુદાજુદા છ છ ભેદ ગણતાં ૧૮ પ્રકાર થાય છે.

ઉપર પ્રમાણે પોતે મૈથુન કરે નહીં, બીજા પાસે મૈથુન કરાવે નહીં અને તેવા મૈથુન કરનારની અનુમોદના કરે નહીં એવા ચતુર્થવ્રતધારી તે ગુરૂ છે.

—∘∘⁂⁂⁂∘∘—

## પાઠ ૪૬ મો.

## પાંચ મહાવ્રત. ભાગ ૫ મો.

### અપરિગ્રહ.

પાંચ મહાવ્રતમાં અપરિગ્રહવ્રત તે પાંચમું વ્રત છે. સર્વ પદાર્થોમાં જે મૂર્છાનો ત્યાગ એટલે મોહનો ત્યાગ કરવો તે અપરિગ્રહવ્રત કહેવાય. પદાર્થો પોતાની પાસે ન હોય છતાં મોહને લીધે ચિત્તની અસ્થિરતા રહે છે.

પદાર્થોસંબંધી સર્વ ભાવો એટલે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, અને સર્વ ભાવ સમજવા. માત્ર ધનનો ત્યાગ કરવાથી અપરિગ્રહવ્રત કહેવાય નહીં, પરંતુ ધનના ત્યાગની સાથે સર્વ પદાર્થો ઉપરની મૂર્છાનો ત્યાગ સર્વ ભાવોથી થાય ત્યારેજ અપરિગ્રહ વ્રત કહેવાય. જ્યાંસુધી સર્વ પદાર્થો ઉપરથી મોહનો ત્યાગ થતો નથી ત્યાંસુધી આત્માને શાંતસુખની પ્રાપ્તિ થતી નથી. દૃષ્ટાંત કે–જેમ કોઈ ભિખારી પાસે કાંઈ પણ વસ્તુ નથી, છતાં સર્વ

વસ્તુ મેળવવાની તેને ઇચ્છા હોવાથી તેના મનમાં કલેશ રહ્યા કરે છે અને તેથી તેને શાંતસુખ પ્રાપ્ત થતું નથી. તેજ કારણથી તેની પાસે કાંઇ પણ વસ્તુ નહીં છતાં તે અપરિગ્રહી કહેવાય નહીં. વળી દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવની સામગ્રી વિદ્યમાન છતાં તૃષ્ણા વિનાના મનવાળાને ચિત્તની સ્થિરતા હોવાથી શાંતસુખની પ્રાપ્તિ થાય છે. તેજ હેતુને લીધે માત્ર ધર્મના ઉપકરણોને રાખનારા અને શરીર તથા ઉપકરણોમાં પણ મમતારહિત એવા સાધુઓનેજ અપરિગ્રહવ્રત હોય છે.

જેમ ઘોડાને ઘણાં આભૂષણો પહેરાવેલાં હોય તો પણ તેમાં જેમ તેનું નિઃસ્પૃહીપણું છે, તેમ ધર્મના ઉપકરણોવાળા પરંતુ તે ઉપર મૂર્ચ્છા વિનાના એવા મુનિને નિઃસ્પૃહીપણું છે. તેથી તેવી રીતે ધર્મના ઉપકરણો રાખનારા મુનિને પરિગ્રહપણાનો દોષ નથી.

ઉપર પ્રમાણે પોતે પરિગ્રહ રાખે નહીં, બીજા પાસે રખાવે નહીં અને પરિગ્રહ રાખનારની અનુમોદના કરે નહીં એવા તે ગુરૂ છે.

## પાઠ ૪૭ મો.

## ચાર કષાય વિષે

( સવૈયા એકત્રીશા. )

કષ એટલે સંસાર તણો જે આય–લાભને આપે જેહ,
ચાર કષાય કહ્યા જિનરાજે જન્મ મરણના કારણ જેહ;
શબ્દ તણો જે મર્મ વિચારે કર્મ વિદારે ધારી ઉજાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૧

ક્રોધ કષાય કરે નહીં ક્યારે તપે; નહીં તલમાત્ર લગાર,
શાંત સુધારસ નિર્મળ ઝરતો સ્મિતવદને શુભ વચન ઉચ્ચાર;
માન ધરે મનમાં ન કદાપિ નહીં મદનો પણ લેશ વિકાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૨
માયાજાળ રચી નવ સાધે સ્વાર્થ કદી કરી નીચ વિચાર,
લોભ ધરી લોલુપતા સાથે રાખે નહીં આસક્તિ લગાર;
જે આ ચાર કષાય નિવારી ચઉ ગુણ ધરતા પૂર્ણ પ્રકાશ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૩

## પાઠ ૪૮ મો.

## પાંચ મહાવ્રત વિષે.

### ( સવૈયા એકત્રીશા. )

જેહ પ્રમાદ ધરી ત્રસ થાવર જંતુ હણે નહીં દીનદયાળ,
યતનાથી સંયમ સાધંતા વિચરે પૂર્ણ દયા પ્રતિપાળ;
એહ અહિંસા વ્રતના રાગી આપ વિરાગી જ્ઞાનવિલાસ,
તે ગુરૂભક્તિ કરો ભવી ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૧
સત્ય અને પ્રિય પથ્ય વચન જે વદતા વદનકમળથી નિત્ય,
વચનામૃતનું સિંચન કરતા પરજનને ઉપજાવે પ્રિત;
સત્ય મહાવ્રત પાળે તેવું અંતર રાખી પૂર્ણ ઉલાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૨
ગ્રહણ કરે નહીં પરની વસ્તુ હોય કદાપી ભલે તૃણતૂલ્ય,

એહ અદત્તાદાન ગણીને માને પણ મનથી બહુમૂલ્ય;
એમ ધરે અસ્તેય અહોનિશ સર્વ વિષે સમતાનો ભાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૩
ભંગ કરી રતિરંગ સર્વદા પાળે બ્રહ્મ અખંડિત આપ,
મન વચન કાયાથી છાંડી શીળ તણી મારે જે છાપ;
દેહ ધરે નિર્મળ અકલંકિત દુર્ગુણમાં રહે નિત્ય ઉદાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૪
સર્વ ભાવથી મૂર્ચ્છા છોડે સર્વ વસ્તુ પર રાખી ટેક,
અપરિગ્રહ વ્રત સાચવવાને ધારે અંતર પૂર્ણ વિવેક,
પંચ મહાવ્રત એવા ધારી પૂર્ણ દીપાવે સંયમ વાસ,
તે ગુરૂભક્તિ કરો ભવિ ભાવે હર્ષ ધરી હરવા ભવવાસ. ૫

## પાઠ ૪૯ મો.

## પંચ આચાર.

મર્યાદા પ્રમાણે વર્ત્તવું તે આચાર કહેવાય. સાધુ અને સાધ્વી સંસારનો ત્યાગ કરી પોતાના આત્માનું કલ્યાણ કરવા પ્રયાસ કરે છે.

શ્રાવક અને શ્રાવિકા સંસારનો ત્યાગ કરવાને અશક્ત હોવાથી ગૃહસ્થધર્મમાં રહી આત્માનું કલ્યાણ કરવાનો પ્રયાસ કરે છે.

સાધુ તથા સાધ્વીએ પોતાને યોગ્ય એવી, સિદ્ધાંતમાં ઉપદેશ કરેલી, મર્યાદા પ્રમાણે વર્ત્તવું તે સાધુ આચાર કહેવાય છે.

શ્રાવક અને શ્રાવિકાએ પોતાને યોગ્ય એવી, સિદ્ધાંતમાં ઉપદેશ કરેલી, મર્યાદા પ્રમાણે વર્ત્તવું તે શ્રાવક આચાર કહેવાય છે.

"તે આચાર પાંચ પ્રકારના છે. તેના નામ-"

૧ જ્ઞાનાચાર. ૨ દર્શનાચાર. ૩ ચારિત્રાચાર.
૪ તપાચાર. ૫ વીર્યાચાર

આ પાંચ આચારસંબંધી સમજણના પાઠો આગળ વાંચો.

આ પાંચે આચાર સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાએ પોતપોતાની હદ પ્રમાણે યથાશક્તિ પાળવાના છે.

---

## પાઠ ૫૦ મો.

## પંચ આચાર. ભાગ ૧ લો.

### જ્ઞાનાચાર.

પાંચ આચારમાં જ્ઞાનાચાર તે પ્રથમ આચાર છે.

વસ્તુના સ્વરૂપનો યથાર્થ બોધ કરવો તે જ્ઞાન કહેવાય.

તે જ્ઞાનસંબંધી આચાર આઠ પ્રકારે પાળવાની સિદ્ધાંતમાં આજ્ઞા છે.

તે આઠ પ્રકારના નામ નીચે પ્રમાણે:--

૧ કાળ આચાર-સિદ્ધાંતમાં જે કાળે-જે અવસરે, જે શાસ્ત્ર ભણવાની આજ્ઞા કરેલી હોય, તેજ કાળે-તેજ અવસરે, તેજ ભણવું તે કાળ આચાર કહેવાય.

૨ વિનય આચાર-જ્ઞાન અને જ્ઞાનીનો સમાગમ થતાં તેમની પ્રત્યે વંદન, પૂજન, નમસ્કાર પ્રમુખ ઉચિત વ્યવહાર જે સાચવવો તે વિનય આચાર કહેવાય.

૩ બહુમાન આચાર-જ્ઞાન અને જ્ઞાની ઉપર નિરંતર અંતરંગથી જે પ્રેમ કરવો તે બહુમાન આચાર કહેવાય.

૪ ઉપધાન આચાર–જે જે સૂત્રને ભણતાં તપપ્રમુખથી યોગ વહન અથવા ઉપધાન વહન કરવાં તે ઉપધાન આ-ચાર કહેવાય.

૫ અનિન્હુવણ આચાર–જે વિદ્યાગુરૂની પાસે પોતે ભણેલો હોય અથવા ભણતો હોય તેને ઓળવવો નહીં અને તેનો ઉપકાર માનવો તે અનિન્હુવણ આચાર કહેવાય.

૬ સૂત્ર આચાર–સૂત્ર, શબ્દ કે અક્ષર અશુદ્ધ નહીં ભણતાં શુદ્ધ ભણવા અને તેનો ઉચ્ચાર શુદ્ધ કરવો તે સૂત્ર આચાર કહેવાય.

૭ અર્થ આચાર–સૂત્ર કે શબ્દનો અર્થ શુદ્ધ ભણવો ને શુદ્ધ કહેવો તે અર્થ આચાર કહેવાય.

૮ તદુભય આચાર–સૂત્ર તથા શબ્દ બંને શુદ્ધ ભણવા તેના ઉચ્ચાર શુદ્ધ કરવા અને તેના અર્થ પણ શુદ્ધ ભણવા ને શુદ્ધ કહેવા તે તદુભય આચાર કહેવાય.

ઉપર પ્રમાણે જ્ઞાનસંબંધી આઠ આચાર યથાશક્તિ પોતે પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૧ મો.

## પંચ આચાર. ભાગ ૨ જો.

### દર્શનાચાર. ભાગ ૧ લો.

પાંચ આચારમાં દર્શનાચાર તે બીજો આચાર છે.

જિનેશ્વરે કહેલા તત્ત્વને વિષે યથાર્થ રૂચિ તે સમ્યગ્ દર્શન કહેવાય, તેમજ આત્મસ્વરૂપનો યથાર્થ અનુભવ તે પણ દર્શન કહેવાય. અહીં દર્શન એટલે સમકિત સમજવું.

તે દર્શનસંબંધી આચાર આઠ પ્રકારે પાળવાની સિદ્ધાંતમાં આજ્ઞા છે.

તે આઠ આચારના નામ નીચે પ્રમાણે:—

૧ નિઃશંક આચાર–શ્રી વીતરાગ પરમાત્માએ જે જે વસ્તુનું સ્વરૂપ જે પ્રમાણે કહેલું છે તેજ પ્રમાણે સત્ય માનવું પણ તે વિષે શંકાયુક્ત મન ન રાખવું તે નિઃશંક આચાર કહેવાય.

૨ નિઃકાંક્ષ આચાર–જૈનધર્મ વિના બીજા મતવાળાઓની તપશકિત, જ્ઞાનશકિત, મંત્રશકિત વિગેરેથી ચમત્કાર નહીં પામી, તેમના મતની અભિલાષા ન કરવી તે નિઃકાંક્ષ આચાર કહેવાય.

૩ નિર્વિતિગિચ્છ આચાર–જૈનધર્મસંબંધી ક્રિયા અથવા અનુષ્ઠાન કરતાં જેમકે પ્રતિક્રમણ કરતાં, તપ કરતાં, બ્રહ્મચર્ય પાળતાં તેનું ફળ મળતું હશે કે નહીં ? એવો લેશમાત્ર પણ સંદેહ ન રાખવો તે અથવા સાધુ અને સાધ્વીના મેલવાળા શરીર તથા વસ્ત્ર દેખીને સૂગ ન ચડાવવી કે તેમની નિંદા ન કરવી તે નિર્વિતિગિચ્છ આચાર કહેવાય.

## પાઠ ૫૨ મો.

## પંચ આચાર. ભાગ ૨ જો.

## દર્શનાચાર. ભાગ ૨ જો.

૪ અમૂઢદૃષ્ટિ આચાર–અન્યમતવાળાઓના ચમત્કારિક કાર્યો દેખી, બીજા મતમાં પણ ધર્મ છે એવી રીતનો વ્યામોહ

ન કરવો તે અથવા જૈનધર્મને વિષે નવતત્ત્વ સંબંધી સૂક્ષ્મ વિચારના સ્વરૂપમાં નહીં મુંઝાતાં પ્રવીણ થવું તે અમૂઢદૃષ્ટિ આચાર કહેવાય.

૫ ઉપબૃંહક આચાર—ગુણવંત સાધુ કે શ્રાવકના અલ્પ ગુણની પણ શ્રદ્ધાપૂર્વક પ્રશંસા કરવી તે ઉપબૃંહક આચાર કહેવાય. સાધ્વી ને શ્રાવિકા માટે પણ તેજ પ્રમાણે સમજવું.

૬ સ્થિરીકરણ આચાર—જૈનધર્મના શાસ્ત્રોથી પણ જીવોને ધર્મનો બોધ આપી સ્થિર કરવા અને જૈનધર્મ નહીં પામેલાને ધર્મનો બોધ આપી જૈનધર્મમાં સ્થાપવા તે સ્થિરીકરણ આચાર કહેવાય.

૭ વાત્સલ્ય આચાર—જે જે મનુષ્યો સમાનધર્મી હોય એટલે કે જૈનધર્મને પાળતા હોય તેઓની ભક્તિ કરવી, તેઓ દુઃખી હોય તો તેમનું હરેક રીતે દુઃખ ટાળવું, તેમની સાથે મિત્રતા કરવી તે વાત્સલ્ય આચાર કહેવાય.

૮ પ્રભાવના આચાર—જે જે કાર્યો કરવાથી જૈનધર્મની મનુષ્યો એવી રીતે અનુમોદના કરે કે 'ધન્ય છે જૈનધર્મને કે જેને વિષે ઉત્તમ મનુષ્યો આવાં ઉત્તમ કાર્યો કરે છે.' તેમજ એવા સદાચરણોથી વર્ત્તવું કે જેથી જૈનધર્મની પ્રશંસા થાય અને બીજા જીવો સમ્યગ્ દર્શન પામે તે પ્રભાવના આચાર કહેવાય.

ઉપર પ્રમાણે દર્શનસંબંધી આઠ આચાર યથાશક્તિ પોતે પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૩ મો.

## પંચ આચાર ભાગ ૩ જો.

### ચારિત્રાચાર.

પાંચ આચારમાં ચારિત્રાચાર તે ત્રીજો આચાર છે.

સર્વ સાવદ્યયોગનો પરિત્યાગ તે ચારિત્ર અથવા સર્વ પ્રકારના કર્મની રાશિનો નાશ કરે તે ચારિત્ર. વા મન, વચન ને કાયાના યોગને જે સ્થિર કરે તે ચારિત્ર. એવી રીતે ચારિત્રની જુદી જુદી વ્યાખ્યાઓ છે.

ચારિત્રના બે પ્રકાર છે. એક સર્વવિરતિ ચારિત્ર અને બીજું દેશવિરતિ ચારિત્ર.

સર્વવિરતિ ચારિત્રવાળા તે સાધુ કહેવાય છે અને દેશવિરતિ ચારિત્રવાળા તે શ્રાવક કહેવાય છે.

સર્વવિરતિ ચારિત્રમાં બાર પ્રકારની અવિરતિનો સર્વથા ત્યાગ હોય છે. દેશવિરતિ ચારિત્રમાં તે અવિરતિનો દેશથી ત્યાગ હોય છે.

બાર અવિરતિ નીચે પ્રમાણે:—

૫ (પાંચ) ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાં યથારૂચિ પ્રવર્તવા દેવી તે પાંચ અવિરતિ, તથા

૧ (એક) કાંઇ પણ પાપવાળા કાર્યથી મનનો નિગ્રહ ન કરવો તે છઠ્ઠી અવિરતિ વળી

૬ પાંચ સ્થાવર જીવ તથા છઠ્ઠા ત્રસ જીવની હિંસામાં પ્રવૃત્તિ કરવી એ રીતે બાર પ્રકારની અવિરતિ છે.

ચારિત્રના આઠ આચાર છે. તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે. તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ જુદા પાઠોમાં આવશે.

# પાઠ ૫૪ મો.

## પંચ આચાર. ભાગ ૪ થો.

### તપાચાર. ભાગ ૧ લો. બાહ્ય તપ.

પાંચ આચારમાં તપાચાર તે ચોથો આચાર છે.

કર્મરૂપ ઇંધનને ભસ્મ કરવા સારૂ જે ગુણરૂપ અગ્નિને પ્રદીપ્ત કરવો તે તપ કહેવાય છે. જેમ દોષવાળું સુવર્ણ પ્રદીપ્ત કરેલા અગ્નિથી શુદ્ધ થાય છે તેમ તપરૂપ અગ્નિથી તપતો એવો આત્મા કર્મરૂપ મેલને ભસ્મ કરી નિર્મળ થાય છે.

તપાચારના બે ભેદ છે. એક બાહ્ય તપાચાર અને બીજો અભ્યંતર તપાચાર એ બંને ભેદના વળી બીજા છ છ ભેદ છે. તેમાં બાહ્ય તપાચારના છ ભેદ છે તે નીચે પ્રમાણે:—

૧ અનશન તપાચાર—જેટલા કાળ સુધીનો નિયમ લઇએ તેટલા કાળ સુધી અથવા જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી કાંઇ ખાવું-પીવું નહીં તે અનશન તપાચાર કહેવાય.

૨ ઉણોદરિ તપાચાર—પોતાને ભૂખ હોય તે કરતાં ચોથા અથવા ત્રીજા ભાગ જેટલું ઓછું ખાવું તે ઉણોદરિ તપાચાર કહેવાય.

૩ વૃત્તિસંક્ષેપ તપાચાર—ગોચરી સારૂ વ્હોરવા જતાં જેટલા ઘરની સંખ્યા મનમાં ધારી હોય તેટલાજ ઘેરથી સૂજતો આહાર મળે તો લેવો, નહીં તો ઉપવાસ કરવો તે અથવા અન્ય વસ્તુઓના ગ્રહણનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ તપાચાર કહેવાય.

રસત્યાગ તપાચાર—મદ્ય(દારૂ), માંસ, માખણ તથા મધ એ ચાર રસનો સર્વથા ત્યાગ કરવો તથા ઘી, તેલ, ગોળ,

દહીં, દુધ અને તળેલી વસ્તુ—એ છ વિગયોમાંથી એક, બે કે ત્રણ વિગયોનો દરરોજ ત્યાગ કરવો તે રસત્યાગ તપાચાર કહેવાય.

**૫ કાયક્લેશ તપાચાર**— ટાઢ સહેવી, તાપમાં આતાપના લેવી, લોચ કરાવવો, ઉઘાડે પગે ચાલવું. ભૂમિ ઉપર સૂવું, શરીરને કષ્ટ દેવું, ગમે તેવી કાયાને પીડા આવે તે શાંતપણે સહન કરવી તે કાયક્લેશ તપાચાર કહેવાય.

**૬ સંલીનતા તપાચાર**—એકાંત સ્થાનમાં રહેવું, કુકડીની જેમ હાથ પગ વિગેરે સર્વ અંગોપાંગ સંકોચીને રહેવું, વિષય તથા કષાયને મંદ કરવા તે સંલીનતા તપાચાર કહેવાય.

## પાઠ ૫૫ મો.

## પંચ આચાર. ભાગ ૪ થો.

### તપાચાર. ભાગ ૨ જો અભ્યંતર તપ.

અભ્યંતર તપાચારના છ ભેદનું વર્ણન નીચે પ્રમાણે:—

**૧ પ્રાયશ્ચિત્ત તપાચાર**—ચારિત્રમાં દોષ લાગતાં, ગુરૂની પાસે સરલ અંતઃકરણથી તે પાપરૂપ દોષ પ્રગટ કરવો અને તે પાપનું નિવારણ કરવા ગુરૂ જે આલોચના આપે તે શુદ્ધ રીતે કરવી, તે પ્રાયશ્ચિત્ત તપાચાર કહેવાય.

**૨ વિનય તપાચાર**—ગુરૂપ્રમુખની સાથે અંતઃકરણથી નમ્રતાપૂર્વક વર્ત્તવું તે વિનય તપાચાર કહેવાય.

**૩ વૈયાવચ્ચ તપાચાર**—ગુરૂપ્રમુખને આહાર વિગેરે લાવી આપવા,

તેમની તેવડે ભક્તિ કરવી, તેમના હાથપગ પ્રમુખ ચાંપવા, વ્યાધિને વખતે તેમની દવા વિગેરેથી સર્વ પ્રકારે સેવા કરવી તે વૈયાવચ્ચ તપાચાર કહેવાય.

૪ સ્વાધ્યાય તપાચાર-સ્વાધ્યાય પાંચ પ્રકારે થાય છે.

૧ વાંચના તે-શાસ્ત્રનું અધ્યયન કરવું.

૨ પૃચ્છના તે-ભણતાં થકા સંશય આવે તે દૂર કરવા પૂછવું.

૩ પરાવર્ત્તના તે-ભણેલું ન વિસરી જવાય માટે ફરી ફરીને સંભારવું.

૪ અનુપ્રેક્ષા તે-તત્ત્વસ્વરૂપનું ચિંતવન કરવું.

૫ ધર્મકથા તે-તીર્થંકર પ્રમુખ ગુણીજનની કથા કરવી.

આ રીતે પાંચ પ્રકારે સ્વાધ્યાય તપાચાર કહેવાય.

ધ્યાન તપાચાર-સંસારિક વિષયોના ચિંતવનમાં નહીં પડતાં, ધર્મના, તત્ત્વસ્વરૂપના ચિંતવનમાં એકાગ્રતા કરવી તે ધ્યાન તપાચાર કહેવાય. તેના પ્રકારો સમજવા.

૬ કાયોત્સર્ગ તપાચાર-કર્મનો ક્ષય કરવા વાસ્તે શરીરનો વ્યાપાર સર્વથા બંધ કરી આત્મસ્વરૂપમાં લીનતા કરવી તે કાયોત્સર્ગ તપાચાર કહેવાય.

ઉપર પ્રમાણે બાહ્ય તથા અભ્યંતર તપસંબંધી બારે પ્રકારનો આચાર પોતે યથાશકિત પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૬ મો.

## પંચ આચાર. ભાગ ૫ મો.

### વીર્યાચાર.

પાંચ આચારમાં વીર્યાચાર તે પાંચમો આચાર છે.

શ્રી તીર્થંકર દેવે ધર્મકાર્યને વિષે પોતાનું બળ યથાશકિત ફેરવવાની જે જે રીતે આજ્ઞા કરેલી છે, તે તે રીતે તે બળને પ્રવર્ત્તાવવું તે વીર્યાચાર કહેવાય.

વીર્યાચાર ત્રણ રીતે પ્રવર્ત્તાવી શકાય છે તે નીચે પ્રમાણે:—

૧ મન વીર્યાચાર—ધર્મકાર્યને વિષે, પોતાનુ જેટલું મનોબળ હોય તેટલું યથાશકિત ચલાવવા ઉત્તમ વિચારો કરવા જેથી ધર્મના કાર્ય સિદ્ધ થાય તે મન વીર્યાચાર કહેવાય

૨ વચન વીર્યાચાર—પોતાનું જેટલું વચનબળ હોય તેનો ધર્મ-કાર્યને વિષે યથાશકિત એવી રીતે ઉપયોગ કરવો કે જેથી તે વચનવ્યાપારથી ધર્મના કાર્ય સિદ્ધ થાય તે વચન વીર્યાચાર કહેવાય

૩ શરીર વીર્યાચાર—પોતાનું જેટલું શરીરબળ હોય તેનો ધર્મ-કાર્યને વિષે યથાશકિત એવી રીતે ઉપયોગ કરવો કે જેથી તે શરીરના વ્યાપારથી ધર્મના કાર્ય સિદ્ધ થાય તે શરીર વીર્યાચાર કહેવાય.

ઉપર પ્રમાણે ત્રણ પ્રકારથી પોતે યથાશકિત વીર્યાચાર પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૭ મો. પાંચ સમિતિ.

અરિહંત પરમાત્માના સિદ્ધાંતને અનુસારે
ઉત્તમ પ્રકારે વર્તવું તે સમિતિ કહેવાય.

સમિતિના પાંચ ભેદ છે તે નીચે પ્રમાણેઃ—

૧ ઈર્યા સમિતિ–મનુષ્યના પગરવવાળા તથા સૂર્યના કિરણોથી ચુંબિત થયેલા માર્ગમાં પ્રાણીઓની રક્ષા માટે નીચી દૃષ્ટિએ જોઈને ચાલવું તે ઇર્યા સમિતિ કહેવાય.

૨ ભાષા સમિતિ–પાપરૂપ દોષના અભાવવાળું, સર્વને પ્રિય લાગે તેવું અને પરિમાણવાળું જે વચન બોલવું તે ભાષા સમિતિ કહેવાય.

૩ એષણા સમિતિ–ભિક્ષાના સર્વ દોષથી રહિત એવું મુનિએ જે અન્ન પાન વિગેરે ગ્રહણ કરવું તે એષણા સમિતિ કહેવાય.

૪ આદાનભંડ નિક્ષેપણા સમિતિ–આસન, શયન, વસ્ત્ર, પાત્ર વિગેરે જોઇને તથા યતનાપૂર્વક પ્રમાર્જીને ગ્રહણ કરવા તથા મૂકવા તે આદાનભંડ નિક્ષેપણા સમિતિ કહેવાય.

૫ પરિષ્ઠાપનિકા સમિતિ–કફ, મળ, વિગેરે જીવવિનાની ભૂમિ ઉપર મુનિએ પરઠવવા તે પરિષ્ઠાપનિકા સમિતિ કહેવાય.

ઉપર પ્રમાણે પાંચ સમિતિયુક્ત પોતાનું ચારિત્ર નિરંતર પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૮ મો. ત્રણ ગુપ્તિ.

મોક્ષાભિલાષી પ્રાણીએ પોતાના આત્માના રક્ષણ માટે યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ કહેવાય.

ગુપ્તિના ત્રણ ભેદ છે તે નીચે પ્રમાણે.

૧ મનોગુપ્તિ–મનોગુપ્તિના ત્રણ પ્રકાર છે.

૧ માઠા ધ્યાનવાળી કલ્પનાથી રહિત.

૨ સિદ્ધાંત અનુસારે આત્મહિતવાસ્તે ઉત્તમ ધ્યાનયુક્ત કલ્પનાવાળી.

૩ મનની ચંચળતારૂપ યોગનો નિરોધ કરનારી આત્મરમણતા.

૨ વચન ગુપ્તિ–કરપલ્લવી, નેત્રપલ્લવી વિગેરે કાર્ય સાધવાવાળી ચેષ્ટાઓ તજીને મૌન ધારણ કરવું અથવા વાચાવૃત્તિનો તદ્દન નિરોધ કરવો તે વચન ગુપ્તિ કહેવાય.

૩ કાય ગુપ્તિ–કાય ગુપ્તિના બે પ્રકાર છે.

૧ દેવ, મનુષ્ય અને તિર્યંચથી થતા ઉપસર્ગ વખતે અને ક્ષુધા, તૃષા વિગેરે પરિષહોને વખતે તથા કાયોત્સર્ગમાં રહેલા હોય ત્યારે મુનિએ શરીરને નિશ્ચળ રાખવું તે.

૨ આસન, શયન વિગેરે લેતાં, મેલતાં અને ગમન કરતાં શરીરને યતનાપૂર્વક પ્રવર્ત્તાવવું તે.

આગળ પાઠમાં [પાઠ ૫૭ માં] કહેલી પાંચ સમિતિ તથા ઉપર બતાવેલી ત્રણ ગુપ્તિ તે મુનિના ચારિત્રરૂપ શરીરને જન્મ આપનાર હોવાથી તથા તેનું ઉપદ્રવો સામે પાલન કરવાથી તથા ચારિત્રના દોષને નિવારી નિર્મળ કરવાથી તેમને ચારિત્રની માતાઓ કહેલી છે. એટલે કે તેને અષ્ટપ્રવચનમાતા પણ કહેવામાં આવે છે.

ઉપર પ્રમાણે ત્રણ ગુપ્તિયુક્ત પોતાનું ચારિત્ર પાળે એવા તે ગુરૂ છે.

## પાઠ ૫૯ મો.

## પાંચસમિતિ તથા ત્રણ ગુપ્તિ વિષે.

( હરિગીત છંદ. )

અરિહંતના સિદ્ધાંતને બહુમાનથી અવલોકતા,
તે કથનને અનુસાર નિત્યે પ્રેમપૂર્વક વર્ત્તતા;
એ સમિતિ ધારી સદ્‌ગુરૂને સુખદ શરણે પામજો,
ગુણિયલ ગણી ગુરૂરાજ તેના ચરણમાં શિર નામજો. ૧
કરી નયન નીચા માર્ગમાં મન મગ્ન થઇને ચાલતા,
કરૂણા રસે થઈ રસિક જે નિર્દોષ જંતુ પાળતા;
ઇર્યાસમિતિ યુક્ત તે ગુરૂને સ્તવી દુઃખ વામજો,
ગુણિયલ ગણી ગુરૂરાજ તેના ચરણમાં શિર નામજો. ૨
ભાષાસમિતિ સાચવી જે મધુર વચનો બોલતા,
નિર્દોષ લઇને આહાર જે શુભ એષણા ગુણ તોલતા;
કરી ભક્તિ તે ગુરૂરત્નની કદિ તે થકી ન વિરામજો,
ગુણિયલ ગણી ગુરૂરાજ તેના ચરણમાં શિર નામજો. ૩
નિજ સર્વ સાધન યત્નથી જે ગ્રહણ કરતા મૂકતા,
મળ મૂત્ર ભૂમિ પરિઠવા ઉપયોગ નહિં કદિ ચૂકતા;
પાંચે સમિતિ સાધતા ગુરૂ પાસ જઈ વિશ્રામજો,
ગુણિયલ ગણી ગુરૂરાજ તેના ચરણમાં શિર નામજો. ૪
પાપી વિચારોને હરી મનગુપ્તિથી સુવિચારતા,
કર નયન ચેષ્ટા સંહરી જે વચનગુપ્તિ ધારતા;
પરિષહ ખમી વપુગુપ્તિ ધારક તે હૃદય સંક્રામજો,
ગુણિયલ ગણી ગુરૂરાજ તેના ચરણમાં શિર નામજો. ૫

## પાઠ ૬૦ મો. પ્રતિક્રમણ.

ગુરૂ—પ્રતિક્રમણ એટલે શું તે તમે જાણો છો ?

*શિષ્ય—ના જી.

ગુરૂ—તો હું કહું છું તે તમે સાંભળો.

પાછલા પાઠોમાં જે તમે પંચ આચાર વિષે શીખી ગયા છો તે આચારમાં જે મલિનતા લાગે તે અતિચાર કહેવાય.

તેવી મલિનતા જે જે લાગી હોય તે તે ટાળવાને વાસ્તે એટલે કે પાંચે આચારની શુદ્ધિને વાસ્તે સાધુ અને શ્રાવકે નિરંતર સવાર અને સાંજ શ્રી ગુરૂની સમક્ષ પ્રતિક્રમણ કરવું જોઇએ.

પ્રતિક્રમણ શબ્દનો અર્થ બહુજ વિસ્તારવાળો છે, પરંતુ સંક્ષેપથી એવો છે કે 'રાગ અને દ્વેષથી જે પાપકર્મ કરેલાં હોય તેનો પુરો પસ્તાવો કરી, ગુરૂની સમીપમાં પ્રકાશ કરી, પાપકર્મની નિંદા કરતાં થકા, ગુરૂએ આપેલી આલોયણ લઈ ફરી તેવા પાપકર્મ નહીં કરવાની મનોવૃત્તિ રાખવી તે પ્રતિક્રમણ છે.'

ગુરૂ જો વિદ્યમાન ન હોય તો ગુરૂને અભાવે આચાર્યની સ્થાપના કરી તે સ્થાપનાચાર્ય સન્મુખ પોતાના પાપકર્મસંબંધી, આત્માની સાક્ષીએ નિંદા કરી, પ્રતિક્રમણ કરવું જોઈએ.

એ પ્રમાણે નિરંતર સવાર સાંજ પ્રતિક્રમણ કરતાં આચારની નિર્મળતા થાય છે.

## પાઠ ૬૧ મો. ૭ આવશ્યક.

જે અવશ્ય કરવા યોગ્ય હોય તે આવશ્યક કહેવાય.

મોક્ષાભિલાષી આત્માઓને તેમના આત્મહિત વાસ્તે વીતરાગ પરમાત્માએ નિરંતર ૭ આવશ્યક કરવાની સિદ્ધાંતમાં આજ્ઞા કરેલી છે.

તે છ આવશ્યક શું શું છે તથા તેનાથી શું શું લાભ થાય છે તેનું વર્ણન નીચે પ્રમાણે—

૧ સામાયિક—તે સર્વ સાવદ્ય યોગની વિરતિરૂપ છે; અને તેનાથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

૨ ચઉવીસથ્થો—ચોવીશ તીર્થંકરની સ્તુતિ તે ચોવીશ જિનેશ્વર ભગવાનના ગુણોનાં કીર્તનરૂપ છે; અને તેનાથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.

૩ વાંદણાં—તે ગુરૂને વિધિપૂર્વક વંદના કરવી; અને તેનાથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.

૪ પડિક્કમણું—પ્રતિક્રમણ; તે જ્ઞાનાદિ આચારને વિષે જે જે અતિચાર લાગ્યા હોય તે અતિચારની નિંદા કરવારૂપ છે; અને તેનાથી જ્ઞાનાદિ પાંચે આચારની શુદ્ધિ થાય છે.

૫ કાઉસ્સગ્ગ—કાયોત્સર્ગ; તે કર્મરૂપ દોષને નાશ કરવા માટે છે; અને તેનાથી તપાચારની શુદ્ધિ થાય છે.

૬ પચ્ચખ્ખાણ—પ્રત્યાખ્યાન; તે આત્મગુણ ધારણ કરવારૂપ છે; અને તેનાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે,

## પાઠ ૬૨ મો. સામાયિક.

સામાયિક શબ્દમાં સમ અને આય એ બે શબ્દો છે અને ઈક પ્રત્યય છે.

સમ એટલે રાગ દ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ થતાં, આય એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ લાભનો ઈક એટલે ભાવ જે થાય તે સામાયિક કહેવાય છે.

જેણે આર્ત્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરેલો છે તથા વચન અને શરીર સંબંધી પાપયુક્ત વ્યાપારનો પણ જેણે ત્યાગ કરેલો છે, એવા મનુષ્યે એક મુહૂર્ત્ત (બે ઘડી) પર્યંત સમભાવમાં રહેવું તે સામાયિક વ્રત કહેવાય.

શ્રાવક પણ જ્યારે સામાયિક વ્રતમાં હોય છે, ત્યારે સાધુ તુલ્ય ગણાય છે, તેથી પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છનારા શ્રાવકે નિરંતર બહુ વાર સામાયિક કરવું એવી જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે.

ઋદ્ધિમાન શ્રાવકે બની શકે ત્યાં સુધી ગુરૂની સમીપેજ નિરંતર સામાયિક કરવું, કારણ કે તે પ્રમાણે તેની પ્રવૃત્તિ થવાથી જૈન ધર્મની ઉન્નતિ થાય છે. ઋદ્ધિ વિનાના શ્રાવકે જિનમંદિરમાં, ઉપાશ્રયે ગુરૂની સમીપે અથવા પોતાને ઘેર, એ ત્રણે સ્થાનમાંથી પોતાને યોગ્ય લાગે ત્યાં સામાયિક કરવું; તેમાં પણ જિનમંદિરમાં અને ઉપાશ્રયે ગુરૂની સમીપે તો ત્યારેજ સામાયિક કરવું કે પોતાને કરજની વિપત્તિ ન હોય અથવા દુશ્મનોનો ભય ન હોય.

## પાઠ ૬૩ મો.

## માગધી ( પ્રાકૃત ) ભાષા.

આ દેશમાં પ્રાચીન કાળમાં માગધી–પ્રાકૃત ભાષાનો એક વખત બહુજ પ્રચાર હતો. લોકો લખવા, બોલવામાં તેજ ભાષાનો ઉપયોગ કરતા હતા. મગધ દેશ જેને અર્વાચીન કાળમાં બંગાળા દેશ કહેવામાં આવે છે, તેમાં મુખ્યત્વે કરીને આ ભાષામાંજ વ્યવહાર ચાલતો હતો, તેથીજ આ ભાષાનું નામ માગધી ભાષા કહેવાય છે.

માગધી ભાષા સંસ્કૃત ભાષાથી સરલ ભાષા ગણાય છે. તેજ કારણથી જેને સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન હોય છે. તે માગધી ભાષાનું જ્ઞાન બહુજ સહેલાઈથી મેળવી શકે છે. સંસ્કૃત ભાષાના વિદ્વાનોએ નાટક, ચમ્પૂ, વિગેરે ગ્રંથોની રચનામાં માગધી-પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરેલો જોવામાં આવે છે.

જૈન ધર્મના આગમો માગધી-પ્રાકૃત ભાષામાંજ રચવામાં આવેલા છે અને તેઓના ઉપર વૃત્તિ સંસ્કૃત ભાષામાં રચાયેલી છે. જે વખતે માગધી-પ્રાકૃત ભાષા બહુ પ્રચારમાં હતી, તે વખતે સંસ્કૃત ભાષાનો પણ તેટલોજ પ્રચાર હતો; પરંતુ સંસ્કૃત ભાષા માગધી-પ્રાકૃત ભાષા કરતાં કઠિન હોવાથી, ઉપકાર દૃષ્ટિવાળા મહાત્માઓએ આગમોની રચના સંસ્કૃત ભાષામાં નહીં કરતાં, માગધી-પ્રાકૃત ભાષામાંજ કરેલી છે, તે વિષે પુજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિ લખે છે કે-'ચારિત્રની ઈચ્છાવાળા બાળક, સ્ત્રી, વૃદ્ધ અને અભણ પ્રાણીઓનાં હિતને વાસ્તે, તત્ત્વદૃષ્ટિવાળા મહાત્માઓએ અનુગ્રહ બુદ્ધિથીજ સિદ્ધાંતની રચના માગધી ( પ્રાકૃત ) ભાષામાં કરેલી છે.'

છ આવશ્યકના સૂત્રોની રચના પણ માગધી-પ્રાકૃત ભાષામાંજ કરેલી છે, તેથી જે જે સૂત્રોના પાઠો માગધી-પ્રાકૃત ભાષાના ભણવામાં આવે, તે સર્વે મુખપાઠ કરવાના છે, એમ સમજવું.

## પાઠ ૬૪ મો.

## ક્રિયા વિધિ.

જૈન ધર્મની કાંઈ પણ ક્રિયા, દેવ અથવા ગુરૂની સમીપે વિનય અને બહુમાનપૂર્વક કરવાથી અવશ્ય લાભ પ્રાપ્ત થાય છે. તેથી દરેક ક્રિયા જિનમંદિરમાં દેવસમક્ષ અથવા ઉપાશ્રયે

ગુરૂની સમીપે કરવી. ઉપાશ્રયે ગુરૂ અથવા સ્થાપનાચાર્ય વિદ્યમાન ન હોય તો બાજોઠઉપર ધર્મનું પુસ્તક અથવા નવકારવાળી પ્રમુખ ઉપકરણ સ્થાપી નવકારપૂર્વક, ગુરૂસ્થાપનાના સૂત્રથી સ્થાપના કરીને ક્રિયા કરવી.

એ પ્રમાણે ગુરૂસ્થાપના કરીને ઈરિયાવહિયં સૂત્ર, જેનું સ્વરૂપ, હવે પછી બતાવવામાં આવશે તે કહીને ઈરિયાવહી પડિક્કમવા.

સિદ્ધાંતમાં કહ્યું છે કે " ઇરિયાવહિ પડિક્કમ્યા વિના, સામાયિક, ચૈત્યવંદન, સ્વાધ્યાય, પોસહ કે પડિક્કમણું કાંઈ પણ કરવું કલ્પતું નથી. "

તે આજ્ઞા અનુસારે સામાયિક કરવાની જીજ્ઞાસાવાળાએ પ્રથમ ઈરિયાવહિયં સૂત્ર બોલવું.

ઈરિયાવહિયં સૂત્ર બોલતાં પહેલાં ગુરૂને પ્રણિપાત કરવું એવી આજ્ઞા છે, તેથી તે પ્રણિપાત [ ખમાસમણ ] કેવી રીતે કરવું તે આગળના પાઠમાં બતાવવામાં આવે છે.

## પાઠ ૬૫ મો.

## પ્રણિપાત અથવા ખમાસમણ. ભાગ ૧ લો.

### ( પંચાંગથી નમન. ) ( ખમાસમણ )

દેવ અને ગુરૂમહારાજના ચરણ પાસે બે ગોઠણ, બે હાથ અને માથું એમ પંચાંગ ( પાંચ અંગ ) નમાવીને ભૂમિસ્પર્શ કરવો તેને પંચાંગ પ્રણિપાત કે ખમાસમણ કહે છે.

નમસ્કાર જૂદી જૂદી રીતે થાય છે. એક હાથ ઉંચો કરી, બે હાથ ઉંચા કરી, માથું નમાવી, બે હાથ જોડી માથું નમાવી કે પાંચે અંગ નમાવીને પગે પડવાથી નમસ્કાર થાય છે.

મુખ્યપણે દેવગુરૂને નમતાં પંચાંગ પ્રણિપાત કરવામાં આવે છે. આ પ્રણિપાત કરતી વેળા જે સૂત્રપાઠ બોલાય છે તેને પ્રણિપાત દંડક અથવા ખમાસમણ કહે છે.

### ખમાસમણ.

પ્રણિપાત દંડકનું સૂત્ર બોલતાં પહેલું વાકય આ પ્રમાણે બોલાય છે.

### ઈચ્છામિ ખમાસમણો વંદીઉં.

આ વાકયમાં "ખમાસમણો" એવું પદ હોવાથી આ સૂત્રનું બીજું નામ "ખમાસમણ સૂત્ર" કહેવાય છે અને તેથી આ પ્રણિપાત ક્રિયાને "ખમાસમણ દેવા" એમ કહેવાની રૂઢી ચાલી છે. માટે ખમાસમણ દ્યો" એવું કહેવામાં આવે ત્યારે પ્રણિપાત દંડક બોલવાનું છે એમ સમજવું.

ઘણું કરી બે ખમાસમણ ભેગાં દેવાય છે અને કોઈ વેળા ત્રણ ખમાસમણ પણ દેવાય છે.

## પાઠ ૬૬ મો.

## પ્રણિપાત અથવા ખમાસમણ. ભાગ ૨ જો.

### ગુરૂ પાસે રજા માગવાની રીતિ.

સભ્ય માણસો હમેશાં બીજાને તસ્દી આપતા પહેલાં તેની રજા મેળવવા માટે નરમાશ ભરેલા શબ્દોમાં પોતાની ઈચ્છા તેમને જણાવીને તેમની રજા મળ્યા પછીજ તેમને તસ્દી આપે છે.

આ ઉત્તમ રીત જૈન ધર્મની તમામ ક્રિયામાં સંભાળવામાં આવે છે. દાખલા તરીકે ગુરૂને વંદન કરતાં તેમની રજા મેળવવા

માટે એમ કહેવાની રીત છે કે-"હે ક્ષમાવાળા શ્રમણ[હું તમને] વાંદવા ઇચ્છું છું." આને પ્રાકૃત ભાષામાં એમ બોલાય કેઃ—

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં.

"ગુરૂના પગે અડકતાં તેમની અરોગ્યતા સાચવવાની જરૂર"

ગુરૂમહારાજના પગે લાગતાં જો આપણા હાથે ખસ કે એવો બીજો કોઇ ચેપી રોગ હોય ને તેમના શરીરમાં દાખલ થાય તો વિનય કરવા જતાં ઉલટો આપણને દોષ લાગે.

તેમજ ગુરૂના પગે કંઈ દરદ હોય ને આપણે તેને ઓચિંતા હાથ લગાડીએ તો તેમને થતી પીડામાં આપણે વધારો કરનારા થઈએ.

એટલા માટે વાંદવાની રજા માગતાં જણાવવું જોઇએ કે આપના શરીરને બાધા ન થાય તે રીતે વાંદવા ઇચ્છું છું. તે માટે એવું કહેવામાં આવે છે કેઃ—

જાવણિજ્જાએ

---

## પાઠ ૬૭ મો.

## પ્રણિપાત અથવા ખમાસમણ ભાગ ૩ જો.

### ગુરૂને વાંદતાં મલિન પરિણામ દૂર કરવાની જરૂર.

જેમ ગુરૂને પગે લાગતાં આપણું શરીર ચેપીરોગ સહિત ન હોવું જોઈએ, તેમજ મન, વચન અને કાયરૂપી વ્યાપારના કામથી પણ મલિન થયેલું ન જોઈએ.

આપણા પરિણામ મલિન હોય તો આપણું શરીર પણ મલીન થવાનું, માટે તેવા શરીરથી ગુરૂને અડકતાં તેમની પવિત્રતામાં આપણી મલિન છાયા પડે તો આપણે દ્રોહી થઈએ.

માટે તમામ વ્યાપાર નિષેધીને પવિત્ર પરિણામ વડે પવિત્ર બનેલા શરીરે હું વાંદવા ઈચ્છું છું આમ જણાવવા માટે એવું બોલવું કે:—

નિસીહિઆએ.

## ગુરૂનો વિનય.

શિષ્ય કે શ્રાવક એટલે વાંદનાર આ રીતે બોલી ગુરૂ સામો ઉભો રહે ત્યારે ગુરૂ જો કોઈ જરૂરી કામમાં રોકાયેલા હોય તો વાંદનારે થોભવું જોઇએ.

જયારે ગુરૂ કહે 'વંદેહ' એટલે 'વાંદો' ત્યારેજ વાંદવાની ક્રિયા કરી શકાય.

વળી જયારે ગુરૂને બદલે તેમની સ્થાપના કરી હોય ત્યારે ગુરૂને બોલવાનું પદ ગુરૂ તરફથી બોલાયાની ધારણા કર્યા બાદ વાંદવું.

આમ કરવાથી ગુરૂનો વિનય સચવાય છે અને તેને લીધે આપણે ગુરૂની આજ્ઞામાં પ્રવર્તનાર થઇ શકીએ છીએ.

## "ગુરૂને ચરણે મસ્તક નમાવવાની જરૂર"

ટેકદાર તથા વિવેકી માણસોએ જયાં ત્યાં પોતાનું માથું નમાવવું ન જોઇએ, પરન્તુ પોતાના માબાપ કે દેવગુરૂની આગળજ મસ્તક નમાવવું જોઇએ.

આ સ્થળે ખરા ગુણવાન ગુરૂને વાંદવા જતાં, તેમના ચરણે ઉપરટપકાની વંદના નહીં પણ ભાવપૂર્વક પૂર્ણ વંદન કરવા માટે આપણું સૌથી ઉત્તમ અંગ જે મસ્તક તે નમાવીને "હે ગુરૂ તમને હું વાંદું છું" એમ કહેવાની સાથે માથું નમાવવું અને તેમ કરતાં બોલવું કે—

મત્થએણ વંદામિ.

## પાઠ ૬૮ મો.

## પ્રણિપાત અથવા ખમાસમણ સૂત્ર.

### ( વાક્યાર્થ )

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં-હે ક્ષમાશ્રમણ ( ક્ષમાયુક્ત મુનિ-રાજ ) વાંદવા ઈચ્છું છું.

જાવણિજ્જાએ-( તમને ) શરીરે બાધા ન થાય તેમ.

નિસીહિઆએ-( મારા ) પવિત્ર શરીરવડે ( અન્ય વ્યાપાર નિષેધીને )

મત્થએણ વંદામિ-( મારા ) મસ્તકવડે વાંદું છું.

### ખમાસમણની વિસ્તારથી સમજ તથા હેતુ અને ફળ

આ સૂત્ર દેવ તથા ગુરૂને કોમલ આમંત્રણ પૂર્વક વંદના કરવાને વખતે બોલવામાં આવે છે, સૂત્રમાં "ખમાસમણો" શબ્દ થી ક્ષમા પ્રમુખ ક્ષમા ગુણવાળા ગુરૂજીને વિનતિ કરીને કહેવું કે 'હે ગુરૂજી! આપના ચરણકમળપ્રત્યે શક્તિયુક્ત મારા શરીર-વડે આપને વાંદવા ઈચ્છું છું.'

આ સૂત્ર "ઇચ્છામિ" શબ્દથી તે "નિસીહિઆએ" શબ્દ સુધી ઉભા ઉભા બોલવું, પછી બે જાનુ, લલાટ, ડાબો હાથ અને ભૂમિ પ્રમાર્જી બે જાનુ, બે હાથ અને લલાટ-એમ પાંચ અંગે કરી ભૂમિને સ્પર્શ કરતા થકા "મથ્થએણ વંદામિ" એટલે મસ્તકે કરી વાંદું છું એમ કહેવું.

સામાયિક કરનાર પોતાની પાસે ચરવળો અને મુહુપત્તિ રાખી સામાયિક કરે ત્યારેજ વિધિપૂર્વક આ સૂત્રથી ગુરૂ-વંદના થઇ શકે છે.

હેતુ—દરેક ધર્મક્રિયાની સિદ્ધિ થવા માટે દેવ તથા ગુરૂને વંદના કરવા સારૂ આ સૂત્ર છે.

ફળ—આ સૂત્રના ઉચ્ચારપૂર્વક દેવગુરૂને વંદન કરવાથી મહાપાપનો નાશ થઈ, જીવની સદ્દગતિ એટલે સારી ગતિ થાય છે.

---

## પાઠ ૬૯ મો.

## ઇચ્છાકાર સમાચારી અથવા સુગુરૂને સુખશાતા પૃચ્છા.

### ભાગ ૧ લો.

ઇચ્છાનુસાર—જેમનું જે મુખ્ય કર્તવ્ય કે ફરજ હોય ને તે તેમનાથી બરાબર બજાવાય તો તેમાં તેને ઘણો ઉત્સાહ વધે છે. સાધુમહારાજનું મુખ્ય કર્તવ્ય ધર્માચરણ છે ને તે બજાવતાં તેમને જે વિઘ્નો આવતાં હોય તે દૂર થાય તો તેમને બમણો ઉત્સાહ વધે. આટલા માટે શ્રાવકોએ તે વિઘ્નો દૂર કરવાં કે જેથી એમનું ધર્માચરણ એમની ઇચ્છાનુસાર થયા કરે.

માટે સવારસાંજ ગુરૂપાસે જઈ તેમની સુખસાતા પૂછતાં તેમની ઇચ્છાનુસાર બધું છે કે કેમ? તે પૂછવું! આ ક્રિયાને "ઇચ્છકાર" કહે છે.

સમાચારી—રૂઢિ—પદ્ધતિને જૈનધર્મમાં સમાચારી કહે છે. ગુરૂજીની મરજી સાચવી, તેમની રજા માગવી તે ઇચ્છાકાર સમાચારી કહેવાય છે.

ભૂલ ચૂક થતાં તરત માફી માગવી તે મિચ્છાકાર સમાચારી ગણાય છે.

આ રીતે અનેક સમાચારી છે માટે દરેક ક્રિયામાં જે જે સમાચારી સાચવવાની હોય, તે અવશ્ય સાચવવી જોઇએ.

ગુરૂજીને સુખસાતા પૂછવા જે રૂડી (સારી) રીત ચાલે છે તે ઇચ્છાકાર સમાચારીને નામે ઓળખાય છે.

ઇચ્છાકારી સમાચારીનો જે પાઠ છે તે સૂત્રરૂપે નથી, પણ જુની ગુજરાતી ભાષામાં છે.

એ પાઠ બોલીને ગુરૂમહારાજને સુખસાતા પૂછવાની છે, તથા નિમંત્રણા કરવાની છે.

સુખસાતા પૂછતાં જો ગુરૂને કંઇ અડચણ ભોગવતા જાણવામાં આવે તો તે તરત ટાળવા આપણે બનતા ઉપાયો લેવા જોઇએ, ખાલી પૂછીને ચાલ્યા જઇએ તો આપણું પૂછવું વ્યર્થ થાય છે. આ વાત દરેક વાંચનારાએ ધ્યાનમાં રાખવી જોઈએ.

## પાઠ ૭૦ મો.

## ઇચ્છાકાર સમાચારી અથવા સગુરૂને સુખ સાતા પૃચ્છા.

### ભાગ ૨ જો.

ગુરૂ મહારાજને શી શી બાબતમાં સુખસાતા પૂછવી ?

ગુરૂજીને પૂછવું કે, આપની ઇચ્છાને અનુસાર બધું વર્તે છે? શરીરે આરોગ્યતા રહે છે? સંયમમાં આગળ વધ્યા કરાય છે?

'દિવસ સુખે પસાર થાય છે કે રાત?' એમ ચોકસ પૂછવાનું હોય ત્યારે સવારે એમ પૂછવામાં આવે છે કે સુહરાઈ એટલે રાત પસાર થઈ છે? સાંજના એમ પૂછાય છે કે સુહદેવસિ એ-

ટલે 'સુખે દિવસ પસાર થયો છે ?' આમ ઇચ્છાકાર સમાચારીના પહેલા ભાગમાં બોલવું.

## નિમંત્રણા.

જો કે ગુરૂમહારાજ આપણી નિમંત્રણાની અપેક્ષા રાખતા નથી અને તેને સ્વીકારવા બંધાતા નથી તો પણ આપણી ફરજ છે કે તેમને અગાઉથી નિમંત્રણા કરવી.

આટલા માટે ઇચ્છાકાર સમાચારીના બીજા ભાગમાં ગુરૂ-મહારાજને નિમંત્રણા કરવામાં આવે છે કે:—

**સ્વામી ! ભાતપાણીનો લાભ દેજોજી.**

એટલે હે સ્વામી ! આપ અમારે ઘેર પધારીને અમને એવી તક આપશો કે જેથી અમે આપને આહારપાણી આપી કૃતાર્થ થઇએ.

## ગુરૂજીને "સુખસાતા" પૂછવાનો સાર.

હે મહારાજ ! હું આપશ્રીને પૂછવાને ઇચ્છું છું કે આપ સુખે રાત્રી, અને સુખે દિવસ, સુખે તપશ્ચર્યામાં, શરીરે નિરોગી પણામાં અને જ્ઞાન ધ્યાન મૌનાદિ ચારિત્રભાવનામાં ગાળો છો ? હે પૂજ્ય ! આપશ્રી કુશળતામાં પ્રવર્તો છો જી ? [ સાહેબ મારે ઘેર પધારી ] આહારપાણી વહોરીને મને ધર્મલાભ [ફળ] આપશોજી.

આમ આપણે હૃદયની લાગણીથી, પૂછતાં ગુરૂની પ્રસન્નતા થાય છે અને એમની પ્રસન્નતાથી આપણું કલ્યાણ થાય છે.

## પાઠ ૭૧ મો.

## ઇચ્છાકાર સમાચારી અથવા સદ્ગુરૂને સાતા સુખ પૃચ્છા.

### ભાગ ૩ જો.

ઈચ્છકાર સુહરાઈ, સુહદેવસી,–ઈચ્છાઅનુસાર ( વર્તે છે ) ?
સુખે રાત (અથવા) સુખે દિવસ ?
સુખ તપ, શરીર નિરાબાધ,–સુખે તપશ્ચર્યા(સધાય છે) ? શરીરે નિરોગીપણું (છે) ?
સુખ સંજમજાત્રા–સુખે સંયમયાત્રામાં.
નિર્વહોછોજી ?–પ્રવર્તો છોજી ? ( પ્રયાણ થાય છે ) ?
સ્વામી સાતા છેજી ! સ્વામી ! ( આપને સઘળી વાતે ) કુશળતા છેજી ?
ભાતપાણીનો લાભ દેજોજી–આહારપાણી વ્હોરી અમને ધર્મ-લાભ રૂપી ફળ આપશો જી.

## પાઠ ૭૨ મો.

## ઇરિયાવહી—આલોચના.

ઇરિયાવહીઆ નામ આ સૂત્રમાં ઈરિયાવહીઆ નામની ક્રિયાનું પ્રતિક્રમણ કરાતું હોવાથી પડયું છે. ઈરિયાવહીઆએ શબ્દ પ્રાકૃત ભાષાનો છે અને તેનો સંસ્કૃત શબ્દ ઈર્યાપથિકી છે. અને એ શબ્દ ઇર્યાપથ ઉપરથી બન્યો છે.

ઇર્યાપથ એટલે હાલવાચાલવાનો માર્ગ તથા હાલતાં ચાલતાં જે પાપની ક્રિયા(જીવહિંસા)થાય તે ઇર્યાપથિકી અથવા ઈરિયાવહી કહેવાય છે. આ બાબતની આલોચના કરવી તેજ ઈરિયાવહી આલોયણા જાણવી.

તે ક્રિયાનું અહીં પ્રતિક્રમણ કરવાનું છે એટલે આ સૂત્ર-પાઠનું રૂઢિથી ઈરિયાવહીઆ એવું નામ પડયું છે ને ભાષામાં છેલ્લા સ્વરનો ઉચ્ચાર બંધ પડી હાલ ઈરિયાવહી બોલાય છે.

આ સૂત્રપાઠનું શાસ્ત્રીય નામ તો 'ઈર્યાપથિકી આલોચના' એવું છે.

આલોચના એટલે વ્યાપારી જેમ સાંજે આખા દિવસમાં લેવડદેવડ કરી હોય તેની આલોચના અથવા સ્મરણ કરીને નોંધ કરે છે, તેમ આપણાથી જાણતાં અજાણતાં જે પાપ કરાય કે થાય તેની આલોચના કરી, તેને નિંદી, તેથી પાછા હઠવું જોઈએ.

યોગ્ય ગુરૂની આગળ પોતાનાં પાપકાર્યો પ્રકાશવા તે પણ આલોચના કહેવાય છે.

સંક્ષેપથી અને વિસ્તારથી એમ બે રીતે આલોચના કરાય છે. આ સંક્ષેપથી કરાતી આલોચના જે શરૂઆતમાં કરાય છે તેને ઈરિયાવહી આલોચના અથવા ઈરિયાવહી આલોયણા કહે છે અને વિસ્તારથી કરવાની આલોચનાને પડિક્કમણું કહે છે.

## પાઠ ૭૩ મો.

## ઇરિયાવહી (પડિક્કમણ) અને ઇરિયાવહી સમાચારી.

પ્રતિક્રમણ આ શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને તેને પ્રાકૃત ભાષામાં પડિક્કમણ અને ભાષામાં પડિક્કમણું કહે છે.

પ્રતિક્રમણનો મૂળ અર્થ પાછા હઠવું એવો થાય છે. એટલા માટે પાપના કામથી પાછા હઠવાને આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. તેમજ તે અર્થે જે ક્રિયા કરાય તેમજ સૂત્રપાઠો બોલાય તે પણ પ્રતિક્રમણ કહેવાય છે.

ઇરિયાવહીમાં પણ તેજ વાત છે અને સંક્ષેપમાં હોવાથી લઘુ પડિક્કમણ જેવું છે. પરંતુ ચાલુ વ્યવહારમાં વંદિત્તુ સૂત્રથી પડિક્કમણ ગણાય છે ને તે વિસ્તારથી છે.

ઇરિયાવહી સમાચારી–એટલે ઇરિયાવહીને બોલવા અગાઉ તેની શરૂઆત કરવા માટે જે પદ બોલાય છે તે ઇરિયાવહી સમાચારીને નામે ઓળખાય છે.

આ સમાચારી તે પ્રથમ કહેલી ઇચ્છાકાર સમાચારીનુંજ કૃત્ય છે અને તેના વડે ઇરિયાવહી શરૂ કર્યા પહેલાં તે બાબત ગુરૂની રજા લેવામાં આવે છે અને તે સંબંધનું વાકય આમ છે.

શિષ્ય કહે–ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ? હે ભગવન ! (આપની) ઇચ્છા પ્રમાણે આજ્ઞા કરો ( તો ) હું ઇરિયાવહી પડિક્કમું–આલોવું.

ગુરૂ કહે–પડિક્કમેહ–આલોવ.

શિષ્ય કહે–ઇચ્છં–ઇચ્છું છું, કબુલ છે.

આ રીતે બોલ્યાથી ગુરૂજી તરફથી ' પડિક્કમેહ ' એટલે આળોવ–પાછો વળ એવો ઉત્તર મળ્યો. પછી શિષ્ય તે પ્રમાણે કબુલ કરવાને ' ઇચ્છં ' એવું પદ બોલે. તેનો અર્થ એ કે, એમ ઇચ્છું છું.

## પાઠ ૭૪ મો.

## ઇરિયાવહીથી મળતો બોધ.

### ભાગ ૧ લો.

( ઇરિયાવહી ભણતાં કરવામાં આવતી પ્રતિજ્ઞા )

ઇરિયાવહી ભણતાં પ્રથમ સંપદામાં આ પ્રમાણે અભ્યુપગમ–પ્રતિજ્ઞા કરવામાં આવે છે. ઇચ્છામિ પડિક્કમિઉં (૧)

"હું મારી પોતાની ઇચ્છાથી ચાહીને પડિક્કમવા એટલે પાપથી પાછો હઠવા તૈયાર થયો છું."

કોઈપણ ક્રિયા પોતાની ઇચ્છા અને લાગણી વિના કરવામાં આવે તો તેથી ધારેલો હેતુ પાર પડે નહીં.

બીજાના પ્રવાહમાં તણાઈને વેઠ માફક અથવા લાગણી વિના કરવામાં આવે તે ક્રિયા બરોબર અથવા જેવું જોઈએ તેવું ફળ આપતી નથી; માટે સમજણ સહિત લાગણીથી ધર્મ-ક્રિયા કરવી.

## પાઠ ૭૫ મો.

## ઇરિયાવહીથી મળતો બોધ

### ભાગ ૨ જો.

બીજી સંપદામાં જેનાથી પાછા હઠવું જોઈએ તે "ઇરિયા વહીયાએ વિરાહણાએ" (૨) માં દેખાડવામાં આવ્યું છે.

કોઈપણ જંતુને મારી નાખવો, અથવા કોઈ રીતે પણ હેરાન કરવો એ બૂરું કામ છે, માટે એવી બૂરી વિરાધનાથી પાછા હઠવું જોઇએ. અથવા તે કામ તરફ હમેશાં તિરસ્કારની લાગણી રાખી તેને નિંદતા રહી પોતાના પરિણામ સુધારવા જોઇએ.

ઝાઝું તો શું કહીએ, પણ રસ્તે ચાલતાં કોઇ જંતુને કંઇ દબાણ વિગેરે થયું હોય તો તેને પણ બૂરૂં માની, તેવી વિરાધનાને ધિક્કારતા રહેવું જોઇએ.

ત્રીજી સંપદામાં "ગમણાગમણે" (૩) પાપના સામાન્ય હેતુ–કારણની સમજ આપી છે. પાપનું સામાન્ય કારણ હાલવા

ચાલવામાં ઉતાવળે પ્રવર્ત્તવું તે છે. માટે દરેક કામ યતના-સબુરીથી કરવું જોઇએ.

જોઈ તપાસીને ધીરજથી તેમજ જીવજંતુનો બચાવ કરી કામ કરવું તેને જૈનશાસ્ત્રમાં યતના કહે છે. યતનાથી કામ કરતાં પાપ ઓછું લાગે અથવા ન પણ લાગે. માટે યતનાથી બેસવું, ઉઠવું, ચાલવું, બોલવું, ખાવું, પીવું, સૂવું તે સારું છે.

યતના એ ધર્મની માતા પણ કહેવાય છે, યતનાથી ઉલટી રીતને દર્પ કહે છે અને દર્પ [ દોડમદોડા ] જ પાપનો સામાન્ય હેતુ છે.

---

## પાઠ ૭૬ મો.

## ઇરિયાવહીથી મળતો બોધ.

### ભાગ ૩ જો.

ચોથી સંપદામાં "પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ-પણગદગ-મટ્ટીમક્કડાસંતાણા-સંકમણે"(૪)પાપનું ખાસ કારણ આ પ્રમાણે બતાવે છે. દુર્બળ સૂક્ષ્મ જંતુઓને પગ હેઠે કચરવાથી પાપ બંધાય છે. ઝીણા જંતુઓમાં બીજ, લીલોતરી, ઝાકળ, કિડિયારાં, સેવાળ, પાણી, માટી, કરોલિયાના જાળાં વિગેરેને પગવડે કચરવાથી તેમાં રહેલા જીવોને દુઃખ થાય છે.

માટે હાલતાં ચાલતાં એટલી સંભાળ રાખવી કે જે રસ્તામાં ઘણી કીડી, મંકોડી, લીલુંઘાસ, સેવાળ વિગેરે હોય અને તેવો રસ્તો કદાચ ટુંકો હોય તોપણ તે રસ્તે ન ચાલતાં એમની વિરાધના ન થાય એવે જાહેર રસ્તે ચાલવું.

## (સરળતાથી ટુંકામાં પાપ કર્યાનું નિવેદન)

પાંચમી સંપદામાં 'જે મે જીવાવિરાહિયા' (૫) ટુંકાણમાં પાપ કર્યાનું નિવેદન કરવામાં આવે છે. તે આ રીતે કે-"મેં જે કોઈ જીવને જે કંઈ દુઃખ આપ્યું હોય" આમ સંક્ષેપમાં તમામ પાપનો "જે કોઈ" શબ્દથી સંગ્રહ કરી તેની માફી ઇચ્છી છે.

આ પરથી એવો બોધ લઈ શકાય કે કોઇ પણ જીવને(પછી તે નાનો હોય કે મોટો હોય, મિત્ર હોય કે શત્રુ હોય છતાં તેને) કોઈ પણ જાતનું થોડું યા ઘણું દુઃખ આપવાનો આપણને કશો હક નથી. આપણને કોઈ દુઃખ આપે એમ ઈચ્છતા નથી તો આપણે પણ કોઈને દુઃખ આપવું નહીં અને પૂર્વે કોઈને દુઃખ આપી દુભવ્યાં હોય તો તેમની માફી માગવી.

છઠ્ઠી સંપદામાં જીવના પાંચ ભેદ બતાવ્યા છે. તેની વિશેષ સમજ બુકની શરૂઆતમાં આપેલા જીવવિચારમાં આપેલી છે. સાતમી સંપદામાં જે જે રીતે વિરાધના થાય છે તેના દશ પ્રકાર બતાવ્યા છે. તે હવે પછીના સૂત્ર અર્થમાં સ્પષ્ટ સમજાવ્યા છે.

એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥

અર્થ—એક ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઈંદ્રિયવાળા, પાંચ ઈંદ્રિયવાળા. ૬

### તેઓને કેવી રીતે વિરાધ્યા ?

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિ-
યાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા,
જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥૭॥

અર્થ-સામા આવતાને હણ્યા ( લાતે માર્યા ) હોય, ધુળે કરી ઢાંકયા હોય, ભૂમિ સાથે મસળ્યા હોય, માંહોમાંહે શરીરે

શરીર એકઠાં કર્યાં હોય, થોડા સ્પર્શથી દુહુવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મૃતપ્રાય કીધા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનકથી બીજે સ્થાનકે મૂકયા હોય, જીવિતવ્યથી જુદા કર્યા હોય; તે સંબંધી જે પાપ લાગ્યું હોય, તે પાપ મારૂં નિષ્ફળ થાઓ ! ( તે પાપનો મિચ્છામિદુક્કડં દઉં છું. )

## પાઠ ૭૭ મો.

## તસ્સઉત્તરી.

તસ્સઉત્તરી એ ઈરિયાવહી સૂત્રનોજ આઠમો વિભાગ (સંપદા) છે, છતાં તે તસ્સઉત્તરીના નામે પ્રસિદ્ધ હોવાથી તેનો અલગો ભાવાર્થ આપીએ છીએ.

એ સૂત્રપાઠની આદિમાં તસ્સઉત્તરી કરણેણં એવું પદ આવેલું છે, તે પરથી એનું "તસ્સ ઉત્તરી" અથવા "તસ્સુત્તરી" એવું નામ બોલાય છે.

તસ્સુત્તરીમાં પ્રતિક્રમણ એટલે પાછા હઠવાની ચાર રીતો બતાવીને પાપકર્મનો નાશ કરવા માટે અમુક ક્રિયા કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

## પાઠ ૭૮ મો.

### પાપશુદ્ધિ માટે ઉત્તરીકરણરૂપે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર.

પાપશુદ્ધિ કરવા માટે ફક્ત "મિચ્છામિદુક્કડં" એટલે 'મારૂં પાપ નાશ થાઓ' એમ ઇચ્છીને બેસી રહેવાનું નથી, પણ તેના માટે તે ઉપરાંત બીજી પણ કંઈ ક્રિયા કરવી જોઈએ અને તેનેજ ઉત્તરીકરણ કહે છે.

ઉત્તરીકરણના પેટામાંજ કોઈપણ જાતનું પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર છે અને તેને પ્રાયશ્ચિત્તકરણ કહે છે; મતલબ કે પાપશુદ્ધિ કરવા માટે જે પ્રાયશ્ચિત્ત લેવું તે ઉત્તરીકરણજ છે.

ઈરિયાવહી પડિક્કમતાં ઉત્તરીકરણપેટે પ્રાયશ્ચિત્તકરણ તરીકે "કાયોત્સર્ગ" નામની ક્રિયા કરવામાં આવે છે.

---

## પાઠ ૭૯ મો.

## વિશોધીકરણ અને વિશલ્યીકરણ.

આપણા આત્માને ચોંટેલી મલિનતા દૂર કરવી તેને વિશોધીકરણ કહે છે. આ વિશોધીકરણ કરવા માટે આત્માને શલ્યરહિત કરવાની જરૂર છે.

જેમ આપણા શરિરમાં કંઈ શલ્ય ભરાઈ બેઠું હોય તે જ્યાં સુધી ખેંચીને બહાર કહાડવામાં ન આવે ત્યાંસુધી આરોગ્ય મેળવી શકાતું નથી, તેમ આપણા આત્માની અંદર નીચેના ત્રણ શલ્ય ભરાઈ બેઠાં હોય ત્યાંસુધી તેની શુદ્ધિ થતી નથી.

ત્રણ શલ્ય આ પ્રમાણે:—

૧ નિદાન–શલ્ય એટલે ગુપ્ત કામના.

૨ માયા–શલ્ય એટલે ઉંડું કપટ.

૩ મિથ્યાત્વ–શલ્ય એટલે ખોટું શ્રદ્ધાન–ઉંધી માન્યતા.

આ ત્રણ શલ્ય દૂર કરવાં તે વિશલ્યીકરણ છે.

---

## પાઠ ૮૦ મો.

## કાયોત્સર્ગ.

પાપથી શુદ્ધ થવાનો મુખ્ય ઉપાય ધ્યાન છે. યોગના આઠ અંગ ગણાય છે, તેમાં ધ્યાન એ છઠ્ઠું અંગ છે.

જેમ દરેક કામ અભ્યાસથી થઇ શકે છે, તેમ ધ્યાનને માટે પણ અભ્યાસની જરૂર છે.

જૈનમાં સાંજે અને સવારે સામાયિક અથવા પ્રતિક્રમણ કરતાં તેમાં જે કાયોત્સર્ગની ક્રિયા કરવામાં આવે છે તે ખરૂં જોતાં ધ્યાનાભ્યાસજ છે.

કાયોત્સર્ગ શબ્દનો અર્થ એ છે કે કાય એટલે શરીર તેનો ઉત્સર્ગ એટલે પરિત્યાગ. મતલબ એ કે શરીરની દરકાર મેલી, સ્થિર ઉભા રહી, મૌન ધરી, ધ્યાન કરવું તે કાયોત્સર્ગ કહેવાય છે.

---

## પાઠ ૮૧ મો.

## પાપકર્મના નિર્ઘાતન માટે કાયોત્સર્ગની જરૂર.

પાપકર્મનો સદંતર નાશ કરવો તેને પાપકર્મનું નિર્ઘાતન કહે છે, તેના અર્થે પૂર્વે બતાવેલ ઉત્તરીકરણ તરીકે પ્રાયશ્ચિત્તકરણ કરવામાટે વિશોધીકરણ અને વિશલ્યીકરણ કરવાપૂર્વક કાયોત્સર્ગના નામથી પ્રસિદ્ધિ પામેલી ધ્યાનક્રિયા કરવાની ખાસ જરૂર છે.

આ હેતુથી એવી પ્રતિજ્ઞા કરાય છે કે હું ઉત્તરીકરણ, પ્રાયશ્ચિત્તકરણ, વિશોધીકરણ તથા વિશલ્યીકરણવડે પાપકર્મોનું નિર્ઘાતન કરવા માટે કાયોત્સર્ગ કરૂં છું. આ તસ્સુત્તરીનો પરમાર્થ છે.

## પાઠ ૮૨ મો.

## તસ્સુત્તરી સૂત્ર-અર્થ

તસ્સઉત્તરીકરણેણં-તે [પાપ]નું ઉતરીકરણ કરવા માટે
પાયચ્છિત્તકરણેણં-પ્રાયશ્ચિત્ત કરવા માટે
વિસોહીકરણેણં-વિશુદ્ધિ કરવા માટે
વિસલ્લીકરણેણં-વિશલ્ય થવા માટે
પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસગ્ગં.
[અને] પાપકર્મોનો સદંતર નાશ કરવા માટે કાયોત્સર્ગ કરૂં છું.

## પાઠ ૮૩ મો.

## અન્નત્થુસસિએણં

આ નામ પણ સૂત્રપાઠના પહેલા પદ ઉપરથી પાડવામાં આવ્યું છે.

આ પાઠથી કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા લેવાય છે અને તે પાઠ તસ્સુત્તરીના પાઠ સાથે જોડાયલો જ આવે છે-રહે છે.

જ્યારે આપણે કોઇ પણ અધરી પ્રતિજ્ઞા લઇએ ત્યારે તેનો બરોબર નિર્વાહ કેમ થઇ શકે? તે માટે પ્રતિજ્ઞા લેવા પહેલાં ખાસ વિચાર કરવો જોઇએ અને તેવો વિચાર કરતાં જો એવું માલમ પડે કે અમુક અપવાદોની છુટ મેલી હોય તો જ પ્રતિજ્ઞા નિર્વાહ થઇ શકે, તો તેવી છુટ મેલીનેજ પ્રતિજ્ઞા લેવી વ્યાજબી છે. એવી છુટોને જૈન પરિભાષામાં આગાર કે આકાર કહે છે.

## પાઠ ૮૪ મો.

## આગાર.

આગાર એટલે અમુક છુટો. તેટલી છુટો બાદ કરતાં બાકીની સરતે અમુક પ્રતિજ્ઞા કબુલ કરવામાં આવ્યાથી તે સુખે પળાઇ શકે છે. પ્રતિજ્ઞા એવી રીતે લેવી જોઈએ કે તે પાળી શકાય. નહીં તો પ્રતિજ્ઞા ભંગ કરવાથી મોટો દોષ લાગે છે.

આ કારણથી આ કાયોત્સર્ગ કરવાની ભારે પ્રતિજ્ઞા માટે પૂર્વાચાર્યોએ ઉંડી સમાલોચના કરીને અમુક આગારો બાદ કરીને પ્રતિજ્ઞા લેવા માટે અન્નત્થ એટલે "શિવાયકે" એવા અર્થના પદની નીચે અમુક અમુક આગારો બતાવેલા છે.

## પાઠ ૮૫ મો.

## કાર્યોત્સર્ગમાં રખાતા આગારો.

"મારે શરીરની હીલચાલ ન કરતાં સ્થિર ઉભા રહેવું" એ પ્રતિજ્ઞા છે, ઉચ્છ્વાસ નિઃશ્વાસ લેતાં, ખાંસી આવતાં, છીંક આવતાં, બગાસું આવતાં, ઓડકાર આવતાં, વા સંચાર થતાં, ચકરી આવતાં, પિત્તના જોરથી મૂર્છા આવતાં તથા સહજસાજ શરીરનું સંચાલન થતાં, સહજસાજ શ્લેષ્મનું સંચાલન થતાં, તથા સહજસાજ નેત્રનું સંચાલન થતાં–એ વિગેરે આગારોથી મારો કાયોત્સર્ગ અભંગ અખંડ રહો !

વિગેરે શબ્દથી સર્પદંશ કે અગ્નિપ્રકોપ જેવા પ્રસંગ આવતાં કાયોત્સર્ગ પારીને બીજે જવાની છુટ છે.

## પાઠ ૮૬ મો.

## કાયોત્સર્ગની હદ-મર્યાદા.

કેટલાક પ્રસંગે ચાર નવકાર ગણાઈ રહે એટલા કાળનો કાયોત્સર્ગ કરાય છે, કેટલેક પ્રસંગે આઠ નવકારનો અને કેટલેક પ્રસંગે સોળ નવકારનો કાયોત્સર્ગ કરાય છે અને વળી વિશેષ સમાધિ માટે વધુ વખતનો પણ કાયોત્સર્ગ કરાય છે. માટે બધી જાતના કાયોત્સર્ગમાં લાગુ પડતી સામાન્ય હદ એવી બાંધવામાં આવી છે કે જ્યાંલગી હું અર્હત્ ભગવાનને નમસ્કાર એટલે કે "નમો અરિહંતાણં" એવું પદ બોલીને વચનથી નમસ્કાર જણાવું નહિ ત્યાં સુધીને માટે આ કાયોત્સર્ગ કાયમ છે.

## પાઠ ૮૭ મો.

## સ્થાન.

કાયોત્સર્ગ એટલે શરીરને સ્થિર રાખીને ઉભા રહેવું, તેથી કાયોત્સર્ગ રહેતાં એવી પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે ઠાણેણં-સ્થાને કરીને એટલે કે એક જગોપર ઉભા રહીને કાયોત્સર્ગ કરૂં છું. આમ કાયવ્યાપાર બંધ કરી કાયાને વોસરાવી શાંત અને નિર્વિકાર ભાવે ઉભા રહેવું તે એક ઉત્તમ યોગાસન અથવા કાયોત્સર્ગ ( કાઉસ્સગ્ગ ) મુદ્રા કહેવાય છે.

આ પરથી કાયોત્સર્ગ કરનારે બને ત્યાં સુધી ઉભા રહીને જ કાયોત્સર્ગ કરવો જોઈએ એ અર્થ નીકળે છે; માત્ર જેના શરીરે એટલી નાતાકાત હોય કે ઉભા રહેતાં પડી જવાની ધાસ્તી રહે તેનાથીજ બેઠા રહીને તે ક્રિયા કરી શકાય છે.

## પાઠ ૮૮ મો.

## મૌન.

બોલવાનું બંધ કરીને ધ્યાનમાં એકાગ્ર થવું તે મૌન કહેવાય છે. મૌન ધારણ કર્યા શિવાય ધ્યાન કરતાં વિક્ષેપ પડે છે.

જો ધ્યાનધારામાં શુદ્ધ રીતે આરૂઢ થવું હોય તો જીભ ફરકે એટલો પણ વિક્ષેપ ન પાડવો જોઇએ અને ત્યારે ખરૂં મૌન ધાર્યું છે એમ કહેવાય.

ભગવાન મહાવીરસ્વામી લગભગ બાર વર્ષ સુધી આવું મૌન ધારીને ધ્યાન–સુધારણા કરતા વિચર્યા હતા અને તેમ કરીને અંતે તેમણે શુકલધ્યાનરૂપ પરમ સમાધિમાં આરૂઢ થઇ કેવળજ્ઞાન મેળવ્યું હતું.

કાયોત્સર્ગ કરતાં મોણેણં એવું પદ બોલીને મૌનભાવે રહેવાની પ્રતિજ્ઞા લેવાય છે.

## પાઠ ૮૯ મો.

## ધ્યાન.

ધ્યાન એ યોગનું છઠ્ઠું અંગ છે એમ પ્રથમ કહેવામાં આવ્યું છે. કાયોત્સર્ગમાં સાધ્ય વસ્તુ ધ્યાન છે ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા કે સ્થિરતા. મતલબ એ કે ચિત્તને અમુક વસ્તુના ચિંતનમાં સ્થિર ચોટાડવું તે ધ્યાન. ધ્યાન બે જાતનું હોય છે. સારૂં અથવા શુભધ્યાન અને નઠારૂં અથવા દુર્ધ્યાન.

કાયોત્સર્ગમાં જે ધ્યાન કરવાનું છે તે દુર્ધ્યાન નહિ, પણ શુભધ્યાન હોવું જોઇએ.

કોઇનું માઠું ચિંતવવું અથવા ઐહિક સુખ દુઃખની ચિંતા કરવી એ દુર્ધ્યાન છે. સૌનું ભલું ચિંતવવું અથવા કેવળ પવિત્ર આત્માનું ધ્યાન કરવું તે શુભ ધ્યાન છે.

કાયોત્સર્ગમાં ધ્યાન કરવાની પ્રતિજ્ઞા માટે 'ઝાણેણ' એવું પદ બોલાય છે.

## પાઠ ૯૦ મો.

## આત્મવિસર્જન તે શું છે ?

આત્મવિસર્જનની ટુંકી વ્યાખ્યા એજ છે કે આપણા મનના મલિન પરિણામોને ત્યાગી દૂર કરવા તથા પરિણામશુદ્ધિ કે મનશુદ્ધિ કરવા સૌથી વધારે લક્ષ રાખવું.

મનશુદ્ધિ કર્યા શિવાય કોઇ પણ ક્રિયા ગુણ કરી શકતી નથી.

પાપ ધોવાને માટે સૌથી ઉત્તમ ઉપાય આ પરિણામશુદ્ધિ કે મનશુદ્ધિજ છે. એટલા માટે લાગેલા પાપથી શુદ્ધ થવા સારૂ ઇરિયાવહી પડિક્કમી, તેના પ્રાયશ્ચિત તરીકે આ કાયોત્સર્ગ નામની ધ્યાનક્રિયા કરતાં એવી પ્રતિજ્ઞા લેવાય છે કે હું મારી દુષ્ટ મનોવાસનાઓ બંધ પાડીને આ કાયોત્સર્ગમાં ધ્યાન મગ્ન થઇશ.

## પાઠ ૯૧ મો.

## 'અન્નત્થ ઉસસિએણં' સૂત્ર–અર્થ સહિત.

**અન્નત્થ ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. ૧. સુહુમેહિં અંગસંચા-**

લેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨. એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. ૩. જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ. ૪. તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. ૫.

[ કાયાને સ્થિર રાખવાની પ્રતિજ્ઞા લઉં છું પણ ] નીચેની અડચણો બાદ કરીને તે પ્રતિજ્ઞા છે.

ઉચ્છ્વાસનિઃશ્વાસ લેતાં, ખાંસી કે છીંક આવતાં, બગાસું કે ઓડકાર આવતાં, વા સંચાર થતાં, ચકરી કે પિત્તથી મૂર્છા આવતાં.૧. તથા સૂક્ષ્મ રીતે અંગસંચાર, શ્લેષ્મસંચાર કે દ્રષ્ટિસંચાર થતાં. ૨. તથા સર્પ, અગ્નિ વિગેરે આગારોથી મારો કાયોત્સર્ગ અભગ્ન અને અવિરાધિત-અખંડ અબાધિત રહો.૩.

જ્યાંસુધી 'નમો અરિહંતાણં' પદ પ્રગટ કહી કાઉસ્સગ્ગ ન પારૂં, ૪. ત્યાંસુધી સ્થૂળ શરીરને સ્થિર સ્થાન, મૌન ભાવ અને ધ્યાનથી દુષ્ટ મનોવાસનાઓ સહિત વોસિરાવું છું-ત્યાગું છું. ૫.

## પાઠ ૯૨ મો.

## કાયોત્સર્ગમાં શેનું ધ્યાન કરવું ?

પૂર્વે કહેવામાં આવ્યું છે કે કાયોત્સર્ગમાં શુભધ્યાન કરવું જોઇએ, ત્યારે શુભ ધ્યાન કરવા ખાતર કઈ વસ્તુના ચિંતન ઉપર ચિત્ત ચોટાડવું એ જાણવું જરૂરનું છે.

અભ્યાસીએ શરૂઆતમાં જ્યાંસુધી વધુ આવડતું ન હોય ત્યાંસુધી નમસ્કારમંત્ર કે(લોગસ્સ)નું ચિંતવન કરવું. કારણ કે તેમાં મૂળ વસ્તુ પંચપરમેષ્ઠિ છે. અને તેવા ઉત્તમ નિશાન-પર લક્ષ બાંધવાથી આપણા પરિણામ નિર્મળતા પામે એ સંભવી શકે છે.

આ કાયોત્સર્ગની ક્રિયામાં લોગસ્સના ૨૫ પદો, તે ન આવડતાં હોય તો ચાર વાર નમસ્કારમંત્ર ચિંતવવાની રીત છે.

## પાઠ ૯૩ મો.

## પ્રાણાયામ.

હમણાના વખતમાં ઘણા લોક કાયોત્સર્ગમાં ચિંતવવાના પદ જાણે કંઈ અર્થવગરના હોય તેમ જલદી ચિંતવીને પૂરા કરે છે, પણ તેમ કરવાની જૈનશૈલી નથી.

નમસ્કાર મંત્રમાં તેના અર્થના સંબંધ અનુસાર આઠ સંપદા ( શ્વાસ લેવાના વીસામા ) રહેલ છે. તેને અનુસરીને મધ્યમ રીતે પદો ચિંતવીને આપણા શ્વાસને તેને અનુસારે લંબાવવાનો અભ્યાસ કરવો જોઇએ.

શ્વાસને લંબાવવા તે પ્રાણાયામ કહેવાય છે અને તે યોગનું ચોથું અંગ છે. કાયોત્સર્ગમાં ચાર નવકાર જપતાં ૩૨ જેટલા શ્વાસોચ્છવાસ લેવાય છે, તે લંબાય તેટલા માટે ચિંતવ-વામાં ઉતાવળ ન કરતાં દિવસે દિવસે ધીમાશ પકડવી જોઈએ.

## પાઠ ૯૪ મો.

## કાયોત્સર્ગમાં ખાસ સ્મરણ.

પૂર્વના પાઠમાં જણાવવામાં આવ્યું છે કે અભ્યાસીએ કાયોત્સર્ગ કરતાં શરૂઆતમાં નમસ્કારમંત્ર ચિંતવવા, છતાં કાયોત્સર્ગમાં જે ચિંતવવાનું છે તે "ચોવીસત્થો, ચતુર્વિંશતિસ્તવ અથવા લોગસ્સ" એવા ત્રણ નામથી ઓળખાય છે.

તેમાં સાત ગાથા છે અને તેમાં ૨૮ સંપદા (પદ) અથવા વિશ્રામસ્થળ છે. તેની પહેલી ગાથા શ્લોક જેવી છે અને બાકીની ગાથાઓ ગીતિ છંદ જેવી છે.

જેવી ધીમાસથી નવકારનાં પદ ચિંતવીએ તેવીજ ધીમાસથી આ પદ ચિંતવતાં વધુ શ્વાસ લંબાવવો પડે છે, પણ અભ્યાસીનું તે સાધ્ય હોવાથી તેણે આગળ વધતાં બહુ ધીમા થવું જરૂરનું છે.

## પાઠ ૯૫ મો.

## લોગસ્સ.

કાયોત્સર્ગમાં ખાસ ચિંતવવાના સ્મરણને આજકાલ "લોગસ્સ" એવા નામથી ઓળખવામાં આવે છે. પણ આ નામ તો તેના આદિના પદ ઉપરથી આપેલું છે. તેનું મૂળ નામ તો જુદુંજછે તે નામ પ્રાકૃત ભાષામાં "ચઉવીસત્થઓ" અને ભાષામાં "ચોવીસત્થો" અને સંસ્કૃતમાં "ચતુર્વિંશતિસ્તવ" એવું છે.

ચતુર્વિંશતિસ્તવમાં આપણા ચોવીશ તીર્થંકરોને વંદન કરવામાં આવે છે. ચતુર્વિંશતિ એટલે ચોવીશ ( તીર્થંકરો ) તેનો સ્તવ એટલે તેમની સ્તુતિ અથવા વંદન.

' લોગસ્સ 'ની પહેલી ગાથામાં " હું ચોવીશ તીર્થંકરોના નામસ્મરણ કરીશ " એમ શરૂઆત કરી છે. તે ગાથા આઠ આઠ અક્ષરવાળા ચાર પદની છે તે શ્લોકની માફક બોલવી જોઇએ.

ત્યારપછી ત્રણ ગાથાઓથી ચોવીશ તીર્થંકરોને નામ લઇને વંદન કર્યું છે.

ત્યાર પછીની ત્રણ ગાથાઓમાં તીર્થંકરો પ્રત્યે એવી પ્રાર્થના કરી છે કે-' તે ભગવાનો મારાપર પ્રસન્ન થાઓ ! અને મને આરોગ્ય, સમ્યકત્વ, ઉત્તમ સમાધિ તથા સિદ્ધિ આપો. ' આ રીતે છેલ્લી ત્રણ ગાથાઓમાં પ્રાર્થના કરેલી છે.

## પાઠ ૯૬ મો.

## લોગસ્સનો ઉદ્દેશ.

ગયા પાઠ પરથી એવું જાણવામાં આવશે કે " લોગસ્સ " માં બે ઉદ્દેશ છે. એક તો એ કે પવિત્ર આત્માઓને સ્તુતિ સાથે વંદન કરવું. તે ઉદ્દેશ તેની પહેલી ચાર ગાથાઓથી પાર પડે છે. બીજો ઉદ્દેશ તે પવિત્ર આત્માઓ પ્રત્યે પ્રાર્થના કરવાનો છે. તે છેવટની ત્રણ ગાથાઓથી પાર પાડ્યો છે.

આ બે ઉદ્દેશ સમજીને, નમ્રતા અને ગંભીરાઈથી કાયોત્સર્ગમાં લોગસ્સનું ચિંતન કરવું જોઇએ, તથા તે પૂરૂં થઈ રહેતાં તેવી જ રીતે તે લોગસ્સ સ્પષ્ટપણે બોલવો જોઇએ.

## પાઠ ૯૭ મો.

## વંદનથી થતો લાભ.

પવિત્ર આત્માઓનાં નામસ્મરણથી તેમના સદ્‌ગુણો અને સુકાર્યોથી ભરપૂર ચરિત્રો યાદ આવે છે, એટલુંજ નહિ પણ ખુદ તેમના નામોનો પરમાર્થ યાદ આવે તો તે ઘણો કિંમતી છે અને તે યાદ આવ્યાથી આપણા ઉત્સાહને વધારે છે.

એવા પવિત્ર આત્માઓને વંદન કરવાથી તેમને કંઇ લાભ થાય એમ નથી, પણ આપણને એ લાભ થાય છે કે વંદનદ્વારા આપણો આત્મા તે પવિત્ર આત્માઓનું સાંનિધ્ય મેળવે છે અને જેમ જેમ આત્મા તેમનું વધુ સાનિધ્ય મેળવે છે તેમ તેમ તે પવિત્ર થતો જાય છે અને તેમ થતાં તેવા ગુણો આપણામાં પ્રગટ થતા જણાય છે.

## પાઠ ૯૮ મો.

## પ્રાર્થનાથી થતા લાભ.

પવિત્ર આત્માઓ તો રાગદ્વેષથી રહિત હોય છે, માટે તેમને પ્રાર્થના કરવાથી તેઓ કંઈ તેનો અમલ કરે તેમ નથી, એ વાત આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં આપણું અંતઃકરણ તેમની પ્રાર્થના કરવાથી વધુ ને વધુ પવિત્ર થતું જાય છે, એ વાત અનુભવથી માલમ પડી શકે છે.

પ્રાર્થના કરવાથી એ લાભ થાય છે કે આપણે અંતઃ-કરણની શુદ્ધિ અને શાંતિ મેળવી શકીએ છીએ.

## પાઠ ૯૯ મો.

## પ્રાર્થના કેવી કરવી ?

પ્રાર્થના બે જાતની થાય:—એક સાંસારિક આબાદી માગવાની અને બીજી આત્માને લગતી આબાદી માગવાની.

પવિત્ર આત્માઓ પ્રત્યે હમેશાં બીજા પ્રકારની એટલે કે આત્માની ઉન્નતિની પ્રાર્થના કરવી જોઇએ, તેમની આગળ સાંસારિક આબાદી માગવી ઉચિત નથી.

જે પુરૂષ ખરો ધર્માર્થી હોય તે સંસારને અસારજ ગણે તો પછી તે સંસારને લગતી આબાદી કેમ માગે?

લોગસ્સમાં જે પ્રાર્થના છે તેમાં આત્મિક ઉન્નતિના હેતુ માગ્યા છે, માટે તે પવિત્ર પ્રાર્થના ગણાય છે.

## પાઠ ૧૦૦ મો.

## પ્રભુપ્રસાદ મેળવવાની પ્રાર્થના.

કોઇની પાસે પણ માગવા જતાં પહેલાં તેની પ્રસન્નતા મેળવવાની ખાસ જરૂર રહે છે, કારણ કે તે જો આપણા ઉપર પ્રસન્ન હોય તોજ આપણી માગણી પૂર્ણ કરે.

તે માટે તીર્થંકરોની આગળ શરૂઆતમાં આપણે એટલુંજ માગીએ છીએ કે તે આપણા ઉપર પ્રસન્ન રહો.

આ રીતે પ્રભુપ્રસાદ મેળવ્યાથી સર્વ માગણીઓ પૂરી પડે છે, કારણ કે દેવ અને ગુરૂના પસાયથીજ આપણા મનોરથ પૂરા પડી શકે છે.

## પાઠ ૧૦૧ મો.

## આરોગ્ય લાભની પ્રાર્થના.

જેમ સાંસારિક કામોની સિદ્ધિ માટે આરોગ્યતાની જરૂર છે, તેમ ધાર્મિક કામો માટે પણ આરોગ્યતાની તેટલીજ જરૂર છે. માટે એ બન્ને ઉદ્દેશથી અથવા બેમાંના ગમે તે એકાદ ઉદ્દેશથી પણ આરોગ્યલાભ માગી શકાય.

પણ આ લોગસ્સમાં જે આરોગ્ય માગ્યું છે, તે સાંસારિક ઉન્નતિના અર્થે માગ્યું નથી, પણ આત્મિક ઉન્નતિના માટેજ માગેલું છે, કારણ કે આ પવિત્ર પ્રાર્થના છે અને એથી સાંસારિક ઉન્નતિ માગી શકાયજ નહિ

## બોધિલાભની પ્રાર્થના-

બોધિ એટલે ખરી સમજ અથવા સત્ય વસ્તુની શ્રદ્ધા આ બોધિરૂપ રત્ન મેળવ્યા સિવાય આપણે પરમાર્થે દરિદ્રજ રહીએ. માટે તેને મેળવવાની આપણને ખાસ જરૂર હોવાથી આપણે આપણા ઇષ્ટદેવો પાસેથી તેની માગણી કરીએ છીએ.

બોધિનું જૈનમાં બીજું નામ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ એટલે ખરાપણું. આ બોધિ મેળવવી બહુજ દુર્લભ છે અને તે મળે તો જીવ વહેલો કે મોડો પણ સંસારના દુઃખોથી અવશ્ય છુટો થઈ શકે, માટે લોગસ્સમાં તેની પ્રાર્થના કરવામાં આવી છે.

## સમાધિલાભની પ્રાર્થના.

ચિત્તની શાંતિ અથવા માનસિક આરોગ્ય તે સમાધિ.

તમામ ક્રિયાઓ સમાધિ મેળવવા માટે કરાય છે, માટે સમાધિ મેળવવી એ આપણું મુખ્ય સાધ્ય છે.

સમાધિ એ યોગનું છેલ્લું એટલે આઠમું અંગ છે.

સમાધિ મેળવવાનો મુખ્ય ઉપાય ધ્યાનાભ્યાસ છે. ધ્યાનથી ચિત્ત એક વસ્તુમાં તન્મય થવાની અજબ શક્તિ મેળવે છે અને એક વસ્તુમાં સ્થિર થતાં સમાધિ પ્રાપ્ત થાય છે. જેમાં શુદ્ધ આત્મચિંતવન થાય છે તેને સમાધિવર કહે છે. એવી ઉત્તમ સમાધિ મળવા માટે લોગસ્સમાં પ્રાર્થના કરી છે.

## સિદ્ધિલાભ માટે પ્રાર્થના.

આપણી સંપૂર્ણ શુભ ઇચ્છાઓ જ્યારે પાર પડે ત્યારે આપણે ખરેખરી સિદ્ધિ અથવા ફતેહ મેળવી ગણાય અને ત્યારેજ આપણને પરમ સુખ પ્રાપ્ત થાય.

આત્માનો મૂળ સ્વભાવ જ એવો છે કે તે જ્યાંસુધી સર્વ પ્રકારે સિદ્ધિ પામતો નથી ત્યાંસુધી શાંત થઇ શકતો નથી.

ખરેખરૂં સુખ સિદ્ધિ મેળવ્યામાંજ છે. માટે લોગસ્સમાં છેલ્લામાં છેલ્લી પ્રાર્થના એવી ખરી સિદ્ધિ માટે કરી છે.

## ચોવીશ તીર્થંકરોની સ્તુતિ શા માટે કરાય છે.

તેઓ લોકમાં ( જ્ઞાનરૂપી ) પ્રકાશ કરનાર છે, તેઓ ધર્મ-તીર્થના સ્થાપક છે, તેઓ જિન એટલે ( રાગદ્વેષને ) જીતનાર છે, તેઓ અર્હત્ એટલે ( પૂજવા ) લાયક છે, તેઓ કેવળી એટલે કેવળજ્ઞાની છે. તેઓ ( કર્મરૂપી ) રજના મળથી વેગળા થયેલા છે, તેઓ જરામરણથી મુક્ત છે, તેઓ લોકમાં ઉત્તમ છે; તેઓ અનેક ચંદ્ર કરતાં અધિક નિર્મળ છે, તેઓ અનેક સૂર્ય કરતાં અધિક પ્રકાશક છે, તેઓ મહાસાગર ( સ્વયંભૂરમણ ) જેવા ગંભીર છે અને તેઓ કર્મ પર સંપૂર્ણ વિજય મેળવીને કૃતકૃત્ય થયા છે.

## પાઠ ૧૦૨ મો.

### " લોગસ્સ " અથવા નામસ્તવ સૂત્ર–અર્થ સહિત.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥
ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા;
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥ ૬ ॥
ચંદેસુ નિમ્મયલરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

કેવળજ્ઞાનવડે લોકની અંદર અજવાળું કરનાર, ધર્મ-તીર્થના કરનાર. જિન, અર્હંત–પૂજવા યોગ્ય, એવા ચોવીશે કેવળી ભગવાનોની સ્તુતિ કરૂં છું. ૧ ઋષભ અને અજિતને વાંદુ છું, સંભવ, અભિનંદન, તથા સુમતિને(વાંદુ છું);પદ્મપ્રભ, સુપાર્શ્વ અને ચંદ્રપ્રભજિનને વાંદું છું. ૨.સુવિધિ કે જેનું બીજું

નામ પુષ્પદંત છે તેને તથા શીતળ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ અને અનંતજિન, તથા ધર્મ અને શાંતિને વાંદું છું. ૩. કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત તથા નમિજિનને વાંદું છું. અરિષ્ટનેમિને વાંદું છું તેમજ પાર્શ્વ તથા વર્દ્ધમાનને વાંદું છું. ૪. એમ મેં સ્તવેલા, કર્મરૂપ રજમળથી રહિત, જરામરણથી મુક્ત, ચોવીશે જિનવરો (તીર્થંકરો)મારાપર પ્રસન્ન થાઓ. ૫. સ્તવેલા, વાંદેલા, પૂજેલા, જે લોકની અંદર ઉત્તમ છે અને સિદ્ધ થયા છે, તેઓ અમને આરોગ્ય, બોધિલાભ, તથા ઉત્તમોત્તમ સમાધિ આપો. ૬. ચંદ્રો કરતાં વધારે નિર્મળ, આદિત્યો-સૂર્યો કરતાં વધારે પ્રકાશ કર્ત્તા અને સ્વયંભૂરમણ-મહાસાગર માફક ગંભીર એવા સિદ્ધો મને સિદ્ધિ આપો. ૭.

## પાઠ ૧૦૩ મો.

## સમતા એટલે શું ?

સરખાપણું તે સમતા, શત્રુ અને મિત્રપર સરખી નજર રાખી બન્નેનું સરખું ભલું ચહાવું તે સમતા. વૈરવિરોધ મેલીને સંપસલાહ જાળવી શાંતિ વધારવી તે સમતા.

પોતાની માફક બીજાને જોવું તે સમતા. દુઃખ આવી પડતાં પણ હિમ્મત રાખીને તેને સહન કરી આગળ વધવું તે સમતા. ક્રોધને દાબી દઇને શાંત વૃત્તિ રાખવી તે સમતા. મત મમત્વ મૂકીને મધ્યસ્થ રહેવું તે સમતા. સૌકોઈને મિત્ર ગણવા, સૌનું ભલુ ઇચ્છવું, સૌને સરખો ન્યાય આપવો અને સૌની સ્વતંત્રતા સાચવવી તે સમતા.

## સમતાની જરૂર.

સમતા એજ ધર્મનો સાર ગણાય છે, એજ સુખ પામવાનો ખરો ઉપાવ ગણાય છે, એજ મુક્તિ પામવાનું ખરૂં સાધન છે, અને એથીજ સૌનું કલ્યાણ સધાય છે. માટે સાધુ તથા શ્રાવક એ બેઉને સમતા રાખવાની ખાસ જરૂર રહેલી છે.

સમતાવગરની ક્રિયા ખરૂં ફળ આપી શકતી નથી, માટે ધર્મક્રિયા કરતાં તો ખાસ સમતા રાખવી જોઈએ.

સમતાને સમભાવ, શમ, ઉપશમ, પ્રશમ તથા શાંતવૃત્તિ પણ કહેવામાં આવે છે.

## સમતાનો લાભ કેમ થાય ?

" હું અમુક વખત સુધી મારા મનમાં સમતા રાખીશ " એમ મજબૂત સંકલ્પ કરીને યત્ન કર્યાથી તેટલા વખત સુધી સમતા રાખી શકાય છે.

આમ અભ્યાસના ધોરણે મજબૂત ટેવ પડી જતાં હળવે હળવે વખતની હદ વધારતા જઈ આપણે હમેશાને માટે સમતા રાખવા સમર્થ થઇ શકીએ છીએ.

જેમાં સમતાનો લાભ થાય એવા હેતુથી જે ધર્મક્રિયા કરવામાં આવે છે તેને " સામાયિક " કહે છે. સમ એટલે સમતા તેનો આય એટલે લાભ તે સમાય કે સામાયિક કહેવાય છે.

## પૂરી સમતા ક્યારે રાખી ગણાય ?

જેટલો વખત આપણે આપણા મન, વાણી અને શરીરથી કોઇનું પણ અહિત [ભુંડું] ન કરીએ તેટલો વખત આ-

પણ પૂરી સમતા રાખી ગણાય, માટે સમતા રાખવાનો સંકલ્પ કરતાં મન, વચન અને શરીરને નિર્દોષ રાખવા ખાતર એવી પ્રતિજ્ઞા લેવી જોઇએ કે "હું મારા મન, વચન અને શરીરને પાપકાર્યમાં પડતાં અટકાવીશ." આ ઉદ્દેશ ધારી રાખીને નીચેનું વાક્ય બોલવામાં આવે છેઃ—

**કરેમિભંતે સામાઇયં. ૧. સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ. ૨.**

પહેલા વાક્યથી સમતા રાખવાનો સંકલ્પ કર્યો છે અને બીજા વાક્યથી પાપથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી છે.

—∞ooo∞—

## પાઠ ૧૦૪ મો.

### સામાયિકનો કાળ અને ઉપાસના શુદ્ધિ.

અગાઉ કહેવામાં આવ્યું છે કે સમતાનો લાભ તે સામાયિક.

સામાયિક એ ચારિત્રનો ભાગ છે. સાધુપુરૂષ પોતાનો સઘળો વખત સામાયિકમાં જ પસાર કરે છે.

શ્રાવકે સાંજ સવાર થોડામાં થોડું તોપણ બબે ઘડી સુધી સામાયિક ધરી રાખવું જોઇએ, એટલું જ નહિ પણ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે સામાયિકમાં બેસી ધ્યાનાભ્યાસ વધારતા રહેવું જોઇએ.

સામાયિકમાં વખત માટે એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે "જ્યાંસુધી મારો માનસિક ઠરાવ છે ત્યાં સુધી હું તેનું સેવન કરીશ." આ માટે નીચે લખેલું પ્રતિજ્ઞા વાક્ય બોલાય છે

## જાવનિયમં પજ્જુવાસામિ.

ગુરૂપાસે જઇને તેમની રૂબરૂ ક્રિયા કરવી એમ પૂર્વે કહેવામાં આવ્યું છે. એટલા માટે સામાયિકના પાઠમાં 'ભંતે' તથા 'પજ્જુવાસામિ' એ પદો બોલાય છે. ભંતે એટલે હે ભદંત-હે પુજ્ય! અને પજ્જુવાસામિ એટલે હું [અમુક વખત લગી] આપની નજીકમાં બેસી આપની પર્યુપાસના કરીશ. આ રીતે ગુરૂની ઉપાસના કરવાથી ઉપાસનાશુદ્ધિ રહે છે ગુરૂની ઉપાસના કરવાથી આપણા જ્ઞાનમાં અવશ્ય વધારો થાય છે. માટે બને ત્યાં સુધી ગુરૂપાસે જઇને [સામાયિક પ્રમુખ] ધર્મક્રિયા કરવી જોઇએ.

---

## પાઠ ૧૦૫ મો.

## યોગ શુદ્ધિ.

યોગ શબ્દ જુદા જુદા અર્થમાં વપરાય છે, જેમકે યોગ એટલે સમાધિ. યોગ એટલે સંયોગ. એજ પ્રમાણે જૈન પરિભાષામાં મન, વચન અને કાયા એ ત્રણેને પણ યોગ કહે છે.

આ ત્રણે યોગ જ્યારે સરખી રીતે પવિત્ર થઇને જોડાયેલા હોય ત્યારે યોગશુદ્ધિ ગણાય છે. માટે સામાયિક કરતાં મન, વચન અને કાયા એ ત્રણે યોગ પવિત્ર રાખવા જોઇએ અને તેમાં પણ મનને વશ રાખવા માટે તો ખાસ સંભાળ રાખવી જોઇએ; કારણ કે તે બહુ ચંચળ હોવાથી લક્ષ છોડી ઝટ બહાર દોડે છે, માટે તેને બરોબર ઠેકાણે રાખવું જોઇએ.

## કરણ શુદ્ધિ.

કરણ શબ્દના બે અર્થ છે:-જેનાવડે કરીએ તે કરણ એટલે હથિયાર કે સાધન, અને જે કરવું તે કરણ એટલે કે કામ કરવાની ઢબ. દરેક કામ ત્રણ રીતે થાય છે:-પોતે કરવાથી, બીજા પાસે કરાવવાથી અથવા બીજા કરનારને પ્રશંસા વગેરેથી ઉત્તેજન આપીને અનુમોદન-અનુમતિ-કે અનુજ્ઞા આપવાથી.

આ ત્રણ જાતના કરણ એટલે કામ કરવાની રીતો છે. માટે કોઈ પણ યોગ્ય કામ કરવું હોય અથવા અયોગ્ય કામ કરવું હોય ત્યાં ત્રણે કરણથી તે કામ કરવું કે નહિ કરવું એનું નામ કરણ શુદ્ધિ છે.

## કોટિ શુધ્ધિ.

કોટિ શબ્દ પણ જુદા જુદા અર્થમાં વપરાય છે, જેમકે કોટિ એટલે ક્રોડ અને કોટિ એટલે હદ કે છેડો.

આ જગોએ કોટિ એટલે હદ સમજવી, તેથી મન વચન અને કાયા એ ત્રણની હદ બાંધતાં ત્રિકોટિ થાય છે અને એ ત્રિકોટિથી કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ-એમ હદ બાંધતાં નવ કોટિ થાય છે.

કોઈ પણ પ્રતિજ્ઞા લેતાં કોટિથી તેની હદ બાંધવામાં આવે છે અને તે પ્રમાણે તેને પાળવાથી કોટિશુદ્ધિ સચવાય છે.

## પાઠ ૧૦૬ મો.

## નવ કોટિ ને છ કોટિ.

મનથી કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ; વચનથી કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ; અને કાયાથી કરૂં નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ; આ રીતની હદ બાંધવી તે નવ કોટિ કહેવાય છે.

તેમાંથી અનુમોદવાની ત્રણ કોટિ છોડી દઇએ તો બાકીની ૭ કોટિ થાય છે.

મુનિ મહારાજની દરેક ક્રિયા નવકોટિથી હોય છે.

શ્રાવક દુનિયાદાર હોવાથી ૭ કોટિથી પ્રતિજ્ઞા લે છે, છતાં અનુમોદનની ત્રણ કોટિમાંથી પણ જેટલી સચવાય એટલી તેણે સાચવવીજ જોઇએ.

નવકોટિને ટુંકમાં જણાવવા માટે જે શબ્દ વપરાય છે તે તિવિહં તિવિહેણં છે. તેનો અર્થ એ છે કે ત્રિવિધે ત્રિવિધે એટલે કે નવે કોટિથી.

૭ કોટિથી સામાયિકમાં નીચે મુજબ પ્રતિજ્ઞા લેવાય છે.

દુવિહં તિવિહેણં, મણેણં-વાયાએ-કાએણં, ન કરેમિ ન કારવેમિ.

---

## પાઠ ૧૦૭

## ભાવ શુદ્ધિ.

દરેક કામમાં આપણો ભાવ એટલે કે આપણા પરિણામ શુદ્ધ હોવા જોઇએ.

કદાચ ભુલચૂક થાય તોપણ આપણો ભાવ શુદ્ધ હોવાથી તરત તેથી પાછા હઠીએ છીએ. આ રીતે પાછા હટવું તે પ્રતિક્રમણ કહેવાય છે. પાછા હઠવાની સાથે તે પાપને નિંદીએ છીએ-અવગણીએ છીએ, તથા તેવા પાપિષ્ઠ પરિણામ રૂપ મલિન આત્માને દૂર કરી તેને ઠેકાણે પવિત્ર પરિણામરૂપ પવિત્ર આત્માને સ્થાપિત કરીએ છીએ.

આ તમામ ભાવ શુદ્ધિ છે અને ક્રિયા શુદ્ધિ એથીજ થાય છે.

ભાવશુદ્ધિ બતાવવા માટે સામાયિકના પાઠમાં નીચે મુજબ શબ્દો આવે છે:—

તસ્સ ભંતે, પડિક્કમામિ-નિંદામિ-ગરિહામિ-અપ્પાણં વોસિરામિ.

એટલે કે પાપથી પાછો હઠું છું (અને તેને) આત્મા-સાખે નિંદુ છું, ગુરૂસાખે ગર્હું-અવગણું છું અને તેવા અપવિત્ર વિચારમય આત્માને વોસિરાવું-દૂર કરૂં છું.

આ રીતે વચનથી ભાવશુદ્ધિનો પાઠ બોલી, મનથી સર્વ જીવોપર સમતા રાખી, સૌનું હિત ચિંતવવાથીજ ખરેખરી રીતે ભાવશુદ્ધિ સચવાય છે. એ વાત સૌ કોઈએ યાદ રાખવી જોઈએ.

## વિનય શુદ્ધિ.

કરેમિભંતે તથા તસ્સભંતે એ બે ઠેકાણે ભંતે એવું પદ છે. ભંતે એટલે હે ભદંત-હે પૂજય!

આ પદ ગુરૂને સંબોધન કરવા માટે બોલાય છે અને તેથી આપણે ગુરૂનો વિનય સાચવીએ છીએ. એ વિનયશુદ્ધિ છે.

વિનય-સાચવ્યાથીજ ક્રિયા સફળ થાય છે. વિનયથી ગુરૂ પ્રસન્ન રહે છે અને ગુરૂની પ્રસન્નતા મેળવ્યાથીજ કાર્ય-સિદ્ધિ થાય છે.

તેટલા માટે બહુમાનપૂર્વક ગુરૂને આમંત્રણ કરતાં હે ભગવન્ અથવા હે ભદંત એવા શબ્દ બોલવા જોઈએ. તેથી પ્રાકૃતમાં ભયવં એટલે ભગવન્ અથવા ભંતે એટલે ભદંત એ એ શબ્દો વપરાય છે.

## પાઠ ૧૦૮ મો.

### સાચવવાની શુદ્ધિઓ.

કરેમિ ભંતે સામાઇયં—એથી સંકલ્પશુદ્ધિ તથા વિનય-શુદ્ધિ જણાવી છે.

સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ—એથી પ્રતિજ્ઞાશુદ્ધિ બતાવી છે.

જાવનિયમં પજ્જુવાસામિ—એથી કાળશુદ્ધિ તથા ઉપાસના શુદ્ધિ દર્શાવી છે.

દુવિહં તિવિહેણં—એથી કોટિ શુદ્ધિ પરખાવી છે.

મણેણં વાયાએ કાએણં—એથી યોગશુદ્ધિ સૂચવી છે.

ન કરેમિ ન કારવેમિ—એથી કરણ શુદ્ધિ ઓળખાવી છે.

તસ્સ ભંતે પડિક્કમામિ—નિંદામિ—ગરહામિ—અપ્પાણં વોસિરામિ—એથી ભાવશુદ્ધિ સંગ્રહી છે.

### સામાયિકનો સૂત્રપાઠ. અર્થસહિત.

**કરેમિ ભંતે? સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ. જાવનિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.**

હે પૂજ્ય! [હું] સમાયિક કરૂં છું. પાપ-વ્યાપારનો ત્યાગ કરૂં

છું. તે (મનમાં કરેલા) ઠરાવ પ્રમાણે અવધિ સુધી પાળીશ. બે પ્રકારથી ત્રણ પ્રકારે( છ કોટિથી )તે એમ કે મનથી, વચનથી, અને કાયાથી [પાપકર્મને] નહિ કરૂં, નહિ કરાવું [અને] હે પૂજ્ય! તે [પાપકર્મથી]પાછો હઠું છું (અને તેને) નિંદુ છું, ગર્હું છું-અવગણું છું, તથા અપવિત્ર આત્મભાવને વોસિરાવું-ટાળું છું.

## ભાવના.

કોઇ પણ કામ પૂરૂં કરતાં તેમાં સરખો ભાવ જાળવવો જોઇએ. જો તે કામ કરતાં કંટાળો ઉપજે તો ભાવના તૂટી પડે છે, માટે કંટાળો નહિ ખાતાં, ચઢતે ભાવે દરેક કામ પૂરૂં કરવું જોઇએ.

સામાયિક પૂરૂં કરતાં બે ગાથા બોલાય છે. તે બે ગાથા ભાવના રૂપે છે.

પહેલી ગાથામાં એવી મતલબ છે કે જ્યાંસુધી સામાયિકમાં રહેવાય ત્યાંસુધી અશુભ કર્મ દૂર થતા રહે છે, એમ સામાયિકનો મહિમા વર્ણવ્યો છે.

બીજી ગાથામાં એમ કહેવામાં આવે છે કે સામાયિક કરતાં તેટલો વખત શ્રાવક સાધુ જેવો થઇ રહે છે, માટે વારંવાર સામાયિક કરવું. એવો ભાવ પ્રદર્શિત કરેલ છે.

## ભાવનાની બે ગાથા. અર્થ સહિત.

સામાઇય-વયજુત્તો, જાવ મણે હોઇ નિયમસંજુત્તો;
છિન્નઇ અસુહં કમ્મં, સામાઇય જત્તિઆવારા ॥ ૧ ॥

સામાઈઅંમિ ઉ કએ, સમણો ઇવ સાવઓ હવઈ જમ્હા;
એએણ કારણેણં, બહુસો સામાઈઅં કુજ્જા ॥ ૨ ॥

સામાયિક [નામના] વ્રત [ થી ] યુક્ત-વિરતિવાળું જ્યાં લગી મન નિયમ સહિત હોય ત્યાંસુધી સામાયિક જેટલી વાર કરે તેટલી વાર આત્મા અશુભ કર્મને છેદે છે. સામાયિક કરતાં તો સાધુના જેવો શ્રાવક બને છે, માટે એ કારણસર વારંવાર સામાયિક કરવું.

## સામાયિક લેવાની વિધિ.

પ્રથમ ઉંચે આસને સ્થાપનાચાર્યને સ્થાપવા, પણ જો ગુરૂમહારાજ પોતે હાજર હોય તો શ્રાવકને સ્થાપનાચાર્ય સ્થાપવાની જરૂર નથી. પણ ગુરૂમહારાજ પોતે કે સ્થાપનાચાર્ય એમાંથી એક પણ ન હોય ત્યારે પુસ્તક વગેરેની સ્થાપના કરવી.

શ્રાવક તથા શ્રાવિકાએ સામાયિક કરવાનાં ઉપકરણો જેવાં કે કટાસણું ( શુદ્ધ ઉનનો પોણા વાર પ્રમાણનો ચોરસ કકડો ) તથા જીવજંતુ વિગેરેને પુંજવા માટે ચોવીશ અંગુળની દાંડીવાળો ઉનના રેસાવાળો ચરવળો તથા મુહપત્તિ એટલે જીવરક્ષા પાળવા અને જ્ઞાનની આશાતના ટાળવાના હેતુથી મુખ આડો રાખવાને, આશરે સોળ આંગળ લાંબો પહોળો શુદ્ધ સફેદ કપડાનો કકડો–એ ત્રણ વાનાં સામાયિક કરતી વખતે જરૂર ઉપયોગમાં લેવાં.

મન, વચન અને શરીરની શુદ્ધિ સાચવવી. શુદ્ધ વસ્ત્ર પહેરવાં. (પુરૂષને માટે ફક્ત એક ધોતીયું અને સ્ત્રીઓને બે કે ત્રણ વસ્ત્ર પહેરવાની છુટ છે.) બેસવાની જગ્યા પુંજીને પ્રથમ કટાસણું પાથ-

રવું. પછી તે ઉપર ઉભા રહી ડાબા હાથમાં મુહપત્તિ મુખ પાસે રાખી જમણો હાથ સ્થાપનાજી સામો અવળો રાખી એક નવકાર તથા પંચિંદિય બોલવા. સ્થાપનાજી સામો જમણો હાથ અવળો રાખવાનું કારણ એ છે કે ગુરૂમહારાજ પોતે અથવા સ્થાપનાચાર્ય હાજર નથી, માટે પોતે કરેલી સ્થાપનામાં ગુરૂમહારાજના ગુણોનું આરોપણ કરી તેને ગુરૂ માનવા. ઇચ્છામિ ખમાસમણપૂર્વક ઇરિયાવહિયાનો પાઠ કહેવો. પછી તસ્સ ઉત્તરી કહેવી. ત્યારબાદ અન્નથ્થ ઉસસિએણં કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. જેને લોગસ્સ ન આવડે તેણે ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી પ્રગટ લોગસ્સનો પાઠ બોલવો. પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહપત્તિ પડિલેહું? ઇચ્છં." એમ કહી મુહપત્તિ પડિલેહવી. ( જીવરક્ષાના હેતુએ મુખ આડા રાખેલા કપડાના કકડાને ઉખેળીને તેમાં આંખોથી બરોબર જોઇને હાથ ઉપર તથા શરીરના બીજા અવયવો ઉપર ફેરવવો. એમ કરતાં મનમાં ધર્મભાવનાના મુહપત્તિને લગતા તથા શરીરને લગતા પચાસ બોલ પુરૂષે બોલવાના અને ચાળીશ બોલ સ્ત્રીએ બોલવાના છે, તે બોલની સમજ અન્યત્ર આપવામાં આવેલી જોઇ લેવી. પછી ખમાસમણ દઇને "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહું ? ઇચ્છં." એમ કહેવું. વળી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ? ઇચ્છં" એમ કહી, બે હાથ જોડી એક નવકાર ગણી, "ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી." એમ કહેવું. પછી વડીલ કરેમિભંતે કહે, તેને પોતે અનુસરવું, પણ જો વડીલ ન હોય તો પોતે ઉચ્ચરી લેવું. પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહું ? ઇચ્છં." એમ કહેવું. પછી બીજું ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ

ભગવન્ બેસણે ઠાઉં? ઈચ્છં." એમ કહેવું. પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજઝાય સંદિસાહું? ઈચ્છં." એમ કહેવું. પછી બીજું ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજઝાય કરૂં? ઈચ્છં." એમ કહી ત્રણ નવકાર મનમાં ગણવા. પછી બે ઘડી સજઝાય ધ્યાન કરવું.

## સામાયિક પારવાની વિધિ.

પ્રથમ ખમાસમણ દઈ ઇરિયાવહિયાનો પાઠ કહેવો. પછી તસ્સઉત્તરીનો પાઠ કહી અન્નથ્થ ઉસસિએણંનો પાઠ કહેવો પછી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ( લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. ) પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું? ઈચ્છં." એમ કહીને મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારૂં? યથાશક્તિ." એમ કહેવું. પછી બીજું ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું. તહત્તિ." એમ કહીને જમણો હાથ ચરવલા ઉપર અથવા કટાસણા ઉપર સ્થાપી એક નવકાર ગણવો. પછી ઉપર કહ્યા પ્રમાણેજ હાથ રાખીને 'સામાઇયવયજુત્તો' કહેવો. પછી જમણો હાથ મુખ સામો સવળો રાખી એક નવકાર ગણીને ઉઠવું.

## દેવ દર્શન કરવાની તથા ચૈત્યવંદન કરવાની વિધિ.

( ૧ ) સર્વ શુભ કાર્યોમાં ઉત્તમ કાર્ય દેવને નમન કરવાનું છે. એટલે કે પ્રભાત સમયે ઉઠતાંજ વિવેકી મનુષ્યો પોતાના ઈષ્ટદેવને પ્રથમ નમસ્કાર કરે છે. પરમેશ્વરને પ્રણામ કર્યા વગરના જે દિવસ જાય છે તે નિષ્ફળ જાણવા. માટે દરેક સમજુ શ્રાવકે તથા

શ્રાવિકાએ પોતાના ઈષ્ટદેવના અવશ્ય દર્શન કરવા તથા યોગ્ય પૂજા ભક્તિ કરવી. તે દેવદર્શન તથા પૂજા ભક્તિ કેવી રીતે કરવાં? તે વિષે કંઈક ટુંકામાં જણાવીએ છીએ.

( ૨ ) જિનેશ્વર પ્રભુનાં દર્શન કે પૂજા કરવા ઈચ્છનાર ગૃહસ્થે પ્રથમ મન, વચન અને કાયાની શુદ્ધિ કરવી. એટલે ઘેરથીજ શરીરને સ્વચ્છ કરી, સારાં શુદ્ધ ઉજવળ વસ્ત્ર પહેરી તથા સારાં ધર્મવચનવડે શુભ ભાવના ભાવતાં મનમાંથી સર્વ સંસારી જંજાળને દૂર કરી ફક્ત એક પરમેશ્વરના ગુણને સંભારતાં જિનમંદિરે જવું. (એજ પ્રમાણે ગુરૂવંદનાર્થે જતાં વર્તવું)

( ૩ ) દેરાસરનાં બહારનાં પગથીઆં આગળ આવતાં "નિસિહી"નો ઉચ્ચાર કરવો, એટલે પોતે સંસાર સંબંધી સર્વ કાર્યોનો ત્યાગ કર્યો છે એમ ચિંતવવું. પછી દેરાસરના મકાનમાં પેસતાં જે જે આશાતના જોવામાં આવે તે તે પોતે દૂર કરવી અથવા દૂર કરવાની બીજાને ભલામણ કરવી. પછી પરમેશ્વરની પ્રતિમાની સન્મુખ આવેલા રંગમંડપમાં પ્રવેશ કરતાં બીજીવાર નિસિહી કહેવી. એટલે કે હવે પોતાને દેરાસર સંબંધી કામકાજનો પણ નિષેધ છે એમ ચિંતવવું. છેવટે પ્રભુની પ્રતિમા આગળ એટલે ગભારા અથવા પ્રતિમાગૃહ આગળ આવતાં અર્ધું અંગ નમાવી યથોચિત દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવા પહેલાં ત્રીજીવાર નિસિહી કહીને એવું ચિંતવવું કે હવે મારે પ્રભુના ગુણ સ્મરણ વગર બીજી બધી વાતનો ત્યાગ છે.

(૪) દેરાસર ફરતાં ત્રણ પ્રદક્ષિણા દેવી. તેમાં જ્ઞાન, દર્શન (સમકિત) અને ચારિત્રનું આરાધન ચિંતવવું.

(૫) પછી પ્રભુને ત્રણ ખમાસમણ દેવાં. તેમાં દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વના ઉત્તમતા વિચારવી.

(૬) પછી પુરૂષે પ્રભુને જમણે પાસે તથા સ્ત્રીઓએ ડાબે પાસે મંડપમાં બેસીને પાટલા ઉપર અક્ષતપૂજા તથા ફળપૂજા કરવી. તેમાં શુદ્ધ અખંડ ચોખા વડે પ્રથમ સાથીઓ કરવો. તે સાથીઆની ચાર પાંખો કરતી વખતે "મારો ચાર ગતિમાંથી છુટકારો થાઓ" એમ ભાવવું. તે સાથીઆ ઉપર ત્રણ છુટી છુટી ઢગલી કરતાં જ્ઞાન, દર્શન અને ચારિત્રને ભાવવાં. તથા તે ઉપર અર્ધચંદ્રાકારે સિદ્ધશિલાનો આકાર કરતાં મોક્ષ સ્થાનકની ભાવના કરવી.

(૭) એ સાથીઆ ઉપર તથા સિદ્ધશિલાદિ ઉપર ઉત્તમ શ્રીફળ કે કેરી પ્રમુખ સરસ ફળ અને નૈવેદ્ય મૂકીને, પોતાને ધર્મક્રિયા કર્યાનાં ઉત્તમ ફળ મળવાની પ્રાર્થના કરવી. એ રીતે દ્રવ્યપૂજા કરીને પછી એક ચિત્તે પ્રભુના ગુણની સ્તુતિ મધુર સ્વરે શુદ્ધ ઉચ્ચારથી શાંતપણે કરવારૂપ ભાવપૂજા કરવી. ભાવપૂજા કરતાં પ્રભુનું ચૈત્યવંદન ગુરૂ પ્રમુખ વડીલનો યથોચિત વિનય સાચવી, પ્રસ્તુત કાર્યમાં સ્થિર ઉપયોગ રાખી, પ્રભુના બહુમાનપૂર્વક કરવું.

(૮) દેરાસરમાં કોઈએ પણ સંસારસંબંધી વાતચીત તથા મળમૂત્રાદિ દશ મોટી આશાતના કરવી નહિ, કેમકે તેથી બહુ દોષ લાગે છે. દર્શન કરી બહાર નીકળતાં પ્રભુને પુંઠ ન દેવી.

દશ આશાતના આ પ્રમાણેઃ-

૧ તંબોળ ખાવું, ૨ પાણી પીવું, ૩ ભોજન કરવું, ૪ જોડા પહેરી રાખવા, ૫ મૈથુન સેવવું, ૬ સુવું, ૭ થું કવું, ૮-૯ લઘુ નીતિ વડી નીતિ કરવી, ૧૦ જુગટું રમવું.

# ચોવીશે તીર્થંકરનાં નામ તથા માતા, પિતા, દેહ-માન, લંછન અને આયુષ્યનો કોઠો.

| નંબર | તીર્થંકરોનાં નામ. | માતાનાં નામ. | પિતાનાં નામ. | શરીર માન ધનુષ્ય | લંછન. | આયુષ્ય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | મરૂદેવી | નાભિ | ૫૦૦ | વૃષભ | ૮૪ લા. પૂ. |
| ૨ | અજિતનાથ | વિજયા | જિતશત્રુ | ૪૫૦ | હાથી | ૭૨ ,, |
| ૩ | સંભવનાથ | સેના | જિતારિ | ૪૦૦ | ઘોડો | ૬૦ લા. પૂ. |
| ૪ | અભિનંદન | સિદ્ધાર્થા | સંવર | ૩૫૦ | વાંદરો | ૫૦ લા. પૂ. |
| ૫ | સુમતિનાથ | મંગલા | મેઘ | ૩૦૦ | ક્રૌંચ | ૪૦ ,, |
| ૬ | પદ્મપ્રભ | સુસીમા | શ્રીધર | ૨૫૦ | પદ્મ | ૩૦ ,, |
| ૭ | સુપાર્શ્વનાથ | પૃથ્વી | પ્રતિષ્ઠ | ૨૦૦ | સ્વસ્તિક | ૨૦ ,, |
| ૮ | ચંદ્રપ્રભ | લક્ષ્મણા | મહાસેન | ૧૫૦ | ચંદ્ર | ૧૦ ,, |
| ૯ | સુવિધિનાથ | રામા | સુગ્રીવ | ૧૦૦ | મગર | ૨ ,, |
| ૧૦ | શીતળનાથ | નંદા | દૃઢરથ | ૯૦ | શ્રીવચ્છ | ૧ ,, |
| ૧૧ | શ્રેયાંસનાથ | વિષ્ણુ | વિષ્ણુ | ૮૦ | ગેંડો | ૮૪ લા. વ. |
| ૧૨ | વાસુપૂજ્ય | જયા | વસુપૂજ્ય | ૭૦ | પાડો | ૭૨ લા. વ. |
| ૧૩ | વિમલનાથ | શ્યામા | કૃતવર્મા | ૬૦ | સુઅર | ૬૦ લા. વ. |
| ૧૪ | અનંતનાથ | સુયશા | સિંહસેન | ૫૦ | સિંચાણો | ૩૦ લા. વ. |
| ૧૫ | ધર્મનાથ | સુવ્રતા | ભાનુ | ૪૫ | વજ્ર | ૧૦ ,, |
| ૧૬ | શાંતિનાથ | અચિરા | વિશ્વસેન | ૪૦ | મૃગ | ૧ ,, |
| ૧૭ | કુંથુનાથ | શ્રી | સૂર | ૩૫ | બોકડો | ૯૫ હ. વ. |
| ૧૮ | અરનાથ | દેવી | સુદર્શન | ૩૦ | નંદાવર્ત | ૮૪ હ. વ. |
| ૧૯ | મલ્લિનાથ | પદ્માવતી | કુંભ | ૨૫ | કુંભ | ૫૫ હ. વ. |
| ૨૦ | મુનિસુવ્રત | પ્રભા | સુમિત્ર | ૨૦ | કાચબો | ૩૦ હ. વ. |
| ૨૧ | નમિનાથ | વપ્રા | વિજય | ૧૫ | નીલકમળ | ૧૦ ,, |
| ૨૨ | નેમિનાથ | શિવા | સમુદ્રવિજય | ૧૦ | શંખ | ૧ ,, |
| ૨૩ | પાર્શ્વનાથ | વામા | અશ્વસેન | ૯ હાથ | સર્પ | ૧૦૦ |
| ૨૪ | મહાવીરસ્વામી | ત્રિશલા | સિદ્ધાર્થ | ૭ હાથ | સિંહ | ૭૨ વર્ષ |

## ચૈત્યવંદન સાર (પ્રસ્તાવના રૂપે)

અરિહંત ભગવંતને અથવા તેમની પ્રતિમાજીને ભક્તિપૂર્વક નમસ્કાર કરવો, પંચાંગ પ્રણામ કરવો તથા અનેક શ્લોક કાવ્યાદિકે સ્તવના કરવી એ સર્વને ચૈત્યવંદન કહે છે. 'જગચિંતામણિના' પાઠથી 'કલ્લાણ કંદની' સ્તુતિ સુધીના સર્વ સૂત્રોનો ઉપયોગ ચૈત્યવંદનને વિષે અનુક્રમે કરાય છે. તેમાં પ્રથમ જગચિંતામણિ અથવા બીજું કોઇ પણ ચૈત્યવંદન 'જંકિંચિ' સહિત બોલવામાં આવે છે. એમાં અરિહંત અથવા સિદ્ધ પરમાત્માનું ગુણ-કીર્તન મુખ્યત્વે હોય છે અને'જંકિંચિ'માં જગતને વિષે જ્યાં જ્યાં જેટલી જેટલી જિનપ્રતિમા છે તે સર્વેને ભક્તિપૂર્વક નમસ્કાર કરવામાં આવ્યો છે. પછી 'શક્રસ્તવ' અથવા 'નમુથ્થુણં'' ના સૂત્રપાઠનો ઉચ્ચાર કરીને અરિહંત પ્રભુને અનેક શુભોપમાપૂર્વક સ્તવ્યા છે અને તેની છેલ્લી ગાથા જે પુર્વાચાર્યકૃત છે તેમાં ત્રણે કાળના (દ્રવ્ય) જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરવામાં આવ્યો છે. પછી ત્રૈલોકયવર્તી સકળ ચૈત્યો ( જિનપ્રતિમાઓ ) ને નમસ્કાર કરવા રૂપે'જાવંતિ ચેઇઆઇંનો' પાઠ ભણાય છે અને પછી સમસ્ત નિર્ગ્રંથ એવા મહા મુનિ મહારાજોને વંદન કરવા નિમિત્તે ખમાસમણપૂર્વક 'જાવંત કેવિ સાહુનો' પાઠ કહેવામાં આવે છે. ત્યારબાદ ચૌદપૂર્વમાંથી ઉદ્ધાર કરેલા પંચપરમેષ્ઠી નમસ્કારરૂપ સંસ્કૃત મંત્રપાઠનો ઉચ્ચાર કરીને 'ઉવસગ્ગહરં' અથવા કોઈ બીજું સ્તવન કહેવામાં આવે છે. ઉવસગ્ગહરં કે જે નવસ્મરણ માંહે બીજું સ્મરણ છે, તેમાં ત્રેવીશમા પાર્શ્વનાથ પ્રભુની અત્યંત ઉલ્લાસથી ભક્તિપૂર્વક સ્તુતિ તથા પ્રાર્થના કરવામાં આવી છે. સ્તવન બોલ્યા પછી શ્રી વીતરાગ દેવની સમીપે 'જય વીયરાયનો' પાઠ કહેવાય છે. તેમાં " અનેક શુભ ગુણોની મને

પ્રાપ્તિ થાઓ અને મારા દુર્ગુણોનો નાશ થાઓ તથા દેવગુરૂના ચરણકમળની સેવા મને ભવોભવ એટલે આ સંસારમાં મારે રહેવું પડે ત્યાં સુધી હો. ” ઈત્યાદિક હાર્દિક પ્રાર્થના કરવામાં આવી છે. દરેક ગાથામાં મુખ્યત્વે કરીને પ્રભુની સ્તુતિ સાથે શુભ પ્રાર્થના કરવામાં આવી છે. અને છેવટે જિનશાસનની જયસ્તુતિ રૂપ સંસ્કૃતશ્લોક કહ્યોછે. એ પછી ચૈત્યસ્તવનો પાઠ અરિહંત ભગવાનની પ્રતિમાનું આરાધન કરવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાની સૂચના રૂપે બોલાય છે અને પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પાંચજિનોની સ્તુતિ રૂપ ‘ કલ્લાણકંદં ’ ની થોય અથવા કોઈ બીજી થોય પણ તીર્થંકર દેવની કહેવામાં આવે છે. ઇત્યાદિક ચૈત્યવંદન વિધિનો વિસ્તાર સૂત્ર-અર્થની સમજુતિ સાથે આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. ગૃહસ્થ ભાઈ બ્હેનો પ્રભુની દ્રવ્યપૂજા કર્યાબાદ તેમજ ત્યાગી સાધુ સાધ્વી પ્રમુખ પણ પ્રથમ ‘ઇરિયાવહી’થી ‘લોગસ્સ’ પર્યંત સૂત્રપાઠ કહી. સ્થિરતા પ્રમાણે જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જિનમંદિરમાં પ્રતિદિન કરે છે. જઘન્ય ચૈત્યવંદનનો વિધિ ઉપર દર્શાવેલ છે. મધ્યમ ચૈત્યવંદન ચાર થોઈવડે પ્રતિક્રમણ પ્રસંગે કરાય છે અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન આઠ થોઇવડે પૌષધ-વ્રતાદિક પ્રસંગે શ્રાવક-શ્રાવિકાઓ કરે છે. તેમ ત્યાગી સાધુ સાધ્વીઓએ પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન બનતાં સુધી હમેશાં કરવું જોઈએ. ૧૦૮ કાવ્યોવડે પ્રભુસ્તુતિ કરવાથી પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન લેખાય છે. જેમને તે ન આવડે તેઓ ૧૦૮ નવકારમંત્રનો જાપ સ્થિર ચિત્તથી કરી શકે છે. અર્થની સમજ સાથે ચૈત્યવંદન કરતાં ભાવ ઉલ્લાસ સારો આવે છે અને ચિત્તની એકાગ્રતા વધે છે. તેથી ભારે લાભ થવા પામે છે.

## જગચ્ચિન્તામણિ-ચૈત્યવંદન ( મૂળપાઠ )

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ! ઇચ્છં, જગચિંતામણિ, જગનાહ, જગગુરૂ, જગરખ્ખણ,

**જગબંધવ, જગસત્થવાહ, જગભાવ-વિઅક્ખણ, અટ્ઠાવય-સંઠવિઅ-રૂવ, કમ્મટ્ઠ-વિણાસણ, ચઉવીસંપિ જિણવર જયંતુ, અપ્પડિહય સાસણ ॥૧॥ કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમ-સંઘયણિ, ઉક્કોસય સત્તરિસય જિણવરાણ વિહરંત લબ્ભઇ; નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહુ ગમ્મઇ; સંપઇ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ, સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ ॥૨॥ જયઉ સામિય, જયઉ સામિય, રિસહ સત્તુંજિ, ઉજ્જિંતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ, ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહ-દુરિય-ખંડણ, અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કેવિ, તીઆણાગયસંપઇઅ, વંદૂ જિણ સવ્વેવિ ॥૩॥ સત્તાણવઇ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડિઓ; બત્તિસય બાસિયાઇં, તિયલોએ ચેઇએ વંદે ॥૪॥ પનરસ કોડિ સયાઈં, કોડી બાયાલ લક્ખ અડવન્ના; છત્તીસ સહસ અસિઇં, સાસયબિંબાઈં પણમામિ ॥૫॥**

---

સાર-જગચિંતામણિ-ચૈત્યવંદનના પાઠમાં અરિહંત ભગવાનનો મહિમા તથા ગુણ સારી રીતે ભાવથી વખાણ્યા છે, તેમજ સાક્ષાત ભગવાન બિરાજતા હોય, ત્યારે જેવી રીતે તેમના મૂર્તિમાન દેહને નમસ્કાર કરવામાં આવે છે તેવી રીતે આ પાઠથી હાલ જૈનવર્ગમાં જાણીતા તીર્થોને બહુમાનથી નમસ્કાર કર્યો છે. વળી જગતમાં તીર્થંકરો તથા સાધુ મુનિરાજ હોય તો ઘણામાં ઘણા કેટલા હોય, તેની સંખ્યા પણ બતાવી છે. તેમ જ હાલ દુનિયામાં હયાત કેટલા છે, તે પણ જણાવ્યું છે આ સિવાય ત્રણ લોકમાં શાશ્વતા (સદાકાળ હોય તેવા) જિનમંદિરો તથા તેમાં રહેલી પ્રતિમાઓની સંખ્યા પણ કહી છે.

## જગચિંતામણિના અર્થની સમજુતિ.

હે, ભગવન્ ! આપની ઈચ્છા હોય અને મને આજ્ઞા કરો-તો હું પ્રતિમાવંદનરૂપે આપની સ્તુતિ કરૂં. આપ કેવા છો ? તો કે, મનના સર્વ મનોરથને પૂર્ણ કરનાર એવા અમૂલ્ય ચિંતામણિ રત્ન સમાન છો. વળી જગતના નાથ છો, તથા ધર્મનો ઉપદેશ દેવાથી જગતના ગુરૂ છો, જગતના જીવોનું રક્ષણ કરો છો, વળી ધર્મી જીવોના સહાયકારક મોટા ભાઈ સમાન છો, તેમજ સંસારી જીવોને મોક્ષનગરીએ પહોંચાડવાને મોટા સાર્થવાહ એટલે આગેવાન વેપારી સમાન છો તથા જગતના સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણવામાં કુશળ છે, વળી અષ્ટાપદ પર્વત ઉપર ભરત મહારાજાએ જેમનાં રત્ન-મણિમય બિંબનું સ્થાપન કર્યું છે, તથા જેમણે આઠે કર્મનો નાશ કર્યો છે અને જેમનું શાસન એટલે આજ્ઞાવચન કોઈથી પણ હણાય નહિ એવું છે, તેવા ચોવીશે જિનેશ્વર ભગવંતોનો જય થાઓ. ( ૧ )

વળી જ્યાં લોકો ખેતીવાડીએ કરીને કે નામાઠામાના ધંધા રોજગારે કરીને અથવા હથિયાર વગેરેના કાર્યો કરીને પોતાનું ગુજરાન ચલાવે છે, એવાં આ મનુષ્ય લોકનાં પંદરે[1] કર્મભૂમિ ક્ષેત્રોમાં પહેલા સંઘયણવાળા એટલે કુદરતી રીતેજ સૌથી મજબુત શરીરવાળા ઘણામાં ઘણા એકસો ને સિત્તેર ૧૭૦ તીર્થંકરો એકજ વખતે વિચરતા પમાય છે. તથા જ્યારે ઉત્કૃષ્ટપણે ૧૭૦ એકસો ને સિત્તેર તીર્થંકરો વિચરતા હોય છે. ત્યારે તેમની સાથે સર્વ કેવળી એટલે સંપૂર્ણ જ્ઞાનીઓની સંખ્યા નવક્રોડની હોય છે અને ચોખ્ખું સાધુપણું પાળનારા મુનિઓની ઉત્કૃષ્ટ સંખ્યા નવ હજાર ક્રોડ (નેવું અબજ)ની હોય છે વર્તમાન કાળે વીશ

---

[1] પાંચ ભરત, પાંચ અરવત અને પાંચ મહાવિદેહ નામના

જિનેશ્વરો મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે, તેમની સાથે બે ક્રોડ સંપૂર્ણ જ્ઞાનીની સંખ્યા છે અને શુદ્ધ સાધુની સંખ્યા બે હજાર ક્રોડ ( વીશ અબજ )ની છે. એ સર્વની દરરોજ પ્રભાતે સ્તુતિ કરીએ. (૨)

હે, સ્વામી ! તમારો જય થાઓ ! શ્રી શત્રુંજય ગિરિની ઉપર બિરાજતા શ્રી ઋષભદેવ ભગવાન તથા શ્રી ગિરનાર ઉપર બિરાજતા શ્રી નેમિનાથ ભગવાન જય પામો. વળી સત્યપુરી-સાચોર નગરના આભૂષણ રૂપ હે શ્રી મહાવીર સ્વામી ! તમારો જય થાઓ. તથા ભરૂચમાં બિરાજતા શ્રી મુનિસુવ્રતસ્વામીને અને દુઃખ પાપને નાશ કરનારા એવા મુહરી ગામમાં બિરાજતા શ્રી મુહરિ પાર્શ્વનાથને, તેમજ બીજા પાંચ મહાવિદેહ ક્ષેત્રોના તીર્થંકરોને, તથા ચાર દિશા અને ચાર વિદિશામાં ભૂતકાળ સંબંધી, કે વર્તમાનકાળ સંબંધી કે ભવિષ્યકાળ સંબંધી જે કોઇ તીર્થંકર ભગવાન હોય, તે સર્વેને હું નમસ્કાર કરૂં છું.(૩)

સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમા સર્વે મળીને આઠક્રોડ છપ્પન લાખ, સત્તાણું હજાર, બત્રીસો અને બ્યાસી ( ૮૫૯૭૦૨૮૨ ) જિનમંદિરોને મારો નમસ્કાર થાઓ. ( ૪ )

તથા ઉપર કહેલાં જિનમંદિરોમાં બિરાજતી પંદર અબજ, બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી શાશ્વતી જિનપ્રતિમાઓને મારો નમસ્કાર હો. ( ૫ )

## ‘ જંકિંચિ ’ સૂળ. (સમજુતિં સાથે).

જકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઈ વંદામિ ॥ ૧ ॥

સ્વર્ગમાં, પાતાલમાં તથા મનુષ્ય લોકને વિષે જે કોઈ જિનેશ્વરભગવાનના નામવાળું તીર્થ હોય તેને. તથા એ ત્રણે લોકને વિષે જે જે શ્રી જિનેશ્વરની પ્રતિમાઓ હોય, તે સર્વ પ્રતિમાઓને હું નમસ્કાર કરૂં છું.

## નમુથ્થુણં અથવા શક્રસ્તવ. (મૂળ પાઠ)

નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં ॥ ૧ ॥ આઇગરાણં, તિથ્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥ ૨ ॥ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીયાણં, પુરિસવરગંધહથ્થીણં ॥ ૩ ॥ લોગુત્તમાણં, લોગનાહાણં લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥ અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ॥ ૫ ॥ ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥ ૬ ॥ અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં ॥ ૭ ॥ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥ ૮ ॥ સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત-મખ્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ નામધેયં-ઠાણંસંપત્તાણં, નમો જિણાણં, જિયભયાણં ॥ ૯ ॥ જે અ અઈઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥ ૧૦ ॥

# નમુથ્થુણંના અર્થની સમજુતિ.

અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ.(૧) એ ભગવાન કેવા છે? તે વખાણે છે-ધર્મની શરૂઆત કરનાર તથા સિદ્ધાંત અને ચાર પ્રકારના સંઘ રૂપી તીર્થને સ્થાપનાર છે. વળી કોઇપણ ગુરૂની સહાયતા વગર જે પોતાની મેળેજ જ્ઞાની થયા છે,[૨] તથા સર્વ પુરૂષોમાં ઉત્તમ છે, તથા ધર્મને વિષે પુરૂષાર્થમાં સિંહ સમાન શૂરા છે. વળી ગુણે કરીને પુરૂષોને વિષે ઉજ્વળ પુંડરીક કમળ સમાન ઉત્તમ છે અને કર્મવેરીને નસાડવામાં પુરૂષોને વિષે પ્રધાન ગંધ-હસ્તી સમાન છે. [૩] વળી પ્રભુ ત્રણે લોકમાં શ્રેષ્ટ છે, તથા જગતના નાથ છે અને જગતના હિત કરનાર છે. તથા જગતના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં દીપક સમાન છે, તથા પોતાના સંપૂર્ણ જ્ઞાને કરીને જગતમાં સૂર્ય સમાન પ્રકાશક છે. [૪] વળી ભગવાન સંસારી જીવોના સર્વ ભય ટાળી અભયદાનના દાતાર છે. જ્ઞાન-ચક્ષુ આપનાર છે, અર્થાત્ સર્વ વસ્તુનું જ્ઞાન કરાવનાર છે, તથા મોક્ષ-માર્ગ બતાવનાર છે, તેમજ નિરાધાર પ્રાણીઓને આધાર છે, વળી સમકિતની પ્રાપ્તિ કરાવનાર છે. [૫] વળી ધર્મના દાતાર છે, ધર્મનો ઉપદેશ કરે છે, ધર્મના નાયક છે, ધર્મરૂપી રથનું રક્ષણ કરવામાં સારથિસમાનછે, તથા આ સંસારની ચાર ગતિનો અંત આણવામાં મોટા ધર્મ-ચક્રવર્તિ છે. [ ૬ ] વળી કોઇથી હણાય નહિં એવા સર્વોત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારક છે અને દોષવાળી છદ્માવસ્થા દૂર થઈ છે.(૭) વળી પ્રભુએ પોતે કર્મશત્રુઓને જીત્યા છે અને બીજાને તે ઉપર જીત અપાવે છે, પોતે સંસારસમુદ્રને તર્યા છે અને બીજાને તેથી તારે છે, તથા પોતે જ્ઞાની થયા છે અને બીજાને જ્ઞાની કરે છે, તેમજ પોતે કર્મથી રહિત થયેલા છે અને બીજાને કર્મ રહિત કરે છે. (૮) વળી જેઓ

સર્વ વસ્તુને સંપૂર્ણપણે જાણે દેખે છે. તથા જ્યાં કોઇ પણ જાતનો ઉપદ્રવ નથી, કોઈપણ પ્રકારની ચપળતા નથી, તથા જ્યાં સંપૂર્ણ નિરોગીપણું છે એવી અંતરહિત, નાશરહિત તથા સર્વ બાધા પીડાએ રહિત સ્થિતિ છે તથા જ્યાંથી ફરી પાછું સંસારમાં અવતરણું પડતું નથી અને જેનું નામ મોક્ષગતિ છે, તે રૂપ ઉત્તમ સ્થાનક જેમણે પ્રાપ્ત કર્યું છે. એવા સર્વ ભયને જીતનાર જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ. (૯) વળી જે જે તીર્થંકર ભગવાન અતીતકાળમાં મોક્ષ પામ્યા તેમને, ભવિષ્યકાળમાં તીર્થંકરની પદવી ભોગવી મોક્ષ પામશે તેમને તથા હાલ વર્તમાનકાળમાં જે જે તીર્થંકરો વિદ્યમાન છે તે સર્વ ( દ્રવ્યજિનો ) ને હું શુદ્ધ મન, વચન, કાયાએ કરી નમસ્કાર કરૂં છું. (૧૦)

## " જાવંતિ ચેઇઆઇં. "

### ( અર્થ–સમજુતિ સાથે )

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈં તાઈં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈં ॥ ૧ ॥

સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકને વિષે રહેલી જેટલી જિનપ્રતિમા છે તે સર્વેને હું અહીંઆ રહીને નમસ્કાર કરૂં છું.

## " જાવંત કેવિ સાહૂ. " ( અર્થ–સમજુતિ સાથે )

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે ય;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥

મન, વચન તથા કાયાનાં અશુભ આચરણથી રહિત થયેલા એવા અઢી દ્વીપને વિષે આવેલા પાંચ ભરત, તથા પાંચ ઐરવત

અને પાંચ મહાવિદેહક્ષેત્રમાં જે કોઈ સાધુ-મુનિમહારાજ હોય, તે સર્વેને મારો નમસ્કાર થાઓ.

## નમોઽર્હત્ ( પંચ પરમેષ્ઠિ–નમસ્કાર. )

### અર્થ સાથે.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥ ૧ ॥

શ્રી અરિહંત તથા શ્રી સિદ્ધ ભગવાનને તથા આચાર્યજી તથા ઉપાધ્યાયજી તથા સર્વ સાધુમહારાજને હું નમસ્કાર કરૂં છું.

( આ પંચ પરમેષ્ઠિનમસ્કાર સ્ત્રીઓએ ભણવાનો નથી. )

## " ઉવસગ્ગહરં–સ્તવન "

### ( શ્રી ભદ્રબાહુસ્વામીકૃત )

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં ॥ ૧ ॥
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ–
તસ્સ ગહરોગમારી,–દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુઃખદોગચ્ચં ॥૩॥
તુહસમ્મત્તે લદ્ધે ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥ ૪ ॥
ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણહિયએણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ॥ ૫ ॥

## " ઉવસગ્ગહરં સ્તોત્ર " ની સમજુતિ.

સર્વ જાતની પીડાને ટાળનાર એવો પાર્શ્વ નામનો યક્ષ-દેવતા જેનો સેવક છે તથા સર્વ કર્મસમૂહથી મુક્ત અને આ સંસારના મોહમમતારૂપી સર્પના ઝેરનો તદ્દન નાશ કરનાર તેમજ સર્વ દુઃખથી રહિત-એકાંત સુખની વૃદ્ધિના સ્થાનરૂપ હે પાર્શ્વનાથ સ્વામી! હું તમને નમસ્કાર કરૂં છું. (૧)

વળી હે પ્રભુ! તમારા નામના વિસહર ફુલિંગ મંત્રને જે કોઇ મનુષ્ય હૃદયને વિષે સદાકાળ ધારણ કરી રાખે તેની સર્વે પ્રકારની ગ્રહની પીડા તથા શરીરની પીડા અને મરકીનો ભય તેમજ દુષ્ટ અને આકરા એકાંતરીયા વિગેરે તાવની પીડા પણ શાંત થઈ જાય છે. (૨)

વળી હે ભગવંત! તમારા નામમંત્રનું સ્મરણ કરવાનું તો દૂર રહ્યું, પણ તમને નમસ્કારજ માત્ર શુદ્ધ મનથી કરવામાં આવે તો તે પણ મહા ફળદાયક છે. કેમકે તમને પ્રણામ કરનારો જીવ કદાચ મનુષ્યગતિમાં કે કર્મના યોગે તિર્યંચગતિમાં અવતર્યો હોય તો ત્યાં પણ તે દુઃખ કે નિર્ધનપણું પામતો નથી. (૩)

સર્વ મનવાંચ્છિત પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ કરતાં પણ અધિક એવી તમારા વચનની શુદ્ધ શ્રદ્ધા (આસ્થા) થવાથી, જીવ વગર હરકતે અજરામર સ્થાનક પ્રાપ્ત કરે છે. એટલે જ્યાં જન્મમરણનું કાંઈ પણ દુઃખ નથી એવું મોક્ષસ્થાનક મેળવે છે. ( ૪ )

એવી રીતે હે મોટા યશના ધણી! મેં મારા હૃદયના પૂર્ણ ભક્તિના ઉભરા સહિત તમારી સ્તુતિ કરી, તે કારણ માટે હે પરમેશ્વર! સામાન્ય કેવળીને વિષે ચંદ્રમા સમાન હે પાર્શ્વનાથ-સ્વામી! હું જ્યાં સુધી મોક્ષે ન જાઉં, ત્યાં સુધી મને આ સંસારમાં જન્મોજન્મ ધર્મની પ્રાપ્તિ કરાવજો. (૫)

## " જય વીયરાય "

### ( શ્રી વીતરાગ દેવને દીન પ્રાર્થના. )

જય વીયરાય ! જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં; ભવનિવ્વેઓમગ્ગા–ણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ ॥ ૧ ॥ લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણં ચ; સુહગુરૂજોગો તવ્વયણ–સેવણા આ ભવમખંડા ॥૨॥ વારિજ્જઈ જઇવિ નિયાણ–બંધણં વીયરાય તુહ સમએ, તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥ ૩ ॥ દુખ્ખખઓ કમ્મખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામકરણેણં ॥ ૪ ॥ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં, પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥ ૫ ॥

---

### " જયવીયરાય " ની ( અર્થ–સમજુતિ )

હે વીતરાગ ! હે જગતગુરૂ ! તમારો જય થાઓ. હે ભગવાન્ ! તમારા પ્રતાપથી મને આ સંસાર ઉપરથી વૈરાગ્ય થાઓ અને તમારા કહેલા માર્ગ પ્રમાણે ચાલવાનું થાઓ તથા મારાં વાંચ્છિત સફળ થાઓ. ( ૧ )

વળી લોકના આચારથી ઉલટી રીતે ન ચાલું એવી બુદ્ધિ આપો, તેમજ માતા, પિતા, ધર્માચાર્ય વિગેરે ગુરૂઓની સેવા-ભક્તિની તથા પરોપકાર કરવાની મતિ આપો તથા ભલા આચારવંત શુદ્ધ ઉપદેશક સદ્‌ગુરૂનો સમાગમ થાઓ તથા તેનાં વચનની સેવા આ સંસારમાં હું જ્યાં સુધી રહું ત્યાં સુધી મને અખંડપણે હોજો. ( ૨ )

હે વીતરાગ! જો કે તમારા કહેલા સિદ્ધાંતને વિષે તો ધર્મકરણીના બદલામાં અમુક સુખની વાંચ્છના કરવારૂપ નિયાણું બાંધવાની ના કહી છે, તો પણ આટલાં વાનાં તો મને હોજો. તેમાં પ્રથમ તો તમારા ચરણકમળની સેવા, બીજું મારાં શારીરિક તથા માનસિક દુઃખનો નાશ તેમજ મારાં સર્વ કર્મનો નાશ, તથા ત્રીજું સમાધિ-મરણ તથા ચોથું શુદ્ધ ધર્મમાર્ગની પ્રાપ્તિ-એ ચાર વાનાં હે નાથ! તમને નમસ્કાર કરવાથકી મને મળજો. ( ૩-૪ )

સર્વ માંગલિકને વિષે મહા ઉત્તમ મંગળરૂપ અને સર્વ સુખને વિષે મહા સુખના હેતુરૂપ, તથા સર્વ ધર્મમાર્ગમાં શ્રેષ્ઠ-એવું જૈનશાસન જયવંતુ વર્તે છે. અર્થાત્ શ્રી જિનેશ્વરનાં આજ્ઞાવચન સર્વોત્કૃષ્ટ જયવંતા વર્તે છે. ( ૫ )

## " અરિહંત ચેઇઆણં "

### (કાઉસ્સગ્ગના હેતુઓ.)

અરિહંત ચેઇયાણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥ ૧ ॥ વંદણ વત્તિયાએ, પૂઅણ વત્તિયાએ, સક્કાર વત્તિયાએ, સમ્માણ વત્તિયાએ, બોહિલાભ વત્તિયાએ, નિરૂવસ્સગ્ગ-વત્તિયાએ ॥ ૨ ॥ સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ-ઠામિ કાઉસ્સગ્ગં ॥ ૩ ॥

## " અરિહંત ચેઇયાણં " ની

### ( અર્થ–સમજુતિ. )

અરિહંત પ્રભુની પ્રતિમાને વંદન કરવાના હેતુથી હું કાઉસ્સગ્ગ કરૂં છું. (૧) અર્થાત્ શ્રી જિનેશ્વર ભગવાનને નમસ્કાર કરવાથી જે પાપનો નાશ થાય તથા જે પુન્યની પ્રાપ્તિ થાય તે માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું. તથા જિનપ્રતિમાની પુષ્પાદિકે પૂજા કરવાથી જે ફળ થાય તે માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું. તથા જિનપ્રતિમાને વસ્ત્ર આભરણાદિકે પૂજતાં જે ફળ થાય તે માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું. તથા શ્રી જિનપ્રતિમા આગળ ભક્તિપૂર્વક ગીત, ગાન, સ્તુતિ વિગેરે કરવાથી જે લાભ થાય તે માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું તેમજ ધર્મની પ્રાપ્તિને અર્થે તથા મોક્ષસુખ મેળવવા માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું, ( ૨ ) વળી હું શ્રદ્ધાએ, નિર્મળ બુદ્ધિથી, શાંતપણે અને પ્રભુના ગુણને ધારતો તથા તેના ગુણને વારંવાર ચિંતવતો અને ધર્મભાવની વૃદ્ધિ કરતો હું કાઉસ્સગ્ગ કરૂં છું. ( ૩ )

## " કલ્લાણકંદં " ની સ્તુતિ.

### ( અર્થ સમજુતિ સાથે. )

કલ્લાણકંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણિંદં; પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તીઇ વંદે સિરિ વદ્ધમાણં ॥ ૧ ॥ અપાર–સંસાર–સમુદ્દપારં, પત્તા સિવં દિંતુ સુઇક્કસારં; સવ્વે જિણિંદા સુરવિંદવંદા, કલ્લાણવલ્લીણવિસાલકંદા ॥ ૨ ॥ નિવ્વાણમગ્ગે

વરનાણકપ્પં, પણાસિયાસેસકુવાઇદપ્પં; મયંજિણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥ ૩ ॥
કુંદિંદુગોખ્ખીરતુસારવન્ના, સરોજહથ્થા કમલે નિસન્ના; વાએસિરી પુથ્થયવગ્ગહથ્થા, સુહાય સા અમ્હ સયા પસથ્થા ॥ ૪ ॥

સુખની વૃદ્ધિના મૂળરૂપ પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવ ભગવાનને અને સોળમા શ્રી શાંતિનાથ ભગવાનને તથા બાવીશમા શ્રી નેમિનાથ જિનેશ્વરને વળી જગતમાં સંપૂર્ણ જ્ઞાનથી પ્રકાશનાર ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુને તેમજ ક્ષમા, દયા, જ્ઞાનાદિક અનેક ગુણના એક અનુપમ સ્થાનરૂપ ચોવીશમા શ્રી વર્ધમાનસ્વામીને ભક્તિપૂર્વક હું નમસ્કાર કરૂં છું. (૧)

અપાર અને અનંત સંસારરૂપી સમુદ્રનો અંત આણી મોક્ષપદને પામેલા તથા દેવોના સમુદાયવડે વંદન કરાયેલા અને સુખવૃદ્ધિની વેલના વિશાળ મૂળરૂપ એવા સર્વે શ્રેષ્ઠ જિનેશ્વર ભગવંતો, મને તમામ પવિત્ર વસ્તુઓને વિષે સારરૂપ એવું મોક્ષપદ આપો. ( ૨ )

મોક્ષમાર્ગને વિષે શ્રેષ્ટ રથ સમાન, તથા તમામ કુવાદીઓના ગર્વનો સંપૂર્ણ નાશ કરનાર અને પંડિત પુરૂષોને આધાર રૂપ તેમજ ત્રણે જગતને વિષે સર્વોત્તમ એવા શ્રી જિનોક્ત સિદ્ધાંતને હું નિરંતર નમસ્કાર કરૂં છું. ( ૩ )

મચકુંદનું ફુલ તથા ચંદ્રમા તથા ગાયનું દુધ તથા બરફ– એ ચાર સમાન ઉજવળ વર્ણવાળી, હાથમાં કમળ ધરનારી તથા કમળને વિષે રહેનારી, વળી જેના બીજા હાથમાં પુસ્તકો રહેલાં છે એવી ઉત્તમ સરસ્વતી દેવી, અમને સદા સુખકારી થાઓ. ( ૪ )

## " પુખ્ખરવરદીવડ્ઢે. "
### ( શ્રુત–સ્તવ સૂત્ર મૂળપાઠ. )

પુખ્ખરવરદીવડ્ઢે, ધાયઈસંડે અ જંબુદીવે અ; ભરહેરવયવિદેહે, ધમ્માઇગરે નમંસામિ ॥ ૧ ॥ તમતિમિરપડલવિદ્ધંસણસ્સ સુરગણનરિંદમહિયસ્સ; સીમાધરસ્સ વંદે, પપ્ફોડિઅ મોહજાલસ્સ ॥ ૨ ॥ [1]જાઈજરામરણસોગપણાસણસ્સ, કલ્લાણપુખ્ખલવિસાલસુહાવહસ્સ; કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ, ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં ॥ ૩ ॥ [2]સિદ્ધે ભો પયઓ ણમો જિણમએ નંદી સયા સંજમે, દેવં નાગસુવન્નકિન્નરગણ-સ્સબ્ભુઅ ભાવચ્ચિએ; લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં તેલુક્કમચ્ચાસુરં, ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ ॥૪॥ સુઅસ્સ ભગવઓ, કરેમિ કાઉસ્સગ્ગં ॥ વંદણવત્તિયાએ૦ ॥

---

## " પુખ્ખરવરદીવડ્ઢે "
### [ શ્રુતસ્તવ ]ની અર્થ–સમજુતિ.

જંબુદ્વીપ, ધાતકીખંડ તથા અર્ધો પુષ્કરવર દ્વીપ, મળીને અઢી દ્વીપનાં પાંચ ભરત તથા પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં ધર્મના મૂળ રોપનાર શ્રી સીમંધર સ્વામી વિગેરે ભગવંતોને હું નમસ્કાર કરૂં છું. ( ૧ )

---

૧. વસંતાતિલકા છંદ છે. ૨ શાર્દુલવિક્રીડિત છંદ છે.

અજ્ઞાનરૂપી ઘોર અંધકારનો વિનાશ કરનાર તથા મોહ-જાળને તોડી નાખનાર અને દેવતાઓના સમુદાયને તથા મનુષ્યના રાજાઓને પણ પૂજનિક એવા સિદ્ધાંતને હું નમસ્કાર કરૂં છું. ૨.

જન્મ, જરા, મરણ તથા શોકનો સંપૂર્ણ નાશ કરનાર, વળી અતિશય બહોળી સુખસાતા આપનાર તથા દેવ દાનવ અને મનુષ્યના ઈંદ્રોને પણ પૂજવા યોગ્ય એવા ધર્મનો સારભૂત સિદ્ધાંતનો મહિમા જાણ્યા પછી કયો મૂર્ખ માણસ તેના આરાધનમાં પ્રમાદ કરે ? ( ૩ )

હે જ્ઞાનવંત લોકો ! ( સર્વનય-પ્રમાણથી ) સિદ્ધ એવા જિનમતરૂપી સિદ્ધાંતને હું આદર સહિત નમસ્કાર કરૂં છું. ( તે જિનમતના પ્રતાપથી ) મને ચારિત્રભાવની વૃદ્ધિ થાઓ ! જે ચારિત્રધર્મનું વૈમાનિક તથા ભવનપતિ તેમજ જયોતિષી અને વ્યંતર દેવોના સમુદાયે સાચા ભાવથી પૂજન કર્યું છે, વળી જે જિનમતમાં આ જગતના સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ-રૂપી ત્રણે લોકનું તથા ત્રણે કાળનું જ્ઞાન સમાયલું છે, તે શ્રુત-ધર્મ વૃદ્ધિ પામો. વળી જેનો અર્થ શાશ્વતો છે, તથા વિજયવંત છે તે સિદ્ધાંતધર્મ, ચારિત્રધર્મની ઉત્તમતા થાય તેવી વૃદ્ધિને પામો. (૪) હે ભગવંત ! આવા સિદ્ધાંતનું આરાધન કરવા માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું.( અથવા સિદ્ધાંતરૂપી ભગવાનને આરા-ધવા માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું. )

## " સિદ્ધાણં બુદ્ધાણં " ( સિદ્ધસ્તવ-સૂત્ર. )

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં;
લોઅગ્ગમુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં ॥ ૧ ॥
જો દેવાણવિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ;
તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીરં ॥ ૨ ॥
ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ;
સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ॥ ૩ ॥
ઉજ્જિંતસેલસિહરે, દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ;
તં ધમ્મચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ ॥ ૪ ॥
ચત્તારિ અટ્ઠ દસ દોય-વંદિયા જિણવરા ચઉવ્વીસં;
પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૫ ॥

## " સિદ્ધાણં બુદ્ધાણં " ની અર્થ-સમજુતિ.

જેણે પોતાના આત્માનો સર્વ અર્થ પૂર્ણ કર્યો છે, વળી જે તત્ત્વજ્ઞાની છે, તથા જે સંસારનો પાર પામીને અનુક્રમે મોક્ષ પામ્યા છે, તે સર્વ સિદ્ધ ભગવંતોને સદાકાળ મારો નમસ્કાર હો—૧.

જે દેવના પણ દેવ છે, વળી જેને દેવતાઓ હાથ જોડીને નમસ્કાર કરે છે, તથા જે ઈંદ્રોવડે પૂજાયેલા છે, તે શ્રી મહાવીર-સ્વામીને હું મસ્તકવડે નમસ્કાર કરૂં છું—૨.

સામાન્ય કેવળી ભગવાનમાં વૃષભ સમાન શ્રી વર્ધમાન-સ્વામીને, સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે, ભાવપૂર્વક એક વાર પણ

કરેલ નમસ્કાર, નર નારી કે કૃત્રિમ નપુંસકને સંસારસાગરથી તારી પાર ઉતારે છે—૩.

ગિરનાર પર્વતના શિખર ઉપર જેનાં ત્રણ કલ્યાણક દીક્ષા, કેવળ અને મોક્ષરૂપ થયાં છે તે કર્મરૂપી શત્રુનો નાશ કરનારે, ધર્મચક્રવર્તી બાવીશમા શ્રી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરૂં છું—૪.

અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તીએ કરાવેલા ચાર મુખવાળા જિનપ્રાસાદમાં, દક્ષિણ દિશાએ શ્રી સંભવનાથથી માંડીને શ્રી પદ્મપ્રભ સુધીના ચાર તીર્થંકરોનાં. તથા પશ્ચિમ દિશાએ શ્રી સુપાર્શ્વનાથથી માંડીને ચૌદમા શ્રી અનંતનાથ સુધીના આઠ તીર્થંકરોનાં, તથા ઉત્તર દિશાએ પંદરમા શ્રી ધર્મનાથથી માંડીને ચોવીશમા શ્રી મહાવીરસ્વામી સુધીના દશ તીર્થંકરોનાં, તથા પૂર્વ દિશાએ પહેલા શ્રી ઋષભદેવ ને બીજા શ્રી અજિતનાથ એ બે તીર્થંકરોનાં, મળીને વર્તમાન કાળના ચોવીશે તીર્થંકરોના પ્રતિબિંબ બિરાજે છે, જે ઇંદ્રાદિકવડે વંદાયા છે, તથા જે પોતાના સર્વ પ્રયોજન સિદ્ધ કરી મોક્ષસુખરૂપ સંપૂર્ણ ફળ પામ્યા છે, એવા તે સિદ્ધ ભગવંતો મને મોક્ષનું સુખ આપો—૫.

---

## “ વેયાવચ્ચગરાણં ” (શાસનદેવતાની સ્તુતિરૂપ) સૂત્ર.

વેયાવચ્ચગરાણં સંતિગરાણં ’ સમ્મદ્દિટ્ઠિસમાહિગરાણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥ ૧ ॥

## " વેયાવચ્ચગરાણં " સૂત્રની સમજુતિ.

શ્રી જિનશાસનના સહાયકારી, સારસંભાળ તથા ચિન્તા કરનાર અને ક્ષુદ્ર ઉપદ્રવ તથા વિઘ્નો ટાળનાર, સમસ્ત સંઘને સુખશાંતિ કરનાર, તેમજ શુદ્ધ શ્રદ્ધાવંત, બોધવાન સમ્યક્દૃષ્ટિ જીવોને સમાધિ પમાડનાર શ્રી ગોમુખ તથા ચક્રેશ્વરી વિગેરે શાસનદેવતાનું આરાધન કરવા માટે હું કાઉસ્સગ્ગ કરૂં છું.

---

## સંસારદાવારૂપ મહાવીર સ્તુતિ. (શ્રી હરિભદ્રસૂરિકૃત)

[૧]સંસારદાવાનલદાહનીરં, સંમોહધૂલીહરણે સમીરં; માયારસાદારણસારસીરં, નમામિ વીરં ગિરિસાર-ધીરં ॥ ૧ ॥ [૨]ભાવાવનામસુરદાનવમાનવેન-ચૂલા-વિલોલકમલાવલિમાલિતાનિ; સંપૂરિતાભિનતલોક-સમીહિતાનિ, કામં નમામિ જિનરાજપદાનિતાનિ ॥ ૨ ॥ [૩]બોધાગાધં સુપદપદવી નીરપૂરાભિરામં, જીવાહિંસાવિરલલહરી-સંગમાગાહદેહમ; ચૂલાવેલં ગુરૂગમમણિસંકુલં દૂરપારં, સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે ॥ ૩ ॥ [૪]આમૂલાલોલધુલીબહુલ-પરિમલાલીઢલોલાલિમાલા,–ઝંકારારાવસારામલદલક-મલાગારભૂમિનિવાસે !; છાયાસંભારસારે ! વર-કમલકરે ! તારહારાભિરામે !, વાણીસંદોહદેહે ! ભવ-વિરહવરં દેહિ મે દેવિ ! સારમ્ ॥ ૪ ॥

---

૧ ઇંદ્રવજ્રા, ૨ વસંતતિલકા, ૩ મંદાક્રાંતા, ૪ સ્ત્રગ્ધરાવૃત્ત.

## સંસારદાવા ( મહાવીર સ્તુતિ ) ની અર્થ સમજુતિ.

સંસારરૂપી દાવાગ્નિના તાપને ઓલવવામાં પાણી સમાન, તથા અજ્ઞાનરૂપી ધુળને ઉડાડી નાખવામાં પવન સમાન, વળી કપટરૂપી પૃથ્વીને ઉખેડી નાખવામાં તીક્ષ્ણ હળ સમાન અને મેરૂપર્વત સમાન ધીર શ્રી મહાવીરસ્વામીને હું નમસ્કાર કરૂં છું. ૧.

અત્યંત ભાવપૂર્વક નમન કરી રહેલા સર્વ દેવતા તથા મનુષ્યના નાયકોનાં મસ્તકને વિષે બિરાજિત મુગટ ઉપર રહેલી દેદીપ્યમાન કમલની શ્રેણિઓથી જેનું પૂજન થઈ રહેલું છે એવા તથા પોતાના ભક્તજનોના સર્વ મનોવાંચ્છિત પૂર્ણ કરનાર શ્રી જિનેશ્વર ભગવંતના તે પ્રસિદ્ધ ચરણોને હું યથેચ્છપણે નમસ્કાર કરૂં છું. ૨.

ગંભીર બોધવાળા, સુંદર પદોની પંક્તિરૂપી પાણીના પ્રવાહે કરીને શોભાયમાન, તથા જીવદયારૂપી નિરંતર વહેતા તરંગોના પરસ્પર મળવાથી અગાધ છે પ્રમાણ જેનું, વળી શાસ્ત્રની ચૂલિકારૂપી વેલો જેમાં વહી રહી છે અને મોટા તેમજ સરખા પાઠરૂપી રત્નોથી જે ભરપૂર છે તથા જેનો પાર પામવો બહુ કઠણ છે તેવા શ્રી વીરપરમાત્માએ પ્રકાશેલા ઉત્તમ સિદ્ધાંતરૂપી સમુદ્રને શુદ્ધ ભાવથી આદરપૂર્વક હું સેવું છું. ૩.

દેઠ મૂળ પર્યંત ડોલતું તથા મકરંદના અત્યંત સુગંધી રજકણોની સુવાસમાં મગ્ન થઈ રહેલા હારબંધ ચપળ ભમરા-

ઓના મનોહર ગુંજારવથી શોભતુ અને નિર્મળ પત્રવાળું એવું જે કમળ તેની ઉપર રહેલા ભુવનના મધ્યભાગમાં જેનો નિવાસ છે, તથા જેના શરીરની ઉત્તમ કાંતિ છે. તથા જેના હાથમાં શ્રેષ્ટ કમળ રહેલું છે અને જેનું હૃદય શોભાયમાન હારવડે પ્રકાશી રહ્યું છે, તેમજ જેણે જિનેશ્વર ભગવંતની વાણીરૂપી શરીર ધારણ કર્યું છે, તેવી હે શ્રુત દેવી ! સરસ્વતિ ! મને સંસારનાં દુઃખમાંથી છુટવારૂપ મોક્ષસુખનું શ્રેષ્ઠ વરદાન આપો. ૪.

# વિભાગ બીજો.

## કંઠસ્થ કરવા યોગ્ય ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિનો સંગ્રહ.

### ( શ્રી શત્રુંજયનું શ્રી પદ્મવિજયજીકૃત ચૈત્યવંદન. )

[૧]વિમળ કેવળ જ્ઞાન કમલા[૨] કલિત ત્રિભુવન હિતકરં; સુરરાજસંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં ॥ ૧ ॥ વિમળગિરિવરશૃંગમંડણ, પ્રવરગુણગણભૂધરં; સુરઅસુરકિન્નર-કોડીસેવિત નમો૦ ॥ ૨ ॥ કરત નાટક કિન્નરીગણ ગાય જિન-ગુણ મનહરં; [૩]નિર્જરાવળી નમે અહનિશ[૪]નમો૦॥૩॥ પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ[૫] મુનિ મનહરં; વિમલગિ-રિવર શૃંગ[૬]સિદ્ધા નમો૦ ॥ ૪ ॥ નિજ સાધ્ય-સાધક [૭]સૂર મુનિવર કોડીનંત એ ગિરિવરં; મુક્તિરમણી વર્યા રંગે નમો૦ ॥૫॥ પાતાળ [૮]નર-સુરલોકમાંહી [૯]વિમળગિરિવરતો પરં, નહી

૧ નિર્મળ, ૨ લક્ષ્મી, ૩ દેવતાઓની શ્રેણિ, ૪ સદા, ૫ પાંચ, ૬ શિખરે; ૭ શૂરવીર, ૮ મનુષ્યલોક ને દેવલોક, ૯ સિદ્ધગિરિરાજથી શ્રેષ્ટ.

અધિક તીરથ તીર્થપતિ કહે નમો૦ ॥ ૬ ॥ ઈમ વિમળગિરિ- વર શિખરમંડણ દુઃખવિહંડણ ધ્યાઈએ, નિજ શુદ્ધ સત્તા- સાધનાર્થં પરમ-જ્યોતિનિપાઈએ ॥ ૭ ॥ જીત મોહ કોહ વિછોહ નિદ્રા પરમપદસ્થિત જયકરં; ગિરિરાજસેવાકરણતત્પર પદ્મ- વિજય સુહિતકરં ॥ ૮ ॥

## પંડિત શ્રી પદ્મવિજયજીકૃત–

## ચૈત્યવંદનોની ચોવીશી.

( ૧ ) આદિ દેવ અલવેસરૂ, વિનિતાનો રાય; નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય ॥ ૧ ॥ પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ; ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ ॥ ૨ ॥ વૃષભ લંછન જિન વૃષધરૂ[૧]એ, ઉત્તમ ગુણ મણિ ખાણ; તસ પદપદ્મ સેવનથકી, લહીએ અવિચલ ઠાણ ॥ ૩ ॥

( ૨ ) અજિતનાથ પ્રભુ અવતર્યો, વિનિતાનો સ્વામી; જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી ॥ ૧ ॥ બહોંતેર લાખ પૂરવતણું, પાળ્યું જેણે આય; ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥ ૨ ॥ સાડા ચારશેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ; પાદપદ્મ તસ પ્રણમીએ, જેમ લહિએ શિવગેહ ॥ ૩ ॥

( ૩ ) સાવથ્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે; ચારશેં ધનુષ્યનું દેહમાન, પ્રણમુ મનરંગે ॥ ૨ ॥ સાઠ લાખ પૂરવતણુંએ, જિનવર ઉત્તમ આય; તુરગ[૨]લંછન પદપદ્મને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

---

૧ ધર્મને ધારણ કરનાર, ૨ ઘોડો.

( ૪ ) નંદન સંવર રાયના, ચોથા અભિનંદન; કપિ[1] લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥ સિદ્ધાર્થા જસ માવડી, સિદ્ધારથ જસ તાય; સાડા ત્રણશેં ધનુષ્ય માન, સુંદર જસ કાય ॥ ૨ ॥ વિનિતાવાસી વંદીએ, આયુ લખ પચાસ; પૂરવ તસ પદપદ્મને, નમતાં શિવપુર વાસ ॥ ૩ ॥

---

( ૫ ) સુમતિનાથ સુહંકરૂ, કોશલ્યા જસ નયરી; મેઘરાય મંગલાતણો, નંદન જિતવયરી ॥ ૧ ॥ ક્રૌંચ લછન જિનરાજીયો, ત્રણશેં ધનુષની દેહ; ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ ॥ ૨ ॥ સુમતિ ગુણે કરી જે ભર્યોએ, તર્યો સંસાર અગાધ; તસ પદપદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ ॥ ૩ ॥

---

( ૬ ) કોસંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય; પદ્મપ્રભ પ્રભુતામય, સુસીમા જસ માય ॥ ૧ ॥ ત્રીશ લાખ પૂરવતણું, જિન આયુ પાળી; ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાળી ॥૨॥ પદ્મલંછન પરમેસરૂએ, જિનપદપદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિત્યમેવ ॥ ૩ ॥

---

( ૭ ) શ્રી સુપાસજિણંદ પાસ, ટાળ્યો ભવફેરો; પૃથ્વી-માતાને ઉરે, જાયો નાથ હમેરો ॥ ૧ ॥ પ્રતિષ્ટિત સુત સુંદરૂ, વાણારસી રાય; વીશ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય ॥ ૨ ॥ ધનુષ બશેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પાદપદ્મ જસ રાજતો, તાર તાર ભવ તાર ॥ ૩ ॥

---

( ૮ ) લક્ષ્મણા માતા જનમીયા, મહસેન જસ તાય; ઉડુપતિ[2] લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥૧॥ દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ; સુરનરપતિ સેવા કરે, ધરતા

---

૧ વાનર ૨ ચંદ્ર.

અતિ સસનેહ ॥ ૨ ॥ ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર; પદ્મવિજય કહે પ્રણમીએ, પ્રભુ ભવપાર ઉતાર ॥૩॥

( ૯ ) સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત; મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥૧॥ આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય; કાકંદી નગરી ધણી, પ્રણમું પ્રભુપાય ॥૨॥ ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તિણે સુવિધિ જિન નામ: નમતાં તસ પદ પદ્મને, લહીએ શાશ્વત ધામ ॥ ૩ ॥

( ૧૦ ) નંદા દૃઢરથ નંદનો, શીતળ શીતલ નાથ; રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ ॥૧॥ લાખ પૂરવનું આઉખું, નેઉ ધનુષ પ્રમાણ; કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ॥૨॥ શ્રીવચ્છ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ; તે જિનની સેવા થકી, લહીએ લીલ વિલાસ ॥ ૩ ॥

( ૧૧ ) શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય, વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥ વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જિણે આય; ખડ્ગી*લંછન પદકજે[૧], સિંહપુરીનો રાય ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદપદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥

( ૧૨ )[૨]વાસવ-વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વાસુ પૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ ॥ ૧ ॥ મહિષ લંછન

* ગેંડો, ૧ ચરણ કમળે, ૨ ઇન્દ્રોવડે.

જિન બારમા, શીત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ ॥ ૨ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખપદ્મ વચન સુણી, પરમાનંદી થાય ॥ ૩ ॥

( ૧૩ ) કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર[1]; કૃતવર્મા નૃપ કુળ-નભે[2], ઉગમીયો દિનકાર ॥ ૧ ॥ લંછન રાજવરાહનું, સાઠ ધનુષની કાય, સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય ॥ ૨ ॥ વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ; તુઝ પદપદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ ॥૩॥

( ૧૪ ) અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી; સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી[3]॥ ૧ ॥ સુજસા માતા જનમિયો, ત્રીશ લાખ ઉદાર; વરસ આઉખું પાલિયું, જિનવર જયકાર ॥ ૨ ॥ લંછન સિંચાણાતણું એ, કાયા ધનુષ પચાસ; જિનપદપદ્મ નમ્યા થકા, લહીએ સહજવિલાસ ॥ ૩ ॥

( ૧૫ ) ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત; વજ્ર લંછન વજ્રી[4] નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥ દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પીસ્તાલીશ; રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥ ૨ ॥ ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર; તીણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥ ૩ ॥

---

૧ પુત્ર, ૨ આકાશમાં, ૩ કેડી. ૪ ઇન્દ્ર,

( ૧૬ ) શાંતિ જિનેશ્વર સોલમા, અચિરાસુત વંદો; વિશ્વસેન કુળ નભમણિ[૧], ભવિજન સુખ કંદો ॥૧॥ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ; હથિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિખાણ ॥ ૨ ॥ ચાલીશ ધનુષની દેહડી એ, સમચોરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥

( ૧૭ ) કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય; સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય ॥ ૧ ॥ કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ; કેવલજ્ઞાનાદિક ગુણા, પ્રણમો ધરી રાગ ॥ ૨ ॥ સહસ પંચાણુ વરસનું એ, પાળી ઉત્તમ આય; પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવે શ્રી જિનરાય ॥ ૩ ॥

( ૧૮ ) નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપનંદ; દેવી માતા જનમિયો, ભવિજન સુખકંદ ॥ ૧ ॥ લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ; સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ ॥ ૨ ॥ અરૂજ[૨] અજર[૩] અજ[૪] જિનવરૂ, પામ્યા ઉત્તમ ઠાણ; તસ પદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિરવાણ ॥ ૩ ॥

( ૧૯ ) મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વૈરી ॥ ૧॥ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ્ય પચીશની કાયા; લંછન કલશ મંગલકરૂ, નિરમલ નિરમાય ॥ ૨ ॥ વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય; પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

---

૧ સૂર્યસમાન, ૨ રોગરહિત, ૩ જરારહિત, ૪ જન્મરહિત.

(૨૦) મુનિસુવ્રત જિન વીશમા, [૧]કચ્છપનું લંછન, પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપનંદન ॥ ૧ ॥ રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર; *કર્મ નિકાચીતરેણુવ્રજ,–ઉદ્દામ સમીર ॥ ૨ ॥ ત્રીશ હજાર વરસતણું એ, પાળી આયુ ઉદાર; પદ્મવિજય કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર ॥ ૩ ॥

(૨૧) મિથિલા નગરી–રાજીઓ, વપ્રા સુત સાચો; વિજયરાય સુત છોડીને, અવરાં મત માચો ॥ ૧ ॥ નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ; નમિ જિનવરનું શોભતું, ગુણ ગણ મણિ ગેહ ॥ ૨ ॥ દશ હજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય; પદ્મવિજય કહે પુણ્યથી, નમીએ તે જિનરાય ॥૩॥

---

(૨૨) નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય; સમુદ્ર-વિજય પૃથ્વીપતિ, જેહ પ્રભુના તાય ॥ ૧ ॥ દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ॥ ૨ ॥ સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદપદ્મને, નમતાં અવિચલ થાન ॥ ૩ ॥

(૨૩) આશ પુરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમિયા, [૨]અહિ લંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાય; કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આય ॥ ૨ ॥ એકસો વરસનું આઉખુંએ, પાળી પાસ કુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥

---

૧ કાચબો, * નિકાચીત કર્મરૂપી રજમાત્રને ઝાટકી કાઢવા પ્રભંજન (વાયુ) સમાન, ૨ સર્પ.

( ૨૪ ) સિદ્ધાર્થ-સુત વંદીએ, ત્રિશલાનો જાયો; ક્ષત્રી-કુંડમાં અવતર્યો, સુર-નરપતિ ગાયો ॥ ૧ ॥ [1]મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય; બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય ॥ ૨ ॥ ક્ષમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત ॥૩॥ઇતિ.

---

(૧) આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત, પ્રગટનામ પુંડરીક જાસ, મહીમાંહે મહકંત ॥ ૧ ॥ પંચક્રોડ મુણીંદ સાથ, અણસણ જીહાં કીધ, શુકલધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તીહાં લીધ ॥ ૨ ॥ ચૈત્રી પુનમને દિને એ, પામ્યા પદ મહાનંદ; તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ ॥ ૩ ॥

(૨) જય જય નાભિનારંદનંદ, સિદ્ધાચલ મંડન; જય જય પ્રથમ જિણંદચંદ, ભવદુઃખવિહંડણ. ૧. જય જય સાધુ સુરીંદ-વૃંદ, વંદિઅ પરમેસર; જય જય જગદાનંદકંદ, શ્રી ઋષભ જણેસર. ૨. અમૃતસમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ; તુજપદપંકજ પ્રીત ધરી, નિશદિન નમત કલ્યાણ. ૩.

---

(૩) પરમેશ્વર પરમાતમા, પાવન પરમિઠ્ઠ; જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દિઠ્ઠ. ૧. અચલ અકલ અધિકાર સાર, કરૂણારસ સિંધુ; જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨.

---

[1] સિંહ.

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કહ્યા ન જાય; રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩.

(૪) શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી; શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧. ધન્યધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી; વૃષભલંછન બિરાજમાન, વંદે નરનારી. ૨. ધનુષ પાંચશેં દેહડી એ, સોહીએ સોવનવાન; કીર્તિવિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩.

(૫) સીમંધર પરમાતમા, શિવસુખના દાતા; પુખ્ખલવઈ વિજયેજયો, સર્વ જીવના ત્રાતા. ૧. પૂર્વવિદેહ પુંડરિગિણી, નયરીએ સોહે; શ્રી શ્રેયાંસરાજા તિહાં, ભવિયણનાં મનમોહે. ૨. ચૌદ સુપન નિર્મલ લહી, સત્યકી રાણી માત; કુંથુ અર જિનાંતરે, સીમંધર જિન જાત. ૩. અનુક્રમે પ્રભુ જનમિયા, વળી યોવનમાં આવે; માતપિતા હરખે કરી, રૂકમણી પરણાવે ૪. ભોગવી સુખ સંસારના, સંયમ મન લાવે; મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ૫. ઘાતિકર્મનો ક્ષય કરી, પામ્યા કેવલનાણ; વૃષભ લંછને શોભતા, સર્વ ભાવના જાણ. ૬. ચોરાશી પ્રભુ ગણધરા, મુનિવર એકસો કોડ; ત્રણ ભુવનમાં જોયતાં, નહીં કોઈ એહની જોડ. ૭. દશ લાખ કહ્યા કેવલી, પ્રભુજીનો પરિવાર; એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ૮. ઉદય પેઢાલ જિનાંતરે એ, થાશે જિનવર સિદ્ધ; જશવિજય ગુરૂ પ્રણમતાં, મન વાંછિત ફળ લીધ. ૯.

( ૬ ) અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો; પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિદ્ધ્યાં સઘળાં કાજ નમો.

અ૦ ૧. પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો; અજર અમર અદ્દભુત અતિશય નિધિ, [1]પ્રવચનજલધિમયંક નમો. અ૦ ૨. તિહુયણ ભવિયણ જન મન વંછિય,-પૂરણ દેવ-રસાલ[2] નમો; લળી લળી પાય નમું હું ભાળે, કર જોડીને ત્રિ-કાળ નમો. અ૦ ૩. સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન, [3]નયનાનંદન દેવ નમો; સકલ સુરાસુર નરવર નાયક, સારે અહર્નિશ સેવ નમો. અ૦ ૪. તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો; શરણાગત ભવિને હિતવત્સલ, તુંહિ કૃપારસ સિંધુ નમો. અ૦ ૫. કેવલજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોકસ્વભાવ નમો; નાશિત સકલ કલંક કલુષ ગણ,-દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬. જગચિંતામણિ જગગુરૂ જગહિત,-કારક જગજન-નાથ નમો; ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭. અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગ-દીશ નમો; [4]બોધિ દીઓ અનુપમ દાનેસર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અ૦ ૮.

## ૪ શ્રી પદ્મવિજયજીકૃત
## સ્તુતિ [થોઇ] ચોવીશી.

(૧) આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા; જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવળ સિરી રાયા, મોક્ષ નગરે સધાયા ॥૧॥ સવી જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી; દુરગતિ દુઃખભારી, શોક સંતાપ વારી; શ્રેણિ ક્ષપક સુધારી, કેવલાનંત ધારી; નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી ॥૨॥ સમવસરણ બેઠા,

૧ શ્રુતસાગરની વૃદ્ધિ કરવા ચંદ્ર સમાન, ૨ કલ્પવૃક્ષ, ૩ નેત્રને આનંદકારી, ૪ શુદ્ધ સમ્યક્ત્વધર્મનો લાભ.

લાગે જે જિનજી મીઠા; કરે[1]ગણપ પઈઠ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરિઠ્ઠા ગુંથતાં ટાળે *ારિઠ્ઠા; ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુન્યે ગરિઠ્ઠા, ॥૩॥ સુર સમકિત વંતા, જેહ રિદ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા; જિન ઉતમ થુણંતા, પદ્મને સુખ દિંતા ॥૪॥

(૨) વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો[2],શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો[3];મુખ જેમ અરવિંદો[4], જાસ સેવે સુરિંદો; લહો પરમાનંદો, સેવના સુખકંદો[5] ॥૨॥

(૩)સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા;ષટ્ જીવોના ત્રાતા, આપતા સુખશાતા; માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા; દુઃખ દોહગ્ગ ત્રાતા[6], જાસ નામે પળાતા ॥ ૧ ॥

(૪) સંવત સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો મોહને દેઈ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો; જિન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નીકાચો[7] ॥ ૧ ॥

(૫) સુમતિ સુમતિદાઈ, મંગલા જાસ માઈ; મેરૂ ને રાઇ, ઓર એહને તુલાઈ; ક્ષય કીધાં ઘાઇ[8], કેવલજ્ઞાન પાઈ; નહિ ઉણીમ કાંઈ, સેવીએ એ સદાઈ ॥ ૧ ॥

---

૧ ગણધર પ્રતિષ્ઠા *પાપ ૨ સૂર્ય. ૩ મેરૂ. ૪ કમળ. ૫ સુખનું મૂળ. ૬ દાલિદ્રનો સમૂહ. ૭ બાંધો. ૮ ઘાતિયાં કર્મ.

(૬) અઢીશે ધનુષ કાયા, ત્યકત મદ મોહ માયા; સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા; કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુરરાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥

(૭) સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી; હૃદયે પહેચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી; ષટ્દ્રવ્યશ્યું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી ॥ ૧ ॥

(૮) સેવે સુર વૃંદા, જાસ ચરણારવિંદા; અઠ્ઠમ જિનચંદા, ચંદવરણે સોહંદા; મહસેન નૃપનંદા, કાપતા દુ:ખદંદા; *લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥ ૧ ॥

(૯) [1]નરદેવ [2]ભાવદેવો, જેહની સારે સેવો; જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો; જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો; સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો * ॥ ૧ ॥

(૧૦) શીતલ જિન સ્વામી, પુન્યથી સેવ પામી; પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી; જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી; ભવી શિવસુખ કામી, પ્રણમીએ શિશ નામી ॥ ૧ ॥

* લંછનના મિષે આનીતે ચંદ્રમા આપની સેવા કરે છે એમ હું માનું છું. ૧ રાજા–મહારાજા, ૨ ચાર નિકાયના દેવતા. * તત્કાળ

(૧૧) વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત; પ્રભુના અવદાત[1],તીન ભુવને વિખ્યાત; સુરપતિ સંઘાત[2], જસ નિકટે આયાત; કરી કર્મનો ઘાત, પામિયા મોક્ષ શાત ॥ ૧ ॥

(૧૨) વિશ્વના ઉપગારી; ધર્મના આદિકારી; ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી; તાર્યાં નર નારી, દુઃખ દોહગ્ગ હારી; વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી ॥ ૧ ॥

(૧૩) વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો; [3]શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિફારો; યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો; ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો ॥૧॥

(૧૪) અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી; સુરનર તિરિ * પ્રાણી, સાંભળે જાસ વાણી; એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી; તર્યા તે ગુણખાણી, પામિયા સિદ્ધિરાણી ॥ ૧ ॥

(૧૫) ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી; કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી; દર્શની મદ છોરી, જાય ભાગ્યા સચેરી; નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥ ૧ ॥

(૧૬) વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ ॥ ટાળે ભવભ્રાંતિ,મોહ મિથ્યાત્વ શાંતિ ॥ દ્રવ્ય ભાવ અરિ પાંતિ[4],તાસ કરતા નિકાંતિ[5], ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥ ૧ ॥ દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા ॥ દોય રક્ત રંગીલા, કાઢતા

---

૧ ચરિત્ર ૨ ઈંદ્રોનો સમુદાય. ૩ શ્યામા માતાનો પુત્ર. * તિર્યંચ.
૪ શત્રુની શ્રેણિ. ૫ વિનાશ–વિધ્વંસ.

કર્મ કીલા ॥ ન કરે કોઈ હીલા, હોય શ્યામા સલીલા ॥ સોળ સ્વામીજી પીળા, આપજો મોક્ષ લીલા ॥ ૨ ॥ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી[1] ॥ સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥ અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી ॥૩॥ વાઘેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી॥ જિનવર પાય સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી॥ પદ્મવિજય કહેવી,ભવ્યસંતાપ ખેવી[2] ॥૪॥

(૧૭) કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ; તારે ભવપાથ[3], જે ગ્રહી ભવ્ય હાથ; એહનો તજે સાથ, બાવળે દિયે બાથ; તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ. ॥ ૧ ॥

(૧૮) અર જિનવર રાયા, જેહની દેવી માયા; શુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા ॥ ૧ ॥

---

(૧૯) મલ્લિજિન નમીએ, પુર્વલાં પાપ ગમીએ; ઇંદ્રિયગણ દમીએ; આણ જિનની ન ક્રમીએ[4];ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ [5]વમીએ; નિજગુણમાં રમીએ. કર્મમલ સર્વ ધમીએ[6] ॥ ૧ ॥

---

(૨૦) મુનિસુવ્રત નામે, જે ભવી ચિત્ત કામે; સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે; દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ

---

૧ ખડગ–તરવાર, ૨ ક્ષય કરનારી, ૩ ભવ–સમુદ્ર. ૪ ઉલંઘીએ ૫ છંડીએ. ૬ ટાળીએ.

ભામે; સવિ કર્મ વિરામે, જઇ વસે સિદ્ધિ ધામે ॥ ૧ ॥

(૨૧) નમીએ નમિ નેહ, પુન્ય થાયે જ્યું દેહ; અઘ[૧] સમુદય જેહ, તે રહે નાંહિ રેહ; લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ; લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ ॥ ૧ ॥

(૨૨) રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલશ્રી સારી, પામિયા [૨]ઘાતિ વારી ॥ ૧ ॥ ત્રણ જ્ઞાન સંજુત્તા, માતની કુખે હુંતા; જનમે પુરહુંતા[૩], આવી સેવા કરંતા; અનુક્રમે વ્રત ધરંતા, પંચ સમિતિ ધરંતા; મહીયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥ ૨ ॥ સવી સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે; તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે ॥ ૩ ॥ શાસનસુરી[૪] સારી, અંબિકા નામ ધારી; સમકિતી નર નારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપીએ સવારી; સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી ॥ ૪ ॥

(૨૩) શ્રી પાસજિણંદા, મુખ પુનમ ચંદા ॥ પદયુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા ॥ લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા ॥ સેવે ગુણી વૃંદા, જેહથી સુખકંદા ॥ ૧ ॥ જનમથી વર ચાર, કર્મ નાસે ઇગ્યાર ॥ ઓગણીશ નિરધાર, દેવ કીધા

---

૧ પાપ. ૨ ઘાતિ કર્મ. ૩ ઇંદ્રો. ૪ દેવી.

ઉદાર ॥ સવી ચોત્રીશ ધાર, પુન્યના એ પ્રકાર ॥ નમીએ નરનાર, જેમ સંસાર પાર ॥ ૨ ॥ એકાદશ ચંગા, તિમ બારે ઉવંગા ॥ ષટ છેદ સુચંગા, મૂળ ચારે સુરંગા ॥ દશ પયન્ન સુસંગા, સાંભળો થઈ એકંગા ॥ અનુયોગ બહુ ભંગા, નંદી સુત્ર પ્રસંગા ॥ ૩ ॥ પાસેં યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો ॥ અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો ॥ સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો ॥ કહે પદ્મ નિકાસો*, વિઘ્નના વૃંદ પાસો ॥ ૪ ॥

(૨૪) મહાવીર જિણંદા, રાયસિદ્ધાર્થ નંદા ॥ લંછન મૃગઇંદા[૧], જાસ પાયે સોહંદા ॥ સુરનર વરઇંદા, નિત્ય સેવા કરંદા ॥ ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥ ૧ ॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ॥ અડ જિનની ખ્યાતા, સ્વર્ગે ત્રીજે અખ્યાતા ॥ અડ [૨]જિનપ–જનેતા, નાક[૩] માહેંદ્ર યાતા ॥ સવિ જિનવર નેતા, સાશ્વતા સુખદાતા ॥ ૨ ॥ મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ, વાસુપૂજય સુવાસ ॥ શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ ॥ કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥ ૩ ॥ જિનવર જગદીશ, જાસ મહોટી જગીશ ॥ નહીં રાગ ને રીસ, નામીએ તાસ શિશ ॥ માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ ॥ ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશીશ ॥૪॥ ઇતિ.

(૧) શ્રીસીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ; અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ; સકળ આગમ પારગ[૪], ગણધર

---

* દૂર ટાળો ૧ કેસરી–સિંહ ૨ જિનેશ્વરની માતાઓ ૩ સ્વર્ગ. ૪ પારગામી.

ભાષિત વાણી, જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણખાણી ॥ ૪ ॥
એ થાય ચાર વખત પણ કહેવાય છે.

---

(૨) શ્રી સીમંધર દેવ સુહંકર, મુનિ મન પંકજ હંસાજી; કુંથુ અર જિન અંતર જનમ્યા, તિહુઅણ જસ પરશંસાજી; સુવ્રત નમિ અંતર વર દીક્ષા, શિક્ષા જગત ૧નિરાસેજી; ઉદય પેઢાલ જિનાંતરમાં પ્રભુ, જાશે શિવ વહુ પાસેજી ॥ ૧ ॥

---

(૩) શ્રી શત્રુજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપાર; મંત્રમાંહી નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું; પંખીમાં ઉત્તમ જેમ હંસ, કુળમાંહી જેમ ઋષભનો વંશ, નાભિતણો એ અંશ, ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરા મુનિવર મહંત, શત્રુંજય ગિરિ ગુણવંત ॥ ૧ ॥

---

(૪) શ્રી શત્રુંજય મંડણ, ઋષભ જિણંદ દયાળ; મરૂદેવા-નંદન, વંદન કરૂં ત્રણ કાળ; એ તીરથ જાણી, પુર્વ નવાણુ વાર; આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર ॥ ૧ ॥ ત્રેવીશ તીર્થંકર, ચઢીઆ એણે ગિરિ ભાવે; એ તીરથના ગુણ, સુર-અસુરાદિક ગાવે; એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે; એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે ॥ ૨ ॥ પુંડરગિરિ-મહિમા, આગમમાં પ્રસિદ્ધ; વિમલાચલ ભેટી, લહીએ અવિચલ ઋદ્ધ; પંચમી ગતિ પહોતા, મુનિવર

---

૧ નિઃસ્વાર્થપણે

કોડાકોડ; એણે તીરથ આવી, કર્મ વિપાક વિછોડ ॥ ૩ ॥ શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી; શ્રી આદિ જિનેશ્વર–આણ હ્રદયમાં ધારી; શ્રી સંઘ વિઘનહર, કવડ જક્ષ ભરપૂર; શ્રી સંઘનાં સંકટ, રવિબુધસાગર ચૂર ॥ ૪ ॥

---

(૫) પુંડરીક મંડણ પાય પ્રણમીજે, આદીશ્વર જિન ચંદાજી; નેમિવિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચડીયા આણંદાજી; આગમમાંહે પુંડરીક મહીમા, ભાખ્યો જ્ઞાન દીણંદાજી; ચૈત્રી પૂનમ દીન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી ॥ ૧ ॥

---

(૬) મણિરચિત સિંહાસન, બેઠા જગદાધાર; પર્યુષણ-કેરો,મહિમા અગમ અપાર; નિજ મુખથી દાખી, સાખી સુર નર વૃંદ;એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ ॥ ૧ ॥ નાગ-કેતુની પરે, કલ્પ સાધના કીજે; વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે; દોય ભેદે પૂજા, દાન પાંચ પ્રકાર; કર પડિકમણા ધર, શીયલ અખંડિત સાર ॥ ૨ ॥ જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર; ભવ સાત આઠ અવ–શેષ તાસ સંસાર; સહુ સૂત્ર-શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર; તે શ્રવણ સુણીને, સફળ કરો અવતાર ॥ ૩ ॥ સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણા કીજે; કરી સાહમીવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે; અઠાઇ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઇ; ઇમ કરતાં સંઘને, શાસન દેવ સહાઈ ॥૪॥

---

(૭) શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ; મન વં–છિત પૂરણ સુરતરૂ, જય વામા સુત અલવેસરૂ ॥ ૧ ॥ દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;

દોય નીલા દોય શ્યામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા ॥ ૨ ॥ આગમ જે જિનવર ભાખીઓ, ગણધર તે હઈડે રાખીઓ; તેહનો રસ જેણે ચાખીઓ, તે હુઓ શિવસુખ સાખીયો ॥ ૩ ॥ ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી; સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમલનાં વંછિત પૂરતી ॥ ૪ ॥ ઇતિ ॥

## ૬ શ્રી પદ્મવિજયજી-

## કૃત સ્તવનો.

(૧) પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય; [૧]કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી-નયન જે, ભૃંગપરે લપટાય ॥૧॥ રોગ [૨]ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ માનુ કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ ॥ ૨ ॥ વગર ધોઈ તુજ નિરમળી, કાયા કંચનવાન; નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન ॥ ૩ ॥ રાગ ગયો તુજ મન-થકી, તેહમાં [૩]ચિત્ર ન કોય; [૪]રૂધિર આમિષથી રાગ [૫]ગયો તુજ જન્મથી, દૂધ [૬]સહોદર હોય ॥ ૪ ॥ શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ [૭]લોકોત્તર વાત; દેખે ન આહાર નિહાર, ચર્મચક્ષુ ધણી, એવા તુજ અવદાત ॥ ૫ ॥ ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ; કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥ *જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એક સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ. પ્રથમ૦ ॥ ૭ ॥

---

૧ કલ્પવૃક્ષની પુષ્પમાળાની પેઠે ૨ સર્પ ૩ આશ્ચર્ય ૪ માંસમાંથી ૫ રતાશ-લાલરંગ ૬ સદૃશ. ૭ અલૌકિક-આશ્ચર્યકારી.

* જિનેશ્વર પ્રભુના ગુણમાં આત્મલક્ષ ( સ્થિર ઉપયોગ ) સહિત થાતાં આપણામાં એવા ગુણો પ્રગટે છે.

(૨) સોળમા શાન્તિ જિનેશ્વર દેવ કે અચિરાના નંદ રે, જેહની સારે સુરપતિ સેવ કે અચિરાના નંદ રે; તિરિ નર સુર સહુ સમુદાય કે અ૦ એક યોજન માંહે સમાય કે અ૦ ॥૧॥ તેહને પ્રભુજીની વાણી કે અ૦ પરિણમે સમજે જે ભવિપ્રાણી કે અ૦ સહુ જીવના સંશય ભાંજે કે અ૦ પ્રભુ મેઘ ધ્વનિ પરે ગાજે કે અ૦ ॥ ૨ ॥ જેહને જોયણ સવાસો માન કે અ૦ જે પૂર્વના રોગ તેણે થાન કે અ૦ સવિ નાશ થાયે નવા નાવે કે અ૦ ષટમાસ પ્રભુ પ્રભાવે કે અ૦ ॥ ૩ ॥ જિહાં જિનજી વિચરે રંગ કે અ૦ નવિ [1]મુષક શલભ પતંગ કે અ૦ નવિ કોઈને વયર વિરોધ કે અ૦ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે અ૦ ॥ ૪ ॥ નિજપરચક્રના ભય નાસે કે અ૦ વળી મરગી[2] નાવે પાસે કે અ૦ પ્રભુ વિચરે તિહાં ન દુકાળ કે અ૦ જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે અ૦ ॥ ૫ ॥ જસ મસ્તક પુંઠે રાજે કે અ૦ ભામંડળ રવિ પેરે છાજે કે અ૦ કર્મક્ષયથી અતિશય અગીયાર કે અ૦ માનુ યોગ સામ્રાજ્ય પરિવાર કે અ૦ ॥ ૬ ॥ કબ દેખું ભાવ એ ભાવે કે અ૦ એમ હોંશ ઘણી ચિત્ત આવે કે અ૦ જિન ઉત્તમ તુમ્હ પ્રભાવે કે અ૦ કહે પદ્મવિજય બની આવે કે ॥ ૭ ॥ ઇતિ ॥

(૩) નિરખો નેમિ જિણંદને અરિહંતાજી, રાજિમતી કર્યો ત્યાગ ભગવંતાજી; બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અ૦ અનુક્રમે થયા વીતરાગ. ભ૦ ॥ ૧ ॥ ચામર ચક્ર સિંહાસન, અ૦ પાદપીઠ સંયુત્ત; ભ૦ છત્ર ચાલે આકાશમાં, અ૦ દેવદુંદુભિ વર યુત્ત* ભ૦ ॥ ૨ ॥ સહસ જોયણ ધ્વજ સોહતો, અ૦ પ્રભુ આગળ ચાલંત; ભ૦ કનક કમલ નવ ઉપરે, અ૦ વિચરે પાય ઠવંત. ભ૦ ॥ ૩ ॥ ચાર મુખે દિયે દેશના, અ૦ ત્રણ ગઢ

---

૧ ઉંદર ને તીડ પ્રમુખ. ૨ મરકી–પ્લેગ. * યુક્ત–સહિત.

ઝાક ઝમાળ; ભ૦ કેશ રોમ [1]શ્મશ્રૂ નખા, અ૦ વાધે નહીં કોઈ કાળ. ભ૦ ॥ ૪ ॥ કાંટા પણ ઉંધા હોયે, અ૦ પંચવિષય અનુકૂળ; ભ૦ ષટઋતુ સમકાળે ફળે, અ૦ વાયુ નહીં પ્રતિકૂલ. ભ૦ ॥ ૫ ॥ [2]પાણી સુગંધ સુર કુસુમની, અ૦ વૃષ્ટિ હોય સુરસાલ; ભ૦ પંખી દીયે સુપ્રદક્ષિણા, અ૦ વૃક્ષ નમે [3]અસરાળ. ભ૦ ॥ ૬ ॥ જિન ઉત્તમ પદ પદ્મની, અ૦ સેવા કરે સુર કોડ; ભ૦ ચાર નિકાયના જઘન્યથી, અ૦ ચૈત્યવૃક્ષ તેમ જોડ. ભ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

(૪) જિનજી ત્રેવીશમો જિન પાસ, આશ મુજ પૂરવેરે લોલ ॥ જિ૦ ॥ ઈહ ભવ પરભવ દુઃખ દોહગ સવિ ચૂરવે રે લોલ ॥ જિ૦ ॥ આઠ પ્રાતિહારજશું જગમાં તું જયોરે લોલ ॥ જિ૦ ॥ તાહરા વૃક્ષ અશોકથી શોક દૂર ગયોરે લોલ ॥૧॥ ॥ જિ૦ ॥ [4]જાનુ પ્રમાણ ×ગીર્વાણ કુસુમ વૃષ્ટિ કરેરે લોલ ॥ જિ૦ ॥ દિવ્ય ધ્વનિ સુર પૂરે કે વાંસળીએ સ્વરેરે લોલ ॥ જિ૦ ॥ ચામર કેરી હાર ચલંતી એમ કહેરે લોલ ॥જિ૦॥ જે નમે અમ પરે તે ભવી ઉરધ[5] ગતિ લહેરે લોલ ॥ ૫ ॥ જિ૦ ॥ પાદપીઠ સિંહાસન વ્યંતર વિરચિયેરે લોલ ॥ જિ૦॥ તિહાં બેસી જિનરાજ ભવિક દેશના દિયેરે લોલ ॥ જિ૦ ॥ ભામંડળ શિર પુંઠે કે સૂર્ય પેરે તપેરે લોલ ॥ જિ ॥ નિરખી હરખે જેહ તેહના પાતક ખપેરે લોલ ॥ ૩ ॥ જિ૦ દેવ દુંદુભિનો નાદ ગંભીર ગાજે ઘણોરે લોલ ॥ જિ૦ ॥ ત્રણ છત્ર કહે તુજકે ત્રિભુવનપતિપણોરે લોલ ॥ જિ૦ ॥ એ ઠકુરાઇ તુજ કે બીજે નવિ ઘટે રે લોલ ॥ જિ૦ ॥ રાગી દ્વેષી દેવ

---

૧ દાઢી—મુછ. ૨ સુગંધી જળની અને પુષ્પની. ૩ નીચાં. ૪ ઢીંચણ સમી. × દેવતાઓ. ૫ ઉર્ધ્વ—ઉંચી.

કે તે ભવમાં અટેરે લોલ ॥ ૪ ॥ જિ૦ ॥ પૂજક નિંદક હોય કે તાહરે સમપણે રે લોલ ॥ જિ૦ ॥ કમઠ ધરણપતિ ઉપરેં સમચિત્ત તું ગણેરે લોલ ॥ જિ૦ ॥ પણ ઉત્તમ તુજ પાદ પદ્મ સેવા કરે રે લોલ ॥ જિ૦ ॥ એહ સ્વભાવે ભવ્ય કે ભવ સાયર તરે રે લોલ ॥ ૫ ॥ ઈતિ ॥

(૫) શાસન નાયક શિવસુખ દાયક જિનપતિ મ્હારા લાલ, પાયક જાસ સુરાસુર ચરણે નરપતિ; મ્હા૦ [૧]સાયક કંદર્પ કેરાં જિણે નવિ ચિત ધર્યાં, મ્હા૦ ઘાયક પાતક વૃંદ ચરણ અંગી કર્યાં. મ્હા૦ ૧. ક્ષાયક ભાવે કેવલ જ્ઞાન દર્શન ધરે, મ્હા૦ જ્ઞાયક લોકાલોકના ભાવ સુવિસ્તરે; મ્હા૦ ધાયક ઘાતિકર્મ-મર્મની આપદા, મ્હા૦ લાયક અતિશય પ્રાતિહાર્યની સંપદા. મ્હા૦ ૨. કારક ષટક થયા તુજ આતમ તત્ત્વમાં, મ્હા૦ ધારક ગુણ સમુદાય સયલ એકત્વમાં; મ્હા૦ નારક નર તિરી દેવ ભ્રમણથી હું થયો, મ્હા૦ કારક જેહ વિભાવ તિણે વિપરીત ભયો. મ્હા૦ ૩. તારક તું ભવિ જીવનો સમરથ મેં લહ્યો, મ્હા૦ દારક કરૂણા રસથી ક્રોધાનલ દહ્યો; મ્હા૦ વારક જેહ ઉપાધિ અનાદિની સહચરી, મ્હા૦ કારક નિજ ગુણ રિદ્ધિ સેવકને બરાબરી. મ્હા૦ ૪. વાણી એહવી સાંભળી જિન-આગમ તણી, મ્હા૦ જાણી ઉત્તમ આશ ધરી મનમાં ઘણી; મ્હા૦ ખાણી ગુણની તુજ પદ પદ્મની ચાકરી, મ્હા૦ આણી હીયડે હેજ કરૂં નિજ પદ કરી. મ્હા૦ ૫.

## ૭ શ્રી ઉદયરત્નજી કૃત સ્તવનની ચોવીશી.

### ( રાગ ગીત. )

(૧) મરૂદેવીનો નંદ માહરો, ×સ્વામી સાચોરે, શિવવહુની ચાહ કરો તો, એહને યાચો રે. મ૦ ૧. કેવલ કાચના કુંપા

---

૧ કામનાં બાણ. × આવું દરેક પાછલું પદ બે વાર ગાઈ શકાશે.

જેહવો, પિંડ કાચો રે, સત્ય સરૂપી સાહિબો એહને, રંગે રાચો રે. મ૦ ૨. યમરાજાના મુખડા ઉપર, દેઈ તમાચો રે, અમર થઈ ઉદયરત્ન પ્રભુશું, મિલી માચો રે. મ૦ ૩.

(૨) વિષયને વિસારી, વિજયાનંદ વંદોરે; આનંદપદનો એ અધિકારી, સુખનો કંદો રે. વિ૦ ૧. નામ લેતાં જે નિશ્ચય ફેડે, ભવનો ફંદોરે; જન્મ મરણ જરાને ટાળે, દુઃખનો દંદો રે. વિ૦ ૨. જગજીવન જે જગજયકારી, જગતીચંદો રે; ઉદય-રત્ન પ્રભુ પર ઉપગારી, પરમાનંદો રે. વિ૦ ૩.

(૩) દીનદયાકર દેવ, સંભવનાથ દીઠો રે; સાકર ને સુધા થકી પણ, લાગે મીઠો રે. દી૦ ૧. ક્રોધ રહ્યો ચંડાળની પરે, દૂર ધીઠો રે; અજ્ઞાનરૂપ અંધકારનો હવે, વેગ નીઠો રે. દી૦ ૨. ભલીપરે ભગવંત મુને, ભગતે તુઠો રે; ઉદય કહે માહરે આજ દૂધે, મેહ વુઠો રે. દી૦ ૩.

(૪) સિદ્ધારથાના સુતના પ્રેમે, પાય પૂજો રે. દુનિયામાંહિ એહ સરિખો, દેવ ન દૂજો રે. સિ૦ ૧. મોહરાયની ફોજ દેખી, કાં તમે ધ્રુજો રે; અભિનંદનને ઓઠે રહીને, જોરે ઝુઝો રે. સિ૦ ૨. શરણાગતનો એ અધિકારી, બુઝો બુઝો રે, ઉદય પ્રભુશું મળી મનની, કરીએ ગુજો રે. સિ૦ ૩.

(૫) સુમતિકારી કુમતિવારી, સુમતિ સેવો રે; કુમતિનું જે મૂળ કાપે, દેવદેવો રે. સુ૦ ૧. ભવજંજીરના બંધ દે ભાંગી, દેખતાં એવો રે; દરસન તેહનું દેખવા મુને, લાગી ટેવો રે.

સુ૦ ૨. કોડિ સુમંગળકારી સુમંગલા-સુત એહવો રે; ઉદય પ્રભુ એ મુજરો મ્હારો, માની લેવો રે. સુ૦ ૩.

(૬) લાલ જાસુના ફુલસો વારૂ, વાન દેહનો રે; ભુવનમોહન પદ્મપ્રભ છે, નામ જેહનો રે. લા૦ ૧. બોધબીજ વધારવા જેમ, ગુણ મેહનો રે; મન વચન કાયા કરી હું, દાસ તેહનો રે. લા૦ ૨. ચંદચકોર પરે તુજને ચાહું, બાંધ્યો નેહનો રે; ઉદય કહે પ્રભુ તું વિણ નહી, આધીન કેહનો રે. લા૦ ૩.

(૭) સુપાસજી તાહરૂં મુખડું જોતાં, રંગ ભીનો રે; જાણે પંકજની પાંખડી ઉપર, ભમર લીનો રે. સુ૦ ૧. હેત ધરી મેં તાહરે હાથે, દીલ દીનો રે, મનડામાંહિ આવ તું મોહન, મેહલી કીનો રે. સુ૦ ૨. દેવ બીજો હું કોઈ ન દેખું, તુજ સમીનો રે; ઉદયરત્ન કહે મુજ પ્રભુ એ, છે નગીનો રે. ૩.

(૮) ચંદ્રપ્રભના મુખની સોહે, કાંતિ સારી રે; કોડિ ચંદ્રમા નાખું વારી, હું બલિહારી રે. ચ૦ ૧. શ્વેત રજતસી જ્યોતિ બિરાજે, તનની તાહરી રે; આશક થઈતે ઉપર ભમે આંખડી માહરી રે. ચ૦ ૨. ભાવ ધરી તુજને ભેટે જે, નર ને નારી રે; ઉદયરત્ન પ્રભુ પાર ઉતારે, ભવજલ તારી રે. ચ૦ ૩.

(૯) સુવિધિ સાહિબશું મન માહરૂં, થયું મગન રે; જિહાં જોઉં તિહાં તુજને દેખું, લાગી લગન રે. સુ૦ ૧. મનડામાં જિમ મોર ઇચ્છે, ગાજે ગગન રે; ચિતડામાં જિમ કોયલ ચાહે, માસ ફગન રે. સુ૦ ૨. એહવી તુજશું આસકી મુને, ભરૂં ડગ ન રે; જોર જસ ફોજનો તું, એક ઠગન રે.

સુ૦ ૩. પંચ ઈંદ્રી રૂપ ચુનો જે, કરીય નગન રે; ઉદયરત્ન પ્રભુ મિલી તેશું, ખાય સોગન રે. સુ૦ ૪.

( ૧૦ ) શીતલ શીતલનાથ સેવો, ગર્વ ગાળી રે; ભવદાવાનળ ભંજવાને, મેઘમાળી રે. શી૦ ૧. આશ્રવ રૂંધી એક બુદ્ધિ, આસન વાળી રે; ધ્યાન એહનું મનમાં ધરો, લેઇ તાળી રે. શી૦ ૨. કામને બાળી ક્રોધને ટાળી, રાગને રાળી રે; ઉદય પ્રભુનું ધ્યાન ધરતાં, નિત દીવાળી રે. શી. ૩.

( ૧૧ ) મૂરતિ જોતાં શ્રેયાંસની માહરૂં, મનડું મોહ્યું રે; ભાવે ભેટતાં ભવના દુઃખનું, ખાપણ ખોયું રે. મુ૦ ૧. નાથજીએ મહારી નેહની નજરે, સામું જોયું રે; મહિર લહી મહારાજની મેં તો, પાપ ધોયું રે. મુ૦ ૨. શુદ્ધ સમકિત રૂપ શિવનું, બીજ બોયું રે; ઉદયરત્ન પ્રભુ પામતાં ભાગ્ય, અધિક સોહ્યું રે. મુ૦ ૩.

——:૦:——

( ૧૨ ) જુઓ જુઓ રે જયાનંદ જોતાં, હર્ષ થયો રે; સુરગુરૂ પણ પાર ન પામે, ન જાય કહ્યો રે. જુ૦ ૧. ભવ-અટવીમાં ભમતાં બહુ. કાળ ગયો રે; કોઈ પુણ્ય કલોલથી અવસર, આજ લહ્યો રે. જુ૦ ૨. શ્રી વાસુપૂજ્યને વાંદતાં સઘળો, દુઃખ દહ્યો રે; ઉદયરત્ન પ્રભુ અંગીકરીને, બાંહિ ગ્રહો રે. જુ૦ ૩.

( ૧૩ ) વિમલ તાહરૂં રૂપ જોતાં, રઢ લાગી રે; દુઃખડાં ગયા વીસરી ને, ભૂખડી ભાંગી રે. વિ૦ ૧. કુમતિએ માહરી

કેડ તજી, સુમતિ જાગી રે; ક્રોધ માન માયા લોભે, શીખ માગી રે. વિ૦ ૨. પંચ વિષય વિકારનો હવે, થયો ત્યાગી રે; ઉદયરત્ન કહે આજથી હું તો, તાહરો રાગી રે. વિ૦ ૩.

(૧૪) અનંત તાહરા મુખડા ઉપર વારી જાઉં રે; મુગતની મુને મોજ દીજે, ગુણ ગાઉં રે. અ૦ ૧. એકરસો હું તલસું તુને, ધ્યાન ધ્યાઉં રે; તુજ મિલવાને કારણ તાહરો, દાસ થાઉં રે. અ૦ ૨. ભજન તાહરૂં ભવો ભવે, ચિતમાં ચાહું રે; ઉદયરત્ન પ્રભુ જો મિલે તો, છેડો સાહું રે. અ૦ ૩.

(૧૫) વારૂરે વાહલા વારૂ તું તોમેં, દિલ વાહી રે; મુજને મોહ લગાડ્યો પોતે, બેપરવાહી રે. વા૦ ૧. હવે હું હઠ લેઈ બેઠો, ચરણ સાહી રે; કેઈ પેરે મેલાવશો કહોને, દ્યો બતાઈ રે. વા૦ ૨. કોડ ગમે જો તુજશું પ્રભુ, કરૂં ગહિલાઈ રે; તો પણ તું પ્રભુ ધર્મધારી, લ્યો નિવાહી રે. વા૦ ૩. તું તાહરા અધિકાર સાહમું, જોને ચાહી રે; ઉદય પ્રભુ ગુનહીનને તારતાં, છે વડાઈ રે. વા૦ ૪.

(૧૬) પોસહમાં પારેવડો રાખ્યો, શરણ લેઈ રે; તન સાટે જીવાડ્યો અભય-દાન દેઈ રે. પો૦ ૧. અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે; તો મુજને પ્રભુ તારતાં કહો, એ વાર કેહી રે. પો૦ ૨. ગરીબનિવાજ તું ગિરૂઓ સાહિબ, શાંતિ સ્નેહી રે; ઉદયરત્ન પ્રભુ તુજશું બાંધી, પ્રીત અછેહી રે. પો૦ ૩.

(૧૭) વાઈવાઈરે અમરી વીણ વાજે, મૃદંગ રણકે રે; ઠમક પાય વિછુવા ઠમકે, ભેરી ભણકે રે. વા૦ ૧. ધમધમધમ ઘુઘરી

ઝમકે ઝાંઝરી ઝમકે રે; નૃત્ય કરતી દેવાંગના જાણે, [1]દામની દમકે રે. વા૦ ૨. ધોં ધોં ધોં દુંદુભિ વાજે, ચુડી ખલકે રે; કુદડી લેતાં ફુમતી ફરકે, ઝાલ ઝબુકે રે. વા૦ ૩. કુંથુ આગે ઇમ નાચ નાચે, ચાલને ચમકે રે; ઉદય પ્રભુ બોધબીજ આપો, ઢોલને ઢમકે રે. વા૦ ૪.

(૧૮) અરનાથ તાહરી આંખડીએ મુજ, કામણ કીધું રે; એક હેલામાં મનડું માહરૂં, હરી લીધું રે. અ૦ ૧. તુજ નયણે વયણે માહરે, અમૃત પીધું રે; જન્મ જરાનું જોર ભાગ્યું, કાજ સીધ્યું રે. અ૦ ૨. દુરગતિનાં સરવે દુઃખનું હવે દ્વાર દીધું રે; ઉદયરત્ન પ્રભુ શિવપંથનું મેં, સંબલ લીધું રે. અ૦ ૩.

(૧૯) તુજ સરીખો પ્રભુ તુંજ દીસે, જોતાં [2]ધરમાં રે; અવર દેવ કુણ એહવો બલિયો, હરિ હરમાં રે. તુ૦ ૧. તાહરા અંગનો લટકો મટકો, નારીનરમાં રે; મહીમંડલમાં કોઈ નાવે, માહરા [3]હરમાં રે. તુ૦ ૨. મલ્લિજિન આવીને માહરા, મનમંદિરમાં રે; ઉદય રત્ન પ્રભુ આવી વસો, તું નજરમાં રે. તુ૦ ૩.

(૨૦) મુનિસુવ્રત મહારાજ માહરા, મનનો વાસી રે; આશા દાસી કરીને થયો, તું ઉદાસી રે. મુ૦ ૧. મુગતિવિલાસી તું અવિનાસી, ભવની ફાંસી રે; ભંજીને ભગવંત થયો તું, સહજવિલાસી રે. મુ૦ ૨. ચૌદ રાજ પ્રમાણ લોકાલોક પ્રકાસી રે; ઉદયરત્ન પ્રભુ અંતરજામી, જયોતિવિકાસી રે. મુ૦ ૩.

---

૧ વીજળી ચમકે–ઝબુકે. ૨ પૃથ્વીમાં. ૩ જોવામાં.

(૨૧) નમિ નિરંજન નાથ નિર્મલ, ધરૂં ધ્યાને રે; સુંદર જેહનો રૂપ સોહે, સોવન વાને રે. ન૦ ૧. વેણ તાહરા હું સુણવા રસીયો, એક તાને રે; નેણ માહરાં રહ્યાં છે તરસી, નિરખવાને રે. ન૦ ૨. એક પલક જો રહસ્ય પામું, કોઈક થાને રે; હું તું અંતર મેલી મળું, અભેદ જ્ઞાને રે. ન૦ ૩. આઠ પહોર હું તુજ આરાધું, ગાવું ગાને રે; ઉદયરત્ન પ્રભુ નિહાલ કીજે, બોધિ દાને રે. ન૦ ૪.

(૨૨) બોલ બોલ રે પ્રીતમ મુજશું મેલી આંટો રે; પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે. બો૦ ૧. રાજેમતી કહે છોડ છબીલા, મનનો ગાંઠો રે; જિહાં ગાંઠો તિહાં રસ નહી જિમ, શેલડી સાંઠો રે. બો૦ ૨. નવ ભવનો મુને આપ નેમજી. નેહનો આંટો રે; ધોયો કિમ ધોવાય જાદવજી, પ્રીતનો છાંટો રે. બો૦ ૩. નેમ રાજુલ બે મુગતિ પહોચ્યા, વિરહ નાઠો રે; ઉદયરત્ન કહે આપને સ્વામિ ! ભવનો કાંઠો રે. બો૦ ૪.

(૨૩) ચાલ ચાલ કુમર ચાલ તાહરી, ચાલ ગમે રે; તુજ દીઠડા વિના મીઠડા માહરા. પ્રાણ ભમે રે. ચા૦ ૧. ખોળામાંહિ પડતું મેલે, રીસ દમે રે; માવડી વિના આવડું ખુંધું, કુણ ખમે રે. ચા૦ ૨. માતા વામા કહે મુખડું જોતાં, દુખડાં શમે રે; લળીલળી ઉદયરત્ન પ્રભુ, તુજને નમે રે. ચા૦ ૩.

(૨૪) આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે; હરિહરાદિક દેવહુંતી, તું છો ન્યારો રે. આ૦ ૧. અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે; હું નમું તુને ગમે મુને, સાથ તાહરો રે. આ૦ ૨. સાહીસાહી રે મીઠડાં હાથ માહરા, વૈરી વારો રે; ઘો ઘોરે દર્શન દેવ મુને, ઘેને લારો રે. આ૦ ૩. તું વિના ત્રિલોકમેં

કેહુનો, નથી ચારો રે; સંસાર [1]પારાવારનો સ્વામી ! આપને [2]આરો રે. આ૦ ૪. ઉદયરત્ન પ્રભુ જગમે જોતાં તું છે [3]તારો રે; તાર તાર રે મુને તાર તું, સંસાર [4]સારો રે. આ૦ ૫.

## ૮ કંઠાગ્રે કરવા યોગ્ય સઝાય–પદો

(૧) કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે; રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ॥ ૧ ॥ ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય; ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં ૦ ॥ ૨ ॥ સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ; શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ. કડવાં૦ ॥ ૩ ॥ આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે; જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. કડવાં૦ ॥ ૪ ॥ ક્રોધતણી ગતિ એહવી, કહે કેવલનાણી; હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ॥૫॥ ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી; કયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. કડવાં ૦॥૬॥

(૨) રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે; વિનય વિના વિદ્યા નહીં. તો કિમ સમકિત પાવે રે. રે૦ ॥૧॥ સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે; મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ॥ ૨ ॥ વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે; માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ॥ ૩ ॥ માન કર્યું જો રાવણે, તેને રામે

૧ સાગર. ૨ અંત–પાર–છેડો. ૩ તારનાર. ૪ સકળ ચારગતિ રૂપ

મારિયો રે; દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. ર૦ ॥ ૪ ॥ સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી ખોટો રે; ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. ર૦ ॥ ૫ ॥

(૩) સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત; સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત રે. પ્રાણી! મ કરીશ માયા લગાર ॥ ૧ ॥ મુખ મીઠો જુઠો મનેજી, કૂડ કપટનો રે કોટ; જીભે તો જીજી કરે જી, ચિતમાં તાકે ચોટ રે. પ્રાણી૦ ॥ ૨ ॥ આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ; મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસરે. પ્રાણી૦ ॥ ૩ ॥ જેહશું બાંધી પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ! મેલ ન છંડે મનતણોજી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ॥ ૪ ॥ તપ કીધો માયા કરી જી, મિત્ર શું રાખ્યો રે ભેદ; મલ્લિ જિનેશ્વર જાણજો જી, તો પામ્યા સ્ત્રી વેદ રે. પ્રાણી૦ ॥ ૫ ॥ ઉદયરત્ન કહે સાંભળો જી, મેલો માયાની બુદ્ધ; મુક્તિપુરી જાવાતણો જી, એ માર્ગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ॥ ૬ ॥

(૪) તુમે લક્ષણ જોજો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે; લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ધર પંથે સંચરે રે. તુમે૦ ॥ ૧ ॥ તજે લોભ તેહનાં લેઉં ભામણાં રે, વળી પાયે નમીને કરૂં ખામણાં રે; લોભે મરજાદા ન રહે કેહની રે, તુમે સંગત મેલો તેહની રે. તુમે૦ ॥ ૨ ॥ લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉંચ તે નીચું આદરે રે; લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન ઓસરે રે. તુમે૦ ॥ ૩ ॥ લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે; લોભે ન રહે પ્રીતિ ને પાવઠું રે, લોભે ધન મેળે બહુ એકઠું

રે. તુમે૦ ॥ ૪ ॥ લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતક નવી ગણે રે; તે તો દામતણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે મરી રે. તુમે૦ ॥ ૫ ॥ જોતાં લોભનો થોભ દીસે નહી રે, એવું સૂત્ર સિદ્ધાન્તે કહ્યું સહી રે; લોભે ચક્રી સુભૂમ નામે જુવો રે, તે તો સમુદ્રમાંહે ડુબી મુવો રે. તુમે૦ ॥ ૬ ॥ એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મશું મમતા મંડજો રે; કવિ ઉદયરત્ન ભાખે મુદા રે, વંદું લોભ તજે તેહને સદા રે. તુમે૦ ॥ ૭ ॥

(૫) અવધુ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધુ૦ સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ; અવિનાશીકે ઘરકી બાતાં, જાનેગે નર સોઈ. અવ૦ ॥ ૧ ॥ રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે; નારી નાગણીકો નહિ પરિચય, તે શિવમંદિર દેખે ॥ અવ૦ ॥ ૨ ॥ નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે; તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે ॥ અવ૦ ॥ ૩ ॥ ચંદ્રસમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા; અપ્રમત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ સુચિ ધીરા ॥ અવ૦ ॥ ૪ ॥ પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા; ચિદાનંદ ઈસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા ॥ અવ૦ ॥ ૫ ॥

(૬) લઘુતા મેરે મન માની, લઈ ગુરૂગમ જ્ઞાન નિશાની; ॥ લઘુ૦ ॥ મદ અષ્ટ જીનોંને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે; દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની ॥ લઘુ૦ ॥૧॥ શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બસ આવે; તારા ગણ લઘુતા ધારી, [1]સરભાનુભીતિ નિવારી. ॥લઘુ૦ ॥૨॥ છોટી અતિ [2]જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી; [3]કરટી મોટાઈ ધારે, તે દાર

૧ રાહુની બીક. ૨ કીડી. ૩ હાથી.

શીશ નિજ ડારે ॥ લઘુ૦ ॥ ૩ ॥ જબ બાલચંદ હોઈ આવે, તબ સહુ જગ દેખણ ધાવે; પૂનમ દિન બરા કહાવે, તબ ક્ષીણ-કળા હોઈ જાવે ॥ લઘુ૦ ॥ ૪ ॥ ગુરૂવાઇ મનમે વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે; અંગ માંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે ॥ લઘુ૦ ॥ ૫ ॥ શિશુ રાજધામમેં જાવે. સખી હિલમિલ[1]ગોદ ખીલાવે; હોય બરા જાન નવિ પાવે, જાવે તો શીશ કટાવે ॥ લઘુ૦ ॥ ૬ ॥ અંતર મદ ભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે; ઈમ ચિદાનંદ એ ગાવે, રહણી બિરલા કોઉ પાવે ॥ લઘુ૦ ॥ ૭ ॥

(૭) કથણી કથે સહુ કોઈ, રહણી અતિ દુર્લભ હોઈ ॥ કથ૦ ॥ શુક રામકો નામ વખાણે, નવિ પરમારથ તસ જાણે; યાવિધ ભણી વેદ સુણાવે, પણ અકલ કલા નવિ પાવે ॥ કથ૦ ॥ ૧ ॥ ષટ્ત્રીશ પ્રકાર રસોઈ, મુખ ગણતાં તૃપ્તિ ન હોઈ; શિશુ નામ નાહીં તસ લેવે, રસ સ્વાદત સુખ અતિ બેવે ॥ કથ૦ ॥ ૨ ॥ બંદીજન કડખા ગાવે, સુણી શૂરા શીશ કટાવે; જબ રૂંઢમુંઢતા ભાસે. સહુ આગળ ચારણ નાસે ॥ કથ૦ ॥ ૩ ॥ કથણી તો જગત મજૂરી, રહણી હે બંદી હજૂરી; કથણી સાકર સમ મીઠી, રહણી અતિ લાગે અનીઠી ॥ કથ૦ ॥ ૪ ॥ જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતી આવે; અબ ચિદાનંદ ઈમ જોઈ, રહણીકી સેજ રહે સોઈ ॥ કથ૦ ॥ ૫ ॥

(૮) વિરથા જનમ ગમાયો, મૂરખ વિર૦ રંચક સુખરસ વશ હોય ચેતન, અપનો મૂલ નસાયો; પાંચ મિથ્યાત્વ ધાર તું અજહું, સાચ ભેદ નવિ પાયો. મૂ૦ ॥ ૧ ॥ કનક કામિની અરૂ એહથી, નેહ નિરંતર લાયો; તાહુથી તું ફિરત સોરાનો, કનકબીજ માનુ

1 ખોળે રમાડે.

આયો. મૂ૦ ॥ ૨ ॥ જનમ જરા મરણાદિક દુઃખમેં, કાળ અનંત ગમાયો; અરહટ ઘટિકા જિમ કહો યાકો, અંત અજહું નવી આયો. મૂ૦ ॥ ૩ ॥ ॥ લખ ચોરાશી પહેર્યા ચોલના, નવ નવ રૂપ બનાયો; બિન સમકિત સુધારસ ચાખ્યા, ગિણુતિ કોઉ ન ગિણાયો. મૂ૦ ॥ ૪ ॥ એતી પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત્ત આયો; ચિદાનંદ તે તત્ત્વ જગતમેં, જિણે પ્રભુશું મન લાયો. મૂ૦ ॥ ૫ ॥

(૯) પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયા રે. પૂ૦ એ આંકણી. દીનાનાથ દયાલ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા રે; દશ દૃષ્ટાંતે દોહિલા નરભવ, ઉત્તરાધ્યયને ગાયા રે. પૂ૦ ॥૧॥ અવસર પાય વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા રે; કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયા રે. પૂ૦ ॥ ૨ ॥ નદી ઘોલ પાષાણ ન્યાય કર, અર્દ્ધ વાટ તો આયા રે; અર્દ્ધ સુગમ આગલ રહી તિનકું, જિને કછુ મોહ ઘટાયા રે. પૂ૦ ॥ ૩ ॥ ચેતન ચાર ગતિમેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે; કરત કામના સુર પણ યાકી, જિનકું અનર્ગલ માયા રે. પૂ૦ ॥ ૪ ॥ રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણ સહુ યામેં સમાયા રે; મહિમા મુખથી વરણત જાકી, સુરપતિ મન શંકાયા રે. પૂ૦ ॥ ૫ ॥ કલ્પવૃક્ષ સમ સંયમ કેરી, અતિ શીતલ જિહાં છાયા રે. ચરણ કરણ ગુણ ધરણ મહામુનિ, મધુકર મન લોભાયા રે. પૂ૦ ॥ ૬ ॥ યા તન વિણ તિહું કાળ કહો કિને, સાચા સુખ નિપજાયા રે; અવસર પાય ન ચૂક ચિદાનંદ, સદ્ગુરૂ યું દરસાયા રે. પૂ૦ ॥ ૭ ॥

(૧૦) અનુભવ અમૃતવાણી હો પાસ જિન અ૦ સુરપતિ ભયો જે નાગ શ્રીમુખથી, તે વાણી ચિત્ત આણી હો ॥ પા૦ ॥ ૧ ॥ સ્યાદવાદ મુદ્રા મુદ્રિત શુચિ, જિમ [1]સુરસરિતા–

---

૧ ગંગાજળ.

પાણી; અંતર મિથ્યાભાવલતા જે, છેદન તાસ ૧કૃપાણી હો ॥ પા૦ ॥ ॥ ૨ ॥ અહોનિશ નાથ અસંખ્ય મળ્યા તિમ, તિરછે અચરિજ એહી; લોકાલોક પ્રકાશ અંશ જસ, તસ ઉપમા કહો કેહી હો ॥ પા૦ ॥ ૩ ॥ વિરહ વિયોગહરણી એ દંતી, સંધીએ વેગ મિલાવે; યાકી અનેક અવંચકતાથી, આણાભિમુખ કહાવે હો ॥ પા૦ ॥ ૪ ॥ અક્ષર એક અનંત અંશ જિહાં, લેપ રહિત સુખ ભાખો, તાસ ક્ષયોપશમ ભાવ વધ્યાથી, શુદ્ધ વચન રસ ચાખો હો ॥ પા૦ ॥ ચાખ્યાથી મન તૃપ્ત થયું નવિ, શામાટે લોભાવો ?; કર કરૂણા કરૂણારસ સાગર, પેટ ભરી તે પાવો હો ॥ પા૦ ॥ ૬ ॥ એ લવલેશ લહ્યા વિણ સાહિબ, અશુભ પુગલગતિ ધારી; ચિદાનંદ વામાસુત તારી, વાણીની બલિહારી હો ॥ પા૦ ॥ ૭ ॥

(૧૧) આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમશું લય લાવે ॥ આ૦ ॥ સુણકે શબ્દ કીટ ભૃંગીકો, નિજ તનમનકી શુદ્ધ બિસરાવે; દેખહુ પ્રગટ ધ્યાનકી મહિમા, સોઈ કીટ ભૃંગી હો જાવે ॥ આ૦ ॥૧॥ કુસુમસંગ તિલ તેલ દેખ પુનિ, હોય સુગંધ ફુલેલ કહાવે; ૨શુક્તિગર્ભગત સ્વાતિઉદક હોય, મુકતાફલ અતિ દામ ધરાવે ॥ આ૦ ॥ ॥ ૨ ॥ પુન ૩પિચુમંદ પલાશાદિકમેં, ચંદનતા જયું સુગંધથી આવે; ગંગામેં જલ આય આયકે, ગંગોદકકી મહિમા ભાવે. ॥ આ૦ ॥ ॥ ૩ ॥ પારસકો પરસંગ પાય પુનિ, લોહા કનક સ્વરૂપ લિખાવે; ધ્યાતા ધ્યાન ધરત ચિત્તમેં ઇમ, ધ્યેયરૂપમેં જાય સમાવે ॥ આ૦ ॥ ॥ ૪ ॥ ભજ સમતા મમતાકું તજ જન, શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે; ચિદાનંદ ચિત્ત પ્રેમ મગન ભયા, દુવિધા ભાવ સકળ મિટ જાવે ॥ આ૦ ॥ ૫ ॥ સમાપ્તેયં તત્ત્વજ્ઞાનમાલા.

---

૧ તલવાર. ૨ છીપ મધ્યે ગયેલું. ૩ લીંબડા ને ખાખરા.

## સર્જન-શ્રાવક કોણ કહેવાય ?

સુખ દુઃખના વખતમાં, ધીરજ ધારે જેહ;
અડતીમાં જે નવ છકે, સજજન માનો તેહ. ૧
ભુંડું ન ચાહે કોઈનું, ભુંડું ન બોલે જેહ;
ભુંડું ન કરે કર્મ જે, સજજન માનો તેહ. ૨
કલેશ કષાય કરે નહીં, વેર ન રાખે જેહ;
અવગુણ ઉપર ગુણ કરે, સજજન માનો તેહ. ૩
બોલ વિચારી જે વદે, બોલ્યું પાળે જેહ;
ગરીબનું રક્ષણ કરે, સજજન માનો તેહ. ૪
વિશ્વાસુને નહીં ઠગે, જે ગુણચોર ન થાય;
નિંદા ન કરે પારકી, તે સજજન કહેવાય. ૫
પરગુણ બોલે પ્રેમથી, ન કરે આપ વડાઈ;
ગુણગ્રાહી સૌ વાતમાં, તે સજજન કહેવાય. ૬
કપટકળા જે નવ કરે, ન કરે જે અન્યાય;
સાચે રાચે જે સદા, તે સજજન કહેવાય. ૭
પર દુઃખ દાઝ દીલે ધરે, પરહિત કરી હરખાય;
ગુરૂજનને દે માન જે, તે સજજન કહેવાય. ૮
સજજન સંત ને સત્પુરુષ, છે એકાર્થી નામ;
સજજનનાં લક્ષણ થકી, દુર્જન દૂર તમામ. ૯
શાસ્ત્ર સાંભળી ગુરૂ કને, અર્થ વિચારે જેહ;
બુદ્ધિ વધારે આપણી, શ્રાવક જાણો તેહ. ૧૦
સુણતાં પૂરા ધ્યાનથી, તત્વ વિચારે જેહ;
જ્ઞાનકાજ ધન વાવરે, શ્રાવક જાણો તેહ. ૧૧

